ચંદ્રમણિ પ્રકાશન

કિંમત ₹ ૨૦

# મમતા

વર્ષ: ૧, અંક: ૭, ૨૦૧૨

વાર્તામાસિક

આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક





"મમતા"નો આ અંક વાર્તાપ્રેમીઓના હાથમાં આવશે તે દિવસોમાં આપણી ભાષાના અનન્ય વાર્તાકાર, ૧૯૮૫માં જ્ઞાનપીઠ એવોર્ડથી વિભૂષિત સારસ્વત પન્નાલાલ પટેલ (૧૭ મે, ૧૯૧૨ - ૬ એપ્રિલ, ૧૯૮૯)ની ૧૦૦મી જન્મજયંતીનું વર્ષ શરૂ થઈ ચૂક્યું હશે. 'અતીતરાગ'માં પન્નાલાલ પટેલની વાર્તા અને પરિચય - પૃષ્ઠ ૪, રજૂઆત : રજનીકુમાર પંડ્યા

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક

## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર

પહેલાંના જમાનામાં કહેવાતું કે દીકરો તો ઊકરડેથી ઉઠાડીને પરણાવી દેવાય, પરંતુ ખરેખર પરણવા જતી વખતે વરરાજા સાફો પહેરે છે, ને કન્યા રેશમ ને ઝવેરાતથી દીપે છે. સીધું ઊકરડેથી ઊઠીને કોઈ ચોરીના ફેરા ફરતું નથી. કેમ કે લગ્નપ્રસંગની ગરિમા અને પરણનારની આત્મછબી તેમને સુઘડ બનીને પ્રભુતામાં પગલાં માંડવા પ્રેરે છે. સભા સમારંભોમાં કોઈ જાંગિયો પહેરીને માઇક ઉપર આવતું નથી. કોઈને ત્યાં જમવા જવામાં સદગૃહસ્થો ને સન્નારીઓ ઈસ્ત્રીબંધ કપડાં અને ટાપટીપનો આગ્રહ રાખે છે, ફાળિયું પહેરીને કે ટુવાલ વીંટીને કોઈ પાર્ટીમાં જતું નથી.

પરંતુ વાર્તા લખતી વખતે લેખકો કહે છે કે અમે હાથે લખીએ, ગરબડિયું લખીએ, જોડણીની પરવા ન કરીએ, તો બી તમે ધરાર વાંચો, ને બસ છાપો. પરદેશમાં તો છે જ છે; હવે કદાચ ભારતની બીજી ભાષાઓમાં પણ નિયમ હશે; કે અમુક સાઇઝના કાગળ ઉપર ડબલ સ્પેસમાં ટાઇપ કરેલું લખાણ જ સ્વીકારાશે. જેમ કપડાં પહેરીને જમવા આવજો એમ કહેવાની કોઈ જરૂર જોતું નથી તેમ સાચી જોડણી જ સ્વીકારાશે તે તો લખવાની પણ કોઈ જરૂર જોતું નથી. પણ ગુજરાતના લેખકો કહે છે કે ટાઇપ કરાવવાનો ખરચ અમને ન પોસાય, ને પોસાય તો ટાઇપનું પ્રૂફ જોવું વગેરેની ઝંઝટનો ટાઇમ અમારી પાસે ન હોય અને એ લોકો માની લે છે કે સંપાદક પાસે એવો બધો ટાઇમ હોય. અને મનોમન માનતા હોય છે કે ટાઇપની ને જોડણીની માથાફોડી કરનારાં વેદિયાં છે.

'મમતા'ના સંપાદક ભારત રહેતા નથી. એટલે ભારતના સરનામે મોકલેલાં રત્નોનાં પાને પાનાં કોઈ ભાઈ કે ભાણેજ કે ભત્રીજી સ્કેન કરીને સંપાદકને ઈમેઇલ કરે ત્યારે પ્રાપ્ત થાય છે. તેવાં સ્કેન કરેલાં લખાણમાં સુધારા-વધારા કરવા કઠણ હોય છે; ઈમેઇલથી મોકલેલી કૃતિઓ સંપાદકને તાત્કાલિક મળી જાય છે, ને તે રીતે સ્ક્રીન ઉપર સુધારી શકાય એવી રચના સૌથી પહેલાં હાથ પર લેવાય છે. ગુજરાતી ભાષાની સાચી જોડણીની પિપૂડી વગાડનાર સંપાદક પાસે દરેક હસ્તપ્રતને ફરીથી લખીને સુધારવાનો સમય, કાર્યકર કે વેતનનાં નાણાં નથી. અતઃ આસમાની અને સુલતાની કારણે 'મમતા'માં છપાતી બેશુમાર ભૂલો સંપાદકને ભાલાની જેમ વીંધે છે. લેખકો જોડણી પ્રત્યે સભાન થાય તે હેતુથી આ વખતે મોટા ટાઇપમાં ગર્જના એ કરવાની છે **સુઘડ જોડણીવાળા લેખકને બીજા કરતાં વધુ પુરસ્કાર અપાશે.**

લવાજમ વિશે ફરિયાદ કરનારાં સ્પષ્ટ લખે છે કે તેમણે માગીને 'મમતા' વાંચ્યું છે, ખરીદીને નહીં. 'મમતા' પાસે સવેતન કર્મચારીઓનો રસાલો નથી કે તેનો ઉદ્દેશ વેપારી નથી. 'મમતા'નું સંચાલન ટાઇમ, ચિત્રલેખા કે અભિયાન જેવી વેપારી પેઢીઓ દ્વારા થતું નથી. એનો ઉદ્દેશ છે, નવા વાર્તાકારોને મંચ મળે, અને ભાષાની ગરિમા વિશે પ્રત્યે લેખકો ને વાચકો સભાન થાય. કુદરત કરશે તો આ સાહસ ધીમે ધીમે સ્થિર થશે અને મહાજને ધીરેલી રકમ ખૂટે તે પહેલાં 'મમતા' પગભર થશે. 'મમતા'ની સામગ્રી કાલાધીન નથી, સમયબદ્ધ નથી તેથી સનાતન છે. એટલે પ્રબંધની સુવિધા માટે હવે પછી 'મમતા'નું લવાજમ જાન્યુઆરીથી ડિસેમ્બરનું નોંધાશે; અર્થાત **હવે પછી દરેક ગ્રાહકને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના ૧૨ અંકો પ્રાપ્ત થશે.**

આવતો અંક, જૂન ૨૦૧૨નો આઠમો અંક, લેખિકા વિશેષાંક હશે. તે પછી ક્રમે ક્રમે એનઆરઆઈ વિશેષાંક, યુવા વિશેષાંક અને વિવિધ ભારતી વિશેષાંક પ્રસ્તુત કરવાની ઉમેદ છે. વાચકો, લેખકો અને વિજ્ઞાપકોના સહકારની અપેક્ષા છે. આ અંકમાં પરદેશના ગ્રાહકોના ફોર્મની જગ્યા બચી નથી તેથી અહીં મોટા અક્ષરે જણાવવાનું કે **પરદેશના ગ્રાહકો ૩૦નો ચેક અને નામ સરનામું, ફોન તથા ઈમેઇલની વિગતો "chicago art circle", 1468 sandburgdr, schaumburg, illinois 60173ને મોકલીને ૧૨ અંકના ગ્રાહક બની શકે છે.**

-મધુ રાય

# નિયમાવલિ

- 'મમતા' દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- 'મમતા' કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા છે.
- 'મમતા' આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- **'મમતા'માં કમ્પ્યૂટર ઉપર લેટર સાઈઝ કે એ-ફોર સાઈઝના કાગળ ઉપર ટાઈપ કરેલી, ઈ-મેઈલથી** mamatamonthly@gmail.com (sub: story for mamata) **મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઈમેઈલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઈમેઈલથી જણાવાશે.**
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઈપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- 'મમતા' માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- વાર્તાની સાથે એ કૃતિ પૂર્વે કોઈ પ્રકાશનમાં, ઇન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઈ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઈ-મેઈલ આઈડી મોકલવાં.
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિપત્ર અને સરનામું, ફોન નંબર તથા ઈ-મેઈલ આઈડી મોકલવાં અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ ઇચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- 'મમતા'નું (૧૨ અંક) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ 'મમતા વાર્તામાસિક'ના નામે રીડર્સ પેરેડાઇઝના સરનામે મોકલવો. અન્ય સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- **કોઈ પણ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. લવાજમ મોકલવાનું, અંક ન મળ્યાની કે રવાનગી બાબત કોઈ પણ ફરિયાદ કરવાનું સરનામું,** mamatacirculation gmail.com **અથવા 'મમતા' કાર્યાલય ૯૭૭/૨ સેક્ટર ૭-સી, ગાંધીનગર ૩૮૨-૦૦૭** સંપાદકીય પત્રવહેવાર માટે ઈ-મેઈલ mamatamonthly@hotmail.com

# અનુક્રમ


**૦૩ • પંખીનો મેળો**

**૦૪ • પન્નાલાલ પટેલ / અતીતરાગ**

**૦૭ • રમેશ રોશિયા / અંધારું-અજવાળું**

**૧૧ • દિલીપ ગણાત્રા / ખિચ્ચાનો રૂપિયો**

**૧૫ • વિપુલ ઠક્કર / નટી**

**૧૯ • રજની પી. શાહ / ટાઇમ શેર**

**૨૩ • ચંદુલાલ ભોજક / ઓરતામાં આગ**

**૨૭ • અર્જુનસિંહ કે. રાઉલજી / બબલી**

**૩૦ • નલિન જોશી / પુરુષ**

**૩૪ • કૃષ્ણપ્રસાદ મિશ્રા / પરપ્રાન્તીય વાર્તા**

**૩૭ • રોજર ડીન કૈઝર / પરદેશી વાર્તા**

**૩૯ • આઇઝેક સિંગર / રાગ વિશ્વરંજની**



**પ્રચાર** મણિલાલ રાજપૂત

**વિજ્ઞાપન અને રવાનગી** કે. એ. વૈદ્ય

**કમ્પોઝ, ડિઝાઇન અને લે-આઉટ** 'આર્ટ મણિ'

રીટા ડાંગોદરા, રીટા મહેતા, સોનાલી પ્રજાપતિ
એફ એફ/૧૩ મૂર્દ્ધન્ય કોમ્પલેક્સ, સુપર સોસાયટીની સામે,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ ફોન : ૯૪૨૬૪ ૧૮૫૧૦

**રેખાંકન** પાનાચંદ લુણેચિયા

**મુદ્રણ સ્થાન** એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ.
૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર
અમદાવાદ: ૩૮૦૦૨૧ ફોન: ૨૨૯૪ ૧૧૫૦

**પ્રબંધ** બિપિન શાહ, રીડર્સ પેરેડાઇઝ, અમદાવાદ

# પંખીનો મેળો

'મમતા' એકી બેઠકે વાંચવાનું મન થાય તેવું છે. ચાંદની, આરામ, અંજલિ, દૃષ્ટિ, સવિતા, પાનેતર યાદ આવી ગયાં. આજે ફરી વાર્તામાસિક બજારમાં મૂકવાની હિંમત માટે અભિનંદન. 'મમતા' એની કિંમતના પ્રમાણમાં દુબળું છે. વધુ સામગ્રી અથવા ઓછી કિંમતના વિકલ્પ સ્વીકારવા રહ્યા. વધુ જાહેરાતો પણ છાપી શકાય. નવોદિતો માટેનો આ પ્રયત્ન જરૂર સફળ થશે. સામાન્ય લેખકો માટે વાર્તા ટાઈપ કે કમ્પ્યૂટર ટાઈપનો આગ્રહ વધુ પડતો ગણાય. અમેરિકા મોકલવાનો ખર્ચ થતો હોય તો એ બધો વાચક ઉપર જ કેમ? અને બને તો જૂના લબ્ધપ્રતિષ્ઠિત લેખક, જેમ કે રા.વિ. પાઠકની વાર્તા મૂકી છે તેના બદલે નવા લેખકની વાર્તા મૂકી શકાય.

**યજ્ઞદત્ત શર્મા, રાજકોટ**

જન્મભૂમિના શબ્દવેધમાં 'મમતા' વિશે વાંચ્યું. અત્યારે ઈન્ટરનેટ, ટીવી, મોબાઈલ વગેરેના આક્રમણ સામે ગુજરાતી વાર્તાને પ્રોત્સાહન આપવા માટેનો આ પ્રયત્ન કોઈ લેખક કે શાહુકાર કરે, જેમ કે રજનીકુમાર પંડ્યા, મહેન્દ્ર મેઘાણી, જનક નાયક વગેરે કરી રહ્યા છે તે વખાણવાલાયક છે. આજની પેઢીને આ બધું ગમતું નથી. મને પોતાને વાંચનનો ખૂબ જ શોખ છે અને અહીં અમો એકબીજાને પુસ્તક, માસિક, લેખો વગેરેની આપ-લે કરીએ છીએ. આપ કોઈ સાહિત્ય મોકલવા કૃપા કરશો.

**ચંદ્રકાન્ત ઓઝા, વિરાર વેસ્ટ, મુંબઈ**

મને મારા પાડોશી પાસેથી 'મમતા'નો ફેબ્રુઆરી અંક વાંચવા મળ્યો. પ્રામાણિકપણે કહું તો કોઈ પણ મેગેઝિન ફક્ત લવાજમ ઉપર ચાલી શકે નહીં. લવાજમની સાથે જાહેરાતોની ખાસ જરૂર છે. આપ ગાંધીનગરમાં છો તો સૌથી પહેલાં ગુજરાત સરકારની જાહેરાત મેળવવાની કોશિશ કરો. નિરમાવાળા કરસનભાઈને મળશો તો તે પણ આપશે. આ રીતે ઓછામાં ઓછી ૧૦ પાનાંની જાહેરાત ઊભી કરો તો મૅગઝીનને સધ્ધર બનાવી શકશો. શક્ય હોય તો મને એક નકલ મોકલશો. મારી સમજ મુજબ સૂચનો મોકલીશ.

**શિવજી નાંગલપુરવાળા, મુંબઈ**

'મમતા' નિર્દય ક્રૂરતા વિશે ખાસ જણાવવાનું કે કોઈ મહાજનના અનુદાનથી શરૂ કરેલું 'મમતા' જેવું વાર્તામાસિક શરૂ કરીને નવોદિતોને પ્રોત્સાહિત કરવાની યોજના મૂકી ત્યાં સુધી તો બધું બરાબર હતું, અંકોની સામગ્રી પણ ઠીક ઠીક વાંચનક્ષમ, પછી તો ભાઈ પસંદ અપની અપની (પ્રવેશાંકમાં રઘુવીર ચૌધરી તો જોઈએ જ!). પરંતુ ત્રીજા અંકથી જ વાર્ષિક લવાજમમાં ૩૩.૩૩%નો ધરખમ વધારો કરી વાચકોની સાથે દ્રોહ જ કર્યો ગણાય. 'મમતા' બેનરજી અને લાલુ યાદવે વર્ષો સુધી રેલવેનાં ભાડાં નહોતાં વધાર્યાં ત્યારે 'મમતા'ના તંત્રીએ બીજા અંકે એમનું અર્થકારણ કામે લગાડી દીધું છે! બીજી એક વાત, જ્યારે માણસની આંગળીઓ લખવાનું જ વીસરી રહી છે, હસ્તાક્ષર દુર્લભ બની રહ્યા છે ત્યારે હસ્તાક્ષરમાં સુવાચ્ય રીતે લખાયેલી કૃતિઓને પ્રાયોરિટી આપવાને બદલે કમ્પ્યૂટરટંકિત કૃતિઓને આપવાથી અમારા જેવા ગરીબ લેખકો તો હાંસિયે જ ધકેલાઈ જવાના! આ જુલમ નથી તો બીજું શું છે? અને હસ્તલિખિત પ્રતિભાવોને પણ હાંસિયે જ ધકેલવાના કે? અને ચિત્રો આટલાં બેહૂદાં કેમ?

**કેશુભાઈ દેસાઈ, ગાંધીનગર**

'મમતા' વાર્તામાસિક બદલ અભિનંદન. 'કસ્તુરી' નામનું માસિક હું પણ ચલાવું છું. એ કોપી અલગથી મોકલી છે. સેમ્પલ કોપી મોકલશો તો આનંદ થશે.

**રમણભાઈ વોરા, કાંદિવલી વેસ્ટ, મુંબઈ**

વાર્તાસ્પર્ધાનું પરિણામ ઇ-મેઈલથી જણાવવા બદલ આભાર. મેં પણ સ્પર્ધામાં ભાગ લીધેલો. વિજેતા વાર્તાઓ વાંચવા મળે તો મને પ્રેરણા મળશે.

**ભરત મહેતા**

bharat@aquaticremedies.net

'મમતા'નો વાર્તા સ્પર્ધાનું પરિણામ જાહેર કરતો અંક મળ્યો. બધાં ઈનામો ત્રણ-ત્રણ કે ચાર સ્પર્ધકોમાં વહેંચાયાં તે સારું થયું નથી. કોઈ સારી વાર્તાને અન્યાય ન થાય. હું પણ એક સ્પર્ધક હતો. પરિણામોના કોઈ માપદંડ નથી હોતા, નિર્ણાયકોની રુચિ અને ઢાળ ઉપર આધાર હોય છે. આવતા અંકોમાં વિજેતા વાર્તાઓ જોવી ગમશે. મારા વડીલમિત્રો શ્રી સુમંત રાવળ અને ગિરીશ ભટ્ટની વાર્તાઓ હૃદયસ્પર્શી હતી. આગામી અંકોમાં જેમની વાર્તાઓ લેવાની હોય તેમને અગાઉથી જણાવશો તો ઉત્સાહ વધશે.

**નટવર ટાંક, જૂનાગઢ**

આપણે ત્યાં અનેક નવોદિત વાર્તાકારો છે. તેમની પાસે ઉમદા વિચારો છે, પણ તેમને પ્રોત્સાહન મળતું નથી. 'મમતા' વાર્તામાસિકની સ્પર્ધા દ્વારા નવોદિતોને ઉત્સાહ મળ્યો છે. માર્ચ અંકમાં સુમન શાહની વાર્તા 'રેવતી' ગમી. 'રેવતી'ને મધ્યમાં રાખીને પાત્રને યોગ્ય ન્યાય અપાયો છે.

**ઘનશ્યામભાઈ એચ.ભરૂચા**
**લોઅર પરેલ વેસ્ટ, મુંબઈ**

ફેબ્રુઆરીનું મુખપૃષ્ઠ સરસ છે. ચાની ચાહના ક્યાં ક્યાં સુધી પહોંચે છે! ચાંદનીમાં ચંદરવો વિભાગમાં લેખકો લાકડાંની તલવાર લઈને પટાંગણમાં ઊતરતા. 'મમતા'માં પણ એવું કાંઈક રાખો.


**મહેન્દ્ર દવે, અમદાવાદ**

**તમેય લખો ને?**

***તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોના પત્રો બને તો ઈ-મેઈલથી (sub: pankhino melo) મોકલવા. અથવા ટપાલનું સરનામું 'મમતા' વાર્તામાસિક, કેર ઓફ રીડર્સ પેરેડાઈઝ, ૬, ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨.***

# પન્નાલાલ પટેલ/અતીતરાગ

# આંટી



૧૭-૫-૧૯૧૨ના રોજ રાજસ્થાનની સરહદને અડીને આવેલા પચ્ચાસ ખોરડાંના ગામ માંડલીમાં જન્મીને પન્નાલાલ ૬-૪-૮૯ના રોજ સત્તોતેર વર્ષે દેહાવસાન પામ્યા. તેમણે વિશ્વસાહિત્યમાં સ્થાન પામે તેવી નવલિકાઓ અને નવલકથાઓ, કેટલાંક નાટકો, બાળસાહિત્ય અને ચિંતન સાહિત્યનું પોતાના પર કોઈનીય છાયા વગરનું પ્રદાન કરીને ગુજરાતી સાહિત્યને દીપ્તિમાન કરી દીધું. તેમની કૃતિઓ મુખ્યત્વે ગ્રામ્ય પરિવેશ, સરળ બાની અને માનવજીવનનું કારમું સત્ય અવતારી બતાવે છે. તેમણે માત્ર નીચલા સ્તરનાં પાત્રોના આનંદ-ઉલ્લાસ અને યાતનાઓનું જ આલેખન કર્યું હોય એવું નથી. અહીં પ્રસ્તુત વાર્તા "આંટી"માં એક બ્રાહ્મણ પરિવારના બે ભાઈઓના સંપ છતાં કોઈક સ્થળે ટકરાઈને ચિનગારી પ્રગટાવી જતા સૂક્ષ્મ અને સુષુપ્ત મનોપ્રવાહોનું આલેખન છે.

**વાર્તા સંકલન અને પરિચય**
**રજનીકુમાર પંડ્યા**
**મો. ૦૯૮૯૮૦ ૧૫૫૪૫**
**rajnikumarp@gmail.com**

ગામમાં જ્યારે વાત ફેલાઈ કે આફ્રિકાવાળા ઈચ્છાશંકર એમના મોટાભાઈ મૂળશંકરથી ભાગ વહેંચે છે ત્યારે, પચ્ચીસ હજારની વસ્તીમાં ભાગ્યે જ કોઈ એવું હશે જેણે આ વાત માની. કારણ કે ઈચ્છાશંકર એ ઘણા મોટા દિલનો માણસ સાબિત થઈ ચૂક્યો હતો, જ્યારે મૂળશંકર કોઈ કાળેય પરખાય નહિ એવો પાવરધો ને હોંશિયાર લેખાતો હતો.

ઈચ્છાશંકરના વીસ વરસના પરદેશ વસવાટ દરમિયાન ઘણાં લોકોએ એને કાગળથી, તો વળી રજાઓ ઉપર આવતો ત્યારે મોઢામોઢ અનેક વાર કહ્યું હતું, 'મૂળશંકર સ્વાર્થી છે માટે તું જુદું વહેંચી નાખ. શા માટે એને અહીં ઘરબેઠે ભાગનો ધણી બનાવવો? અહીં એ જમીન-જગ્યાની દેખરેખ રાખવાનો બોજો નહિ ઉપાડે તોય એમાંથી તને મળી પણ શું જવાનું છે? અલ્યા, 'તારું મારું સહિયારું ને મારું મારું આગવું.' એવું થશે હોં? તારી કમાણીમાંથી ભાગ ને અહીંની આવક ઘાલશે પૂંછડાં નીચે.'

આનો અર્થ એમ નથી કે માત્ર વાતો કરીને જ લોકો-સંબંધીઓ વેગળાં રહ્યાં હતાં. અરે, કોઈ કોઈએ તો મૂળશંકરના સ્વાર્થના પુરાવા પણ એની આગળ રજૂ કર્યા હતા. શું ત્યારે! ઊંધે માથે પડને ઊંડા ધરામાં.

ઈચ્છાશંકરે ઘણી લીલીસૂકી જોઈ હતી. આફ્રિકા ગયો ત્યારે માત્ર એક લોટો ને શેઠની રસોઈ કરતાં બદલવા માટે અબોટિયું જ પાસે હતું. પરંતુ લક્ષ્મી રીઝે છે ત્યારે વાતવાતમાં વારી જાય છે. ઈચ્છાશંકરે નોકરી છોડીને નાનીશી દુકાન માંડી...ને અત્યારે તો એની પેઢીઓ નાગરવેલની જેમ આખાય આફ્રિકામાં પથરાઈ રહી છે. અહીં વતનમાં પણ જમીન, મકાનો તથા શૅર વગેરેમાં ઘણું રોકાણ છે. પરંતુ નવાઈની વાત તો એ છે કે ઈચ્છાશંકરનો મોહ જેમ જેમ મિલકત વધતી જાય છે તેમ તેમ એ તરફ વધવાને બદલે ઊતરતો જાય છે... માટે જ એણે અત્યાર સુધી મોટાભાઈને પણ ઘણી જ મિલકતમાં ભાગીદાર ગણ્યા હતા ને રાખ્યા હતા. એ સારી પેઠે જાણતો હતો કે 'માણસનો જીવ લાલચુ, લોભી ને સ્વાર્થી હોય છે, પરંતુ મોટાભાઈને શાની કમી છે કે મારાથી બાદલું રાખે. બહુ બહુ તો લોકો કે' છે એમ એમના સાસરી પક્ષને પાંચસો-હજારની મદદ કરતા હશે એ જ ને?... અથવા તો એમની છોકરીઓ માટે થોડાક દાગીના ઘડાવ્યા હશે કે...' અને એ પોતે જ આવી ઝીણી બાબત ઉપર હસી રહેતો છેલ્લે ઉમેરતો, 'પણ લોકોને શી ખબર કે ભાઈના છોકરા એ મારા જ ભત્રીજા છે ને ભાઈના સંબંધી એ મારા પણ સંબંધી છે... આપણી કમાણીથી કોઈનું દુઃખ હળવું થતું હોય તો એટલું વળી કમાયું લેખે લાગ્યું...'

ત્યાં તો ધડીંબ દેતાકને એક સવારે બૉમ્બ ફૂટ્યો : 'ઈચ્છાશંકર ને મૂળશંકર આજે ભાગ વહેંચે છે!'

આખુંય ગામ અને જ્ઞાતિ તો ખાસ ઊંચું-નીચું થઈ ઊઠ્યું. છૂપીછૂપી કશાક કામના


બહાના ઓઠે ઇચ્છાશંકરની ખડકીમાં લોકોની અવરજવર પણ વધી પડી. ને પછી તો ખડકી બહાર ફળિયામાં, ચકલામાં, બજારમાં એમ બધે જ પાંચ-સાતનાં ઝૂમખે મળી લોકો આ અવનવા બનાવની મીઠાશ માણી રહ્યાં. ભવિષ્યવેત્તા તો એટલા બધા ફાટી નીકળ્યા હતા કે કોઈ કોઈના ભવિષ્ય માટે હકાર જ નહોતો ભણતો. એક કહેતો, 'હું તો જાણતો જ હતો.' જ્યારે બીજો તો, 'હું તો પોક પાડીને કે'તો'તો કે જોજો પાપનો ઘડો-'

પણ કોઈનેય ખબર ન હતી કે શું પાપ હતું ને કેવડો મોટો ઘડો હતો; ને તે કોનાથી કેવી રીતે ફૂટ્યો! ખુદ ઇચ્છાશંકરની પત્ની કે મૂળશંકરની વહુએય નહોતાં જાણતાં. અરે, દુઃખની વાત તો એ હતી કે મૂળશંકરને પણ કારણ નહોતું સમજાયું. એટલું જ જાણતો હતો : કાલ સાંજે એક જ ઓરડામાં બેઠેલો ઇચ્છાશંકર ધૂનમાં હોય તેમ ઊભો થયો ને ફરવા નીકળ્યો. ફરીને આવ્યો ને ખબર આપી, 'મોટાભાઈ, કાલે આપણે ભાગ વહેંચવાના છે.' બસ! આ સિવાય લાંબી કે ટૂંકી. મૂળશંકરને તો ઘણુંય પૂછવું હતું, પણ એ જરાકેય ઊભો રહે તો ને?

અને આમ ભાગ વહેંચવાનું નક્કી જાણ્યા પછી વળી પાછું ઘરનાં-સંબંધીઓ અને ગામ આખું ઊંચું-નીચું થઈ રહ્યું : 'પણ આનું કારણ? ભાઈઓમાં નથી તો જરા બોલાચાલી થઈ કે નથી એવો કોઈ બનાવ બન્યો. ત્યારે બેઉની વચ્ચે આંટી શી પડી?'

પરંતુ આંટી એવડી તો ક્ષુલ્લક હતી કે -

ગઈ કાલે સાંજે બેઉ ભાઈ મેડી ઉપર બેઠા હતા. બારણાંની પેલી બાજુ ગાદી ઉપર બેઠેલો ઇચ્છાશંકર આફ્રિકાની ટપાલ ઊથલાવતો હતો. મોખરવાળી ગાદી પર બેઠેલો મૂળશંકર



તકિયાને અઢેલી છાપું વાંચતો હતો. આથમતી વસંતનો ગરમ પવન હજુય આહ્લાદક હતો; એની ઉષ્ણતામાં હજુય માદકતા હતી; એના ફરફરાટમાં હજુય હળવાશ હતી. ટૂંકમાં યુવાનોને ગલીપચી કરવાની ને આધેડોને તરબતર રાખવાની શક્તિ હજુય એનામાં સભર હતી.

> કાલે સાંજે બેઉ ભાઈ મેડી ઉપર બેઠા હતા. બારણાંની પેલી બાજુ ગાદી પર બેઠેલો ઇચ્છાશંકર આફ્રિકાની ટપાલ ઊથલાવતો હતો. ગાદી પર બેઠેલો મૂળશંકર તકિયાને અઢેલી છાપું વાંચતો હતો. આથમતી વસંતનો ગરમ પવન હજુય આહ્લાદક હતો.

નીચે ખેલતાં બાળકોનો કોલાહલ પણ આ બે ભાઈઓને પેલા પવન જેટલો જ સ્વાભાવિક લાગતો હતો...

એવામાં એક ખેડૂત મેડી ઉપર આવી ચઢ્યો. મોટાભાઈ મૂળશંકરને ખેતરોની આડીતેડી વાત કરતાં ફળેલા આંબાની ને કેરીઓની વાત નીકળી. આ સાથે જ પેલા ખેડૂતે દેવને પાયે ધરતો હોય તેમ એક નવા ફળેલા આંબાની બે શાખ ધરી. 'લો, આ આપણા નારિયોળીની પેલ-પરથમ શાખો!'

અલબત્ત, ખેડૂતને મન તો આ મહિમા જ હતો. કારણ કે હજુ આ તરફ કેરીઓનો ફાલ ઊતરવા નહોતો માંડ્યો. ઉપરાંત આ તો પહેલી જ વાર ફળેલા આંબાંની શાખો હતી. એને મન તો, ઘેર સીમંત આવ્યું હોય એટલો જ અત્યારે આનંદ હતો...

પણ મૂળશંકરના મનથી તો આવું કંઈ જ ન હતું. ખેડૂતના ભરેલા મોંના શબ્દોએ કે પેલી કેસરવરણી મા-દીકરી જેવી નાની-મોટી બે શાખાએ એનું લક્ષ ખાસ કંઈ ન ખેંચ્યું. કારણમાં, કાં તો પંદર દિવસથી શરૂ થયેલી રસ-રોટલીને લીધે કેરીની નવાઈ નહીં હોય યા તો 'અમને તો રોપ્યો ત્યારની જ ખબર હતી કે ફળવાનો છે.' આવું કંઈ હોય. એણે તો અક્કેકી કેરીને એક્કેકા હાથમાં રમાડતાં ખેતર વિશેની વાતો ચાલુ જ રાખી, વચ્ચે એક હાંક મારી : 'અલ્યા બચુ, રમેશ, બેઉ જણ ઉપર આવો!' વાતો તો ચાલુ જ હતી...

ત્યાં તો, 'જોય તો પે'લો કોણ જાય છે.' કરી, અંદર-બહારના બેઉ દાદર ધણધણાવતા દસ દસ વરસના બચુ-રમેશ હણહણતા વછેરાની જેમ બેઉ બાજુએથી આવી પહોંચ્યા. 'હું પે'લો આવ્યો.' 'હું પે'લો આવ્યો.'

વાતોમાં પડેલા મૂળશંકર 'લો' કરતાંકને બેઉ હાથ લંબાવવા ગયો, બલકે છાતી પરથી તો રવાના થઈ ચૂક્યા હતા, પરંતુ એ તો, એના લેખે ભૂલાવ્યો કે પછી લાલચુ મને દગો દીધો કે - પણ મોટી કેરી તરફ ભત્રીજાને જોતાં જ હાથને આંટી પાડી દીધી - પડી ગઈ...!

છોકરાઓએ કેરીઓ ઝડપતાં વળી હોડ બકી. ને વળી પેલા દાદર ધણધણી ઊઠ્યા. એકધારા ફરફરી રહેલા પવનમાં જરાક અમસ્થી ઘૂમરી પડી ન પડી ને અસલની જેમ વળી વહી રહ્યો. મૂળશંકરની જીભ પણ ક્ષણભર થોથરાઈ ન થોથરાઈ ને વળી પાછી એકતાર બની રહી...

પરંતુ પેલી બાજુ ઈચ્છાશંકરની નજર તો જાણે હજુય પેલા છોકરાઓને કેરીઓ લેતા જોઈ રહી હોય તેમ હવામાં અધ્ધર લટકી રહી હતી. મોં-કળાની ઉપરથી લાગતું હતું કે એનું વિચારતંત્ર જ આખું ખોટકાઈ પડ્યું છે; મૂળમાં હૃદય જ જાણે દિંગ થઈ થંભી ન ગયું હોય...!

જો કે મૂળશંકરનું તો એ તરફ પડખું હતું, પરંતુ એ પડખાનેય જાણે આંખો હોય ને તાકી રહેલા ભાઈની ચાડી ખાતી હોય તેમ એણે એ તરફ ડોક ફેરવી -

આ સાથે જ ઈચ્છાશંકરને ભાન આવ્યું ને નજર વાળી લીધી. શરીરમાં ચેતન આવ્યું ને કાગળિયાં સમેટતાં ઊભો થયો... ખેતી વિશેની કંઈક ગૂંચ કહેવા જતાં મોટાભાઈને પણ એણે જતાં જતાં જ ટૂંકો ને ટચ એવો જવાબ આપ્યો : 'એ બધું તમે જાણો!'

પછી તો મૂળશંકર પણ કંઈક બેચેન બન્યો ને ખેડૂતના ગયા પછી એ અંતરના ઊંડાણમાં કંઈક કાળ જેવું પણ અનુભવવા લાગ્યો.

ત્યાં તો મોડી સાંજે પાછા ફરતા ઈચ્છાશંકરે ઉંબર બહારથી જ બૉમ્બ ફેંક્યો : 'મોટાભાઈ, કાલ આપણે ભાગ વહેંચવા છે!'

મૂળશંકર તો અવાક્ જ બની ગયો. ભાન આવતાં 'કારણ' પૂછવાની ઈચ્છા જાગી. 'પૂછું તો ખરો કે નથી તો બોલચાલ થઈ કે નથી એવી કંઈ આંટી પડી.'

પરંતુ જેમ અનાયાસે જ પેલા ડાબા-જમણા હાથની આંટી પડી ગઈ હતી એ જ રીતે જીભ પણ આ આંટી આગળ જ થંભી ગઈ! ભાઈ પાસે તો જવાબેય હતો, જ્યારે પોતાની પાસે તો અને એ પોતે જ બબડી રહ્યો, 'ક્યું મોઢું લઈને હું પૂછવાય જાઉં?' જાણે એણે પોતેય પોતાની જાતને આજ પહેલી જ વારે પૂરેપૂરી જ પારખી હોય! **મ**



કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના દેવપુર ગામે રહું છું અને બાજુના જ સાત કિ.મી.ના અંતરે આવેલા કોટડા (રોહા), તા. નખત્રાણા ખાતે સર્વ શિક્ષા અભિયાન મિશનમાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવું છું. વાંચન, લેખન અને ફોટોગ્રાફી મારા પ્રિય શોખ છે.

**દેવપર (ગઢ), તા. માંડવી-કચ્છ ૩૭૦ ૪૪૫**
**ફો. ૯૪૨૯૯ ૯૭૧૪૩ અને ૯૯૭૯૫ ૨૫૮૧૫**
**rameshroshiya@gmail.com**

'મમતા' વાર્તાસ્પર્ધામાં પ્રથમ સ્થાને આવેલી ત્રણ વાર્તાઓમાંની એક

## રમેશ રોશિયા

# અંધારું-અજવાળું

મનુ મારું એક કામ કરીશ?

મનુ જોઇ જ રહ્યો. એને થયું, બેન પૂછે છે શા માટે ? કહી જ દેતા હોય તો કે, જા મનુ આ કામ કરી આવ. એ બેન સામે જોઇ રહ્યો કે ક્યારે બેન બોલી લે અને હું ઊપડું. બેનના હોઠમાંથી 'મનુ' શબ્દ નીકળ્યો નથી કે મનુના આખાય શરીરમાં વીજળી દોડી નથી. એના શરીરનું અંગે અંગ સક્રિય થઇ જાય. જાણે ફટાકડાના રોકેટની વાટને અંગારો સ્પર્શે ને સૂંઉઉઉ કરતું ઊડે તેમ, બેન કંઇ કામ સોંપે કે તરત મનુ હડી કરતો ભાગે. એને પછી ખ્યાલ આવે કે બેને શું કીધેલું? બે-ચાર વાર એવું બન્યા પછી મનુ સજાગ થઇ ગયો હતો. એને થયું હતું કે આવું થવાથી તો ઉલટાનું ખરાબ લાગે છે, એટલે બેન કામ સોંપે ત્યારે તેને દોડીને તરત જવાનું મન તો થતું, પણ તે કોઇ ડાહ્યા છોકરાની જેમ ગંભીર થઇને સાંભળવાનો ડોળ કરીને ઊભો રહેતો. તોય મનુની આંખો ચકળવકળ થતી. પગે કીડીઓ ચડતી હોય તેમ પગ ઊંચા-નીચા થતા.

બેને કંઇક વિચાર્યું. વિચારમાં થોડી ક્ષણો નીકળી ગઇ. એટલે મનુથી બોલી જવાયું- બોલોને બેન શું કામ છે? બેને આગળ સરી આવેલો ચોટલો પાછળ કર્યો. તે વખતે જ પવનનું આવવું થયું! બેનની સાડીનો પાલવ મનુના મોં પર વિંટળાઇ ગયો. જાણે આ દુનિયાની ન હોય તેવી કોઇ મીઠી સુગંધ પાલવમાંથી નીકળીને સીધી મનુના ફેફસાંમાં જઇ પડી. - સોરી હોં... કહીને બેન મલક્યાં.

- લે, એમાં સોરી શેનું ? ઊલ્ટાનું મારે થેન્ક્યુ કે'વું જોઇએ. કેવી મીઠી સુગંધ છે! આવું કંઇક કહેવાનું મનુને મન તો થયું, પણ એ બેન સામે કાંઇ બોલી જ શકતો નહીં.

- મનુ તને સ્કૂટી ફાવે છે ને ? મને ખબર છે તું જેની ગાડી ફેરવ્યા કરશ. આ ચાવી લે. મારા ઘરે જા. મારા મમ્મી ઘેર હશે. એમને કહેજે કે બેનના ટેબલ પર દોરીથી બાંધેલી ચાર ચોપડીઓ પડી છે તે આપો. યાદ રહ્યું ને ?

જાણે દોડવીર હુકમની રાહ જોતો હોય તેમ મનુ માથું નીચું કરી છેલ્લા શબ્દોની વાટ જોઇ રહ્યો. બેને ચાવી આપતા તાકીદ કરી - સંભાળીને ચલાવજે હોં... મનુએ બેનની આંખોમાં જોયું. તેને લાગ્યું જાણે બેનની આંખોમાં માથોડા ઢાંક બાજરીનું ખેતર લહેરાઇ રહ્યું છે. એકેએક છોડ પર હાથહાથના ડૂંડાં નીકળ્યાં છે. ડૂંડાંમાં ખીચોખીચ ભરાયેલા દાણામાં સફેદ રસ ઊભરાઇ રહ્યો છે. એક પંખી ડૂંડા પર ચાંચ મારે છે, ત્યાં જ કોઇ હાકોટો કરે છે. ડરનું માર્યું પંખી ઊડી જાય છે.

મનુ દોડતો હોય તેમ ભાગ્યો. ચાવી લેતી વખતે તેનું ધ્યાન ગયેલું કે બેને આજે નેઇલ પોલિશનો રંગ બદલી નાખ્યો છે. મનુની આંખોમાં હમણાં હમણાં આવું બહુ પકડાઇ જાય છે. બેનની એકેય હરકત મનુની આંખોથી બચી શકતી નથી. સ્કૂટીના ઇગ્નીશનમાં ચાવી ભરાવતી વખતે એનાથી મીઠું હસી દેવાયું. રીસેસનો સમય હતો. શાળાના મેદાનમાં નાના ડબલાઓમાંથી મમરા ખાતા છોકરાઓ તરફ એણે તુચ્છકાર ભરી નજર ફેંકી. છોકરાઓ મનુને અહોભાવભરી નજરે જોઇ રહ્યા. કોઇ હણહણતી ઘોડી

પર સવાર થતો હોય તેમ મનુએ સ્કૂટી પલાણી. ઘડીભર તો થયું કે આમતેમ રખડતા ટંગડી જેવડા છોકરાઓની વચ્ચેથી દોડાવું, પણ બેનના શબ્દો યાદ આવ્યા- સંભાળીને ચલાવજે હોં. મનુએ વિચાર્યું, બેને ના પાડી છે એટલે ફાસ્ટ તો ન જ ચલાવાય. તે સ્કૂલના ગેઈટ પાસે પહોંચ્યો ત્યારે જરા પાછળ ફરીને જોયું. લોબીમાં છોકરા છોકરીઓનું ટોળું હતું, પણ એને લાગ્યું કે બેન ઊભા ઊભા પોતાને જોઇ રહ્યાં છે. લોબી પાસેના પિલર પર હાથ મૂકીને જાણે પોતાને જતો જોઇ રહ્યાં હોય એવું મનુને દેખાયું, જાણે બેનને એવું કરવું ગમતું હોય...

- એય મનિયો હીરુબેનની સ્કૂટી લઇ જાય છે. કોઇક જોરથી બોલ્યું.

છોકરાંનું ટોળું મનુને જોઇ રહ્યું.

- હીરુબેનય સાવ નકામી છે. મનિયાને સ્કૂટી દેવાતી હશે. જોજે ઠોકશે કોકને. એક ઝીણકા છોકરાએ કહ્યું.

- મનિયો હીરુબેનનો ચાગલો છે. સ્કૂટી શું, હીરુબેન તો... એક ઊંચા છોકરાએ આંખ મીચકારી. બાકીના ન સમજ્યા હોય તેમ જોઇ રહ્યા.

મનુને બેનની સ્કૂટી પરેય વહાલ જાગતું હતું. એ કાંઇ પહેલી વાર સ્કૂટી ચલાવતો નહોતો. તેમ છતાં તેને લાગ્યું કે, બેનની સ્કૂટીય બેન જેવી જ છે. ડાહી ડાહી અને... અને...

મનુને આગળના વિચારો ગૂંચવી નાખતા. તે મૂંઝાઈ જતો. એને એવું થતું બસ, બેન મને કામ સોંપ્યા કરે. બેન હુકમ કરે. બેન કહે તો નિશાળની છત પરથી કૂદકો લગાવી દે. બેન કહે તો ખળાવાડના અવાવરુ કૂવામાંય છલાંગ મારી દે. બસ બેન કહે, બેન કહેતા જ રહે.

- હીરલબેન તમે આ છોરાને કર્યું છે શું? એવો તે શો જાદુ કર્યો છે કે એ આટલો ડાહ્યો થઈ ગયો છે?

એક દિવસ શાળાના હેડ માસ્ટરે પૂછ્યું હતું.

મનુના બેન, એટલે કે હીરલબેને જરા મલકતાં કહેલું 'કશું જ નથી કર્યું સર! કોઈ જ જાદુ નથી કર્યો. એ સારો છોકરો છે. અત્યંત લાગણીશીલ અને કહ્યાગરો છે.'

શાળા કાર્યાલયમાં બેઠેલી જૂની અને અનુભવી શિક્ષિકાઓને હીરલબેનની વાત જરાય ગમી નહીં. પચાસેક વર્ષની એક શિક્ષિકાએ ભવાં તાણતાં કહેલું - આ મનિયો અને કહ્યાગરો એમ? અરે! એક નંબરનો નાલાયક છે. એક તો ઠોઠ ને પાછો તોફાની. એના શરીરમાં ભૂત છે ભૂત! રોજ એક-બે છોરાને મારે નહીં ત્યાં સુધી જંપ ન વળે. નકામો છે સાલ્લો!

ત્યારે હીરલબેન કંઈ બોલ્યા વગર ફક્ત મલક્યાં હતાં. પોતે સ્ટાફમાં સૌથી જુનિયર, વળી નવાં એટલે એમને પ્રતિસાદ કરવો યોગ્ય ન જણાયું. અને આમ જોવા જઈએ તો પેલી શિક્ષિકાની વાત ખોટીય નહોતી.

મનુ પ્રાથમિક શાળાની અબૂધતા ક્યારનોય છોડી ચૂક્યો હતો. દરેક ધોરણમાં બબ્બે વર્ષ કાઢતો મનુ છઠ્ઠામાં પહોંચ્યો ત્યારે હોઠ પર આછી રૂંવાટી ફૂટવા આવી. ખભા જરા પહોળા થવા માંડ્યા. વર્ગમાં બીજા છોકરાઓ મનુ સામે સાવ ટાબરિયા લાગતા.

મનિયાની છાપ જ એવી હતી. નિશાળમાં બધાં એને આતંકવાદી જ કહેતાં. આમ તો સાચું નામ મનસુખ હતું, પણ કોઈ મનસુખ કહીને બોલાવે ત્યારે એને ખૂબ આશ્ચર્ય થતું. નિશાળમાં કાંઈ પણ અજુગતું થાય તો વગર પૂછે મનિયાનું નામ કોઈ પણ બેધડક લઈ શકે એવી એની છાપ! ક્યાંય કાંઈ તૂટે, બટકે તો એ મનિયાના ધંધા! આવું કહેતાં કોઈ છોકરો જરાય ગભરાય નહીં. અરે! ત્યાં સુધી કે કોઈ છોકરો રડતો દેખાય તો બીજો એને પૂછે, મનિયાએ માર્યું ને? પછી મનુ ઉર્ફે મનસુખની પૂછ્યાગાછ્યા વગર ધોલાઈ થઈ જાય. મનુ પાછો હસતે મોઢે સજા સ્વીકારી લે, અને વિના કારણે મળેલી સજા માટે એકાદ જણને ધીબી નાખી હિસાબ સરભર કરી લે.


મનુ પ્રાથમિક શાળાની અબૂધતા તો ક્યારનોય છોડી ચૂક્યો હતો. દરેક ધોરણમાં બબ્બે વર્ષ કાઢતો મનુ છઠ્ઠામાં પહોંચ્યો ત્યારે એના હોઠ પર આછી રૂંવાટી ફૂટવા આવી. ખભા જરા પહોળા થવા માંડ્યા. એના વર્ગમાં બીજા છોકરાઓ મનુ સામે સાવ ટાબરિયા લાગતા. મોટા ભાગના શિક્ષકોની પ્રસાદી ખાઈ ચૂકેલો મનિયો એટલે ભણવામાં ઢ, મનિયો એટલે માથાનો દુખાવો, મનિયો એટલે તોફાની! હેડ માસ્ટર આગળ મનુની રોજ એકાદ-બે ફરિયાદ હોય. તેમ છતાં રોજ સમયસર નિશાળે આવી જતો મનુ ઉર્ફે મનસુખ હરજી કદી કોઈ શિક્ષકની નજરમાં વસી ન શક્યો.

ખાસી વસતિ ધરાવતાં ગામની નિશાળમાં ચારસો જેટલાં છોકરા-છોકરી ભણે. એમાં એકેય મનુનો ભાઈબંધ નહીં. મનિયા ભેગું રમાય નહીં, મનિયા ભેગું બેસાય નહીં, મનિયા સાથે ખવાય નહીં. મનિયો એટલે આફત! આવું મનુના સહપાઠીઓ માને.

આવો મનિયો એકાએક મનસુખ બની ગયો. ડાહ્યો ડમરો,

ન કોઈને મારે, ન કોઈને આંખ બતાવે, અરે કારણ વગર બોલવાનુંય બંધ. જાણે વાલીઆ લૂંટારાનું હૃદય પરિવર્તન! અને તેનું આ હૃદય પરિવર્તન જ ચર્ચાનો વિષય થઈ પડ્યો. અણસમજુ છોકરાઓ કોઈ નવતર પ્રાણીને જોતા હોય તેમ મનુને જોવા લાગ્યા. સ્ટાફ હીરલબેનને પૂછતો હતો - બેન તમારી પાસે કોઈ જાદુઈ લાકડી છે? હોય તો અમનેય આપોને, અમારા વર્ગમાં વાપરીએ.

હીરલબેન ત્યારે મંદ મંદ મલકે! આમેય બોલવાનું ટાળવું હોય ત્યારે હીરલબેનને મલકવાની ટેવ. તેમનું આખું નામ તો હીરલકુમારી નવનીતરાય ટંકારિયા. પણ, નિશાળના છોકરાઓને હીરુબેન કહેવાનું ફાવ્યું. જો કે હીરલબેનનેય એ ગમ્યું. એમની આ પહેલી નોકરી છે. નવી નવી. આ ગામમાં આવ્યે છ મહિના જ થયા છે. બાવીસ વર્ષની ઉંમર, પાતળો બાંધો, વજન ગણીએ તો મનિયા જેટલુંય નહીં. શૅમ્પૂની કંપનીવાળાને લલચાવે એવડા લાંબા વાળ. જાણે પ્રાથમિક શાળાની શિક્ષિકા થવા જ જન્મ્યા હોય એવું વ્યક્તિત્વ! અવાજમાં કોઈ જ ઉશ્કેરાટ નહીં, કોઈ જ આદેશ નહીં. આંખોમાંથી અમી ઝર્યા કરે. છઠ્ઠું ધોરણ સોંપતી વખતે હેડ માસ્ટરે એમની વય અને બાંધો જોઈને કહેલું - બેન, વર્ગમાં મનસુખ નામનો જરા તોફાની એક છોકરો છે. એ સીધો ન હાલે તો મને કહેજો.



- થેન્ક યુ સર, આઈ વીલ મેનેજ હીમ. કહીને તે વર્ગમાં ગયા ત્યારે એમને જોતાં જ ખ્યાલ આવી ગયો કે આમાં મનસુખ કોણ હશે. ન કાંઈ બોલવું, ન કાંઈ પૂછવું, ન હાજરી પૂરવી. એમણે સીધું જ છેલ્લી બેંચ પર એકલા બેઠેલા હાડેતા છોકરા પર નજર માંડીને કહેલું - મનસુખ અહીં આવ. સ્કૂટીની ડેકી ખોલવાનું ફાવશે બેટા? જા, એમાં મારો નૅપ્કિન રહી ગયો છે, લઈ આવને ભાઈ.

મનિયો સ્તબ્ધ! એક સાથે અનેક સુખદ આઘાત પચાવી ન શક્યો હોય તેમ તે થોડી વાર નવી આવેલી છોકરડી જેવી બેનને જોઈ રહ્યો. પછી જાણે કોઈકે તેને અંદરથી ધક્કો માર્યો હોય તેમ જરા સંકોચ સાથે અંદર ઉમટતા આનંદને દબાવી બેન સામે જોયા વગર ચાવી લઈને ભાગ્યો અને જરા વારમાં તો પાછો આવીને બેન સામે ઊભો

રહ્યો. પોતાનાથીયે ઊંચા એવા મનુના ખભા પર હાથ મૂકતા હીરલબેને કહેલું – તું પાછળ કેમ બેઠો છે? આજથી તારે મારી સામે જ, પહેલા બાંકડે બેસવાનું છે. જા દફતર લઈ આગળ બેસ.

આખો વર્ગ આ શું થઈ રહ્યું છે તેની સમજ પડતી ન હોય તેમ નવા આવેલા બેનને અને કાયમના દુશ્મન એવા મનિયાને બાઘાની જેમ જોઈ રહ્યો.

મનુ ત્યારથી પહેલા બાંકડે બેસવા લાગ્યો. બેસવા લાગ્યો એટલું જ નહીં, ભણવા લાગ્યો. સાથે સાથે અચાનક ન સમજાય, ન પરખાય, અકળાવે તેવી સૃષ્ટિ મનુ સામે રચાવા લાગી. બેનની સ્કૂટી શાળાના કંપાઉન્ડમાં પ્રવેશે અને સાંજે બેન સ્કૂટી સાથે દેખાતા બંધ થાય ત્યાં સુધી મનિયા માટે અણમોલ દશ્યોનો જાણે ખજાનો બની ગઈ તેની આ નિશાળ. બેન વર્ગમાં આવે, પોતાની પાસેથી પસાર થાય ત્યારે સુગંધનો એક મીઠો વાયરો મનુને વિંટળાઈ વળે. બેન ખુરશી પર બેસે, હાજરી ખોલે, ડાબી તરફ જરા માથું ઝૂકે, નીચે હથેળીનો ટેકો લે. એક પછી એક છોકરાનું નામ લઈ હાજરી પૂરે. પોતાનું નામ આવે તે પહેલાં મનુનું ગળું સુકાય. પોતાનું નામ બોલતી વખતે બેન અચૂક પોતાની સામે જુએ છે, સહેજ મલકે છે એ મનુના ધ્યાન બહાર નહોતું. ઊભા રહીને ટેબલનું ખાનું ખોલતી વખતે બેનનો ચોટલો પીઠ પરથી સરીને આગળ આવી જાય અને પછી બેન ચોટલાને હળવેથી પાછળ ધકેલે એ જોવાનું મનુને ખૂબ ગમે. લેસનની નોટબુક ધરીને ઊભો રહેતો મનુ બેનની પાતળી આંગળીઓને જોયા કરે. એને એવુંય લાગેલું કે આટલી પાતળી આંગળીઓ આખા ગામમાં કોઈની નથી. બેનની બોલવાની, હસવાની, ભણાવવાની, ચોપડી પકડવાની બધી જ અદાઓ મનુ જોયા કરે. બ્લેક બોર્ડ પર લખતી વખતે પીઠ ફરીને ઊભેલાં બેનની કાનમાં ઝૂલતી રીંગ્સ, પાતળી ગરદનને વિંટાયેલી સોનાની ચેઇન, પીઠના બે સરખા ભાગ કરી ફ્રી હેન્ડ રચતો ચોટલો, આ બધા વચ્ચે ક્યારેક મનુની જાણ બહાર તેની નજર લપસે. પછી ગળું સુકાય. તે આમતેમ જોવા માંડે, અચાનક તરસ લાગે, લખતો હાથ ધ્રૂજવા માંડે. ક્યારેક બહુ જ પેશાબ લાગે પણ, બીજા છોકરાઓની જેમ ઊભા થઈને એક આંગળી ઊંચી કરતાં એને ભોંયમાં પેસી જવા જેવું થાય. હવે, બેન સામે નજીક ઊભા રહેવામાં કંઈક મૂંઝારો થતો હોય એવું એને લાગવા માંડ્યું. બેન તો એના એ જ. બેધડક પાસે આવી પીઠ પર હાથ ફેરવે, 'જોતો તેલ નથી નાખ્યું' એમ કહીને વાળ પસવારી લે. એ સમયે મનુભાઈ પાણી પાણી.

**બ્લેક બોર્ડ પર લખતી વખતે ફરીને ઊભેલા બેનની કાનમાં ઝૂલતી રીંગ્સ, ગરદનને વિંટાયેલી સોનાની ચેઇન, પીઠના બે સરખા ભાગ કરી ફ્રી હેન્ડ રચતો ચોટલો આ બધા વચ્ચે ક્યારેક મનુની જાણ બહાર તેની નજર લપસે. પછી ગળું સુકાય.**

સાંજે નિશાળ છૂટે એટલે મનુના મગજમાં ઘોર અંધકાર ભરાઈ જાય. રાતે ટીવી જોવાનુંય બંધ. ખાટલામાં આડા પડી આંખો મીંચી પડ્યા રહેવા સિવાય કશું જ ન ગમે. શરીરમાં તપત જેવું લાગે. શરીર ઘડીક તપી જાય તો ઘડીક ઠરી જાય. આંખો સામે એક નમણો ચહેરો આવીને ઊભો રહી જાય. લાંબા ચોટલાનો છેડો પોતાના ગાલને સ્પર્શતો હોય એવું લાગે. ન સમજાય તેવી રીતે આખુંય શરીર પણછની જેમ ખેંચાય. એવું લાગે જાણે કપાળ ધગધગી રહ્યું છે અને કોઈ શીતળ સ્પર્શ ઝંખે છે. વિચારો હરાયા ઢોરની જેમ આમતેમ ભાગે.

મનુની મા અને બેન કેટલુંય સમજાવે તોય મનુ બહાર આંગણાંમાં જ સૂવે. ચોમેર અંધારું ફરી વળે ત્યારે એને લાગે જાણે પોતાને ધાગધાગ તાવ ચડ્યો છે. કોઈ ધીમેથી આવીને એના ખાટલા પર પગ ઝુલાવીને બેસી ગયું છે. પોતાના કાન પાસે હોઠ મૂકીને પૂછે છે – મનુ તાવ આવી ગયો? મટી જશે હોં. અને કોઈ પોતાના માથા નીચે હાથ ભેરવી છાતી સરસું ચાંપી લે છે.

મનુ આખી રાત સૂઈ ન શકે. વારંવાર પેશાબ કરવા ઊઠે. પૂર્વ દિશામાં જોયા કરે, પણ અજવાશ ફૂટવાની કોઈ એંધાણી ન દેખાય. મનુ અંધારામાં ગૂંચવાયા કરે.

જાણે ગયો જ હોય એટલી વારમાં તો મનુ ચોપડીઓ લઈને પાછો આવી ગયો. બેન ત્યારે ઓફિસમાં બધાની સાથે બેઠાં હતાં. મનુને થોડો સંકોચ થયો તોય એ ઓફિસના બારણે ઊભો રહ્યો.

– આવો, આવો મહારથી. સાંભળ્યું છે તમે બહુ સુધરી ગયા છો? એક શિક્ષકે મનુ સામે જોતાં કહ્યું.

– તમારે મનસુખને કાંઈ કહેવાનું નહીં હોં. એ તો મારો નાનો ભાઈ છે. કહેતાં હીરલબેને મનુ પાસેથી ચોપડીઓ લીધી. મનુના કાનમાં બેનનું વાક્ય જીવડાંની પેઠે ઘૂસી ગયું.

વળી એક નવું અંધારું મનુને ઘેરી વળ્યું. **મ**

**વાર્તા ગમી? ન ગમી? અમને કહો**



*શિવકુમાર જોષી અને ચંદ્રકાંત બક્ષીના અંતેવાસી દિલીપ ગણાત્રા કલકત્તાના ગુજરાતી સાહિત્ય મંડળના આગેવાન કાર્યકર છે. રિટાયર્ડ એન્જિનિયર અને સાહિત્ય, નાટક, સંગીત, સિનેમાના વિદ્વાન લેખક. કલકત્તામાં સાહિત્યકારોનાં વ્યાખ્યાન ગોઠવે છે. કોઈ વાર બંગાળી લેખકોની વાર્તાઓના ગુજરાતીમાં અનુવાદ કરે છે તથા બંગાળી રંગકર્મીઓ સાથે નાટકો પણ ભજવે છે.*

**ફો. ૦૩૩ ૨૪૮૬૧૬૬૫**
**મો. ૯૮૩૬૨ ૬૯૭૫૫**
**ganatradilip@gmail.com**

**'મમતા' વાર્તાસ્પર્ધામાં દ્વિતીય સ્થાને આવેલી ત્રણ વાર્તાઓમાંની એક**

## દિલીપ ગણાત્રા

# ખિચ્ચાનો રૂપિયો

કોઈ માના શ્રાદ્ધમાં બે લાખ ખર્ચીને આવે અને તે પણ ઉધારી કરીને તો આપણે શું કરીએ?

''ભીપ્પીનડા, તું તો સાલા સાવ લલુ છે લલુ. ગધ્ધેડો!''

સુરેશ દામાણીનો ગધેડાના 'ધ' ઉપરનો ભાર – અને ચા પીધો અને છાપો વાંચ્યો – તમને કહી આપે કે આ શુદ્ધ ભાટિયો છે. મોટી આંખો, સ્થૂળ શરીર, વાતો કરે ત્યારે આખું શરીર હલતું હોય, અને જ્યારે જ્યારે સુરેશ તીણા અવાજે હસે ત્યારે આ છ ફૂટિયો તમને સ્ત્રૈણ લાગે. તેના બાપા વરસો પહેલાં એક નેપાળી સ્ત્રી સાથે ભાગી ગયા હતા. સુરેશ તો ત્યારે એક બાળક જ હતો. માએ જ તેને મોટો કર્યો હતો, કદાચ તેથી જ ગોષ્ઠિના હાવભાવ તેનામાં આવી ગયા હશે.

''સાલ્લા ભીપ્પીનડા!'' ''સાલ્લા લલુ?''

સુરિયો લલ્લુને લલુ અને બિપીનને ભીપ્પીનડા કહેતો. ફક્ત એક જ ગાળ બોલતો: ''સાલ્લા!''

''સાલ્લા ભીપ્પીનડા! દેશમાં જઈને માનું શ્રાદ્ધ કર્યું. ને પૂ...રી વિધિસર જમણવાર કર્યો. અમારા ગોરને એક જમીનનો ટુકડો દાન કર્યો, કાકાના દીકરાને પેન્ટનો કપડો આપ્યો, વાસણ વહેંચ્યા, કાકાની દીકરીયુંને સોનાનો પોંચો આપ્યો...! સમજ્યો સાલ્લા, સમજ્યો? સાલ્લા સમજ્યો...?''

સુરેશ થોડોક અટક્યો. તેને કંઈક કહેવું હતું – પણ કશુંક આડું આવતું હતું. સફાળો, એ આડી દીવાલના ભૂક્કા બોલી જાય તેટલા જોરથી તે બોલી ઊઠ્યો, ''સાલ્લા બે લાખ ખર્ચીને આવ્યો.''

બિપીનનું મગજ એક વાર તો સુન્ન થઈ ગયું, પણ ધીમેથી આ વાત તેના ભેજામાં ઊતરી. ''બે લાખ, સુરિયા?'' માના કારજમાં આંધળો ખર્ચ કરીને આવ્યો હોય તેને ખૂબ જ નઝદીકનો મિત્ર પણ શું કહી શકે? અને પાછા સુરેશ માટે તેના જીવનનું કેન્દ્ર જ હતી તેની મા! મા...માડી... બાડી... બા... જમનાબાઈ... માવાભાઈની દીકરી... દુર્ગા મા! આ બધું જ હતી સુરિયાની મા.

મા કંઈક એટલી બધી તેના જીવન પર છવાઈ ગઈ હતી કે આ તો આપણે સુરેશને જાણીએ છીએ... નહીં તો ઇડિપસ કોમ્પ્લેક્સ જેવું લાગે, પણ ભરજુવાનીમાં, છતે ધણીએ વિધવા થઈને પણ આ બાઈ સુરેશ માટે ગજ બની લડાઈ લડી ગઈ. ''યાર, માડી ગઈ'' અને અનાયાસે તેના ઘરમાંના ખાલી પડેલા પલંગ સામે તેની નજર ગઈ.

''આ તો સાલ્લા શેઠનો ફોન! આવો, ઇમરજન્સી છે, ઇન્કમટેક્સની રેડ છે. હમણાં ને હમણાં પ્લેનમાં આવો.''

સુરિયો દુ:ખી થઈને બોલ્યો, ''મા છેલ્લે તો ક્યાં કાંઈ બોલતી'તી! હું કે'વા

ગ્યો કે દુર્ગા માઈ મારે જાવું પડે એમ છે. મેં હાથ પકડ્યોને, ભીપ્પીનડા, તી એણે મારી આંગડિયું પકડી લીધી. મૂકે નહીં! મેં કીધું કે જમનાબાઈ હું સાત દિમાં પાછો આવું છું. પણ ઈ જમનાબાઈ મારો હાથ મૂકે નહિ. પણ ઓલી ઘેનની દવાઉં દીધી હોય ને? તી સૂઈ ગઈ. ને ધીરેકથી મેં હાથ છોડાવી લીધો.''

''આંય બે દિ'માં માંડ બધું ઠીકઠાક કર્યું ત્યાં તો દેશથી ફોન આવ્યો...! સાલ્લું આખી જિંદગી એકલી ને મોતમાંયે એકલી...?''

''સુરિયા, આટલા દિવસ તો તું ત્યાં હતો. તેં સેવાયે કંઈ ઓછી કરી છે? પાછું આપણે તો સૌ જાણતા હતા કે માડી જવાના છે. શ્વાસ છોડ્યા.''

''આ તો તેં એમની ઇચ્છા ખરેખર પૂરી કરી દીધી અને દેશનું ઘર આખું નવું બનાવી દીધું. તે ઘરમાં જ માએ શ્વાસ છોડ્યા.'' આવો એક પોલો દિલાસો બિપીને દીધો.

મા કેટલાં વરસોથી તો માંદી હતી, અને દવાદારૂના ખરચા પણ બેફામ હતા. સુરેશનો પગાર સારો હતો છતાં હંમેશાં પૈસાની તાણાતાણી હોય. અને તેના પર બે લાખનો ખરચ કારજમાં!!

સુરિયો સી.એ. થયો હતો. કુટુંબના બીજા છોકરાઓ કદી ભણ્યા ન હતા, પણ સુરિયો જ્યારે ફર્સ્ટ ડિવિઝનમાં મેટ્રિક પાસ થયો ત્યારે ગામમાં ડંકો વાગી ગયો હતો. પણ કાળુકાકાએ કહી દીધું હતું, ''જો કૉલેજ મોકલવાના પૈસા હું ખરચવાનો નથી.''

પણ નસીબજોગે ટોકરસીભાઈ સુરેશને કલકત્તા લઈ આવ્યા. સુરેશ એમની ગદ્દીમાં સૂતો. બાસામાં જમવાનું બંધાવી આપ્યું હતું.

કૉલેજની ફી પણ ટોકરસીભાઈ ભરાવી દેતા. બિપીન અને સુરેશની મૈત્રી તો કૉલેજના પ્રથમ દિવસથી જ થઈ હતી અને ગજબની ગાઢ થઈ હતી.

પાછા બંને વાંઢા, તેથી ઓર જામતું. સવારે કૉલેજ, બપોરે પેઢી અને રાતના સુરિયો ટ્યૂશનો કરતો.

સી.એ. થવા માટે સુરિયાએ કાળી મજૂરી કરી હતી. પહેલી વાર સુરિયાએ માડીને મનીઓર્ડર મોકલાવ્યો ત્યારે તેની આંખોમાં પાણી આવી ગયેલાં.

સી.એ. થયા પછી સુરેશ ખૈતાન એન્ડ બાગરીમાં જોડાયો અને ફક્ત ચાર વર્ષમાં તો ચીફ એકાઉન્ટન્ટ બની ગયો. આ ચાર વર્ષ તો રેટાબજારની ઉપરની નાની એક રૂમમાં કાઢ્યાં. પછી બે હાલા ઈલાકામાં મોટું ઘર ભાડે રાખી અને માને પોતાની પાસે બોલાવી લીધી.

સુરેશ તો પરણ્યો હતો, પણ સાસુ-વહુને જરાક પણ બન્યું નહીં, અને વિભા ત્રણ મહિનામાં જ પાછી પિયર ચાલી ગયેલી. મા હંમેશાં માંદી રહેતી, પણ બિપીનને લાગતું કે સુરેશના જીવનનું 'કેન્દ્ર' બનવા માટે મા કદાચ નાનું દુઃખ પણ મોટું કરીને દેખાડતી.

સુરેશની કમાણીનો મોટ્ટો હિસ્સો માની દવાદારૂમાં જ વપરાતો. કુટુંબમાં લગ્ન કે કોઈ પણ પ્રસંગ હોય, સુરેશને 'મોટો ભા' બનાવવા મા પુષ્કળ ખર્ચ કરાવતી.

સુરેશ સારો પગાર હોવા છતાં હંમેશાં દેવાદાર રહેતો.

સુરેશ મૂર્ખ ન હતો. ખોટા ખર્ચ તેને બિલકુલ ગમતા નહીં, પણ માને કંઈ જ કહી શકતો નહીં.

''ભીપ્પીનડા, મા જ્યારે નહીં હોય ને ત્યારે આ બધ્ધા દેખાડા બંધ.''

બિપીને જ્યારે પોતાના પિતાના તેરમાને દિવસે જમણવાર નહોતો કર્યો ત્યારે સુરેશે જ તેને નૈતિક હિંમત આપેલી, અને એ જ સુરિયો માતાના શ્રાદ્ધ-કારજમાં દેવાનો ભાર વધારીને પણ બે લાખ ખર્ચીને આવ્યો?

દસેક દિવસ પછી સુરેશ બિપીનને ત્યાં આવ્યો. શનિવારનો દિવસ હતો.

''સાલ્લા કંઈ સામગ્રી બામગ્રી છે?''

''હા છે'' બિપીને વ્હીસ્કીની બોટલ, સોડા, ગ્લાસ, બરફ વગેરે તૈયાર કર્યાં.''

''ભુજિયાં ચાલશે ને, સુરિયા?''

''હા, હા, સાલ્લા બધ્ધું ચાલશે.''

''ભીપ્પીનડા, મનિયો આવવાનો છે.''

''અરે સાલ્લાને ઘરમાં નહીં રાખતો. ના પાડી દે, એક તો કામકાજ કંઈ કરવું નહીં અને સાલો ભેંસ જેટલું ખાય અને બીડી પીપીને આખું ઘર ગંધાવી મૂકે છે.'' બિપીને કહ્યું.

''અરે, સાલ્લા.'' પાછું તીણા અવાજમાં હસી સુરેશ બોલ્યો, ''એક દિવસનું એક શેર દૂધ ઠોકી જાય છે.''

''તો સુરિયા તેને કાઢી મૂક.''

''કાઢી તો મેલું પણ ઈ જાય ક્યાં?''

બિપીન ગરમ થયો, ''હમણાં કઉં ઈ મરાવવા જાય. જ્યાં જવું હોય ત્યાં જાય.''

સુરેશ બોલ્યો, ''હા, હા, આ ફેરે તો કહી જ દેવું છે.''

પણ બિપીન જાણતો હતો કે સુરિયો કહી શકશે નહીં.

''ભીપ્પીનડા. આ મનિયાનો ડાડો છે ને, ઈ કાળુકાકો, અરે સાલ્લા કાળુકાકો! સાલ્લા લલુ! કાળુકાકો... સાલ્લો...?''

બિપીન અધીરાઈથી બોલી ઊઠ્યો, ''હા, હા, કાળુકાકાનું શું?''



"સાલ્લો એક નંબનો ડામિઝ."

"તેં તો મારી માનો જૂનો ફોટો જોયો'તો ને? કેવી સરસ હતી? પણ ધણી ન મળે. આપણું સાલ્લું વેસ્ટ જેવું તો નહીં, બિચારી ધરમધ્યાનમાં ઊતરી ગઈ. રોજ પૂજા, રોજ જાપ, રોજ કથા! ઓલો કરુણાશંકર ગોર રોજ ઘરે આવે. પાછો કાળુ કાકાનો દોસ." સુરિયો, દોસ્તને દોસ કહેતો.

"એક દી સાંજે કાળુકાકો અને કરુણો ઓરડીમાં ઘૂસી ગ્યા. ઈ લોકોને ખબર નહીં કે હું ત્યાં કણે જ હતો. રમવા નો'તો ગ્યો.. મારી બાનો તો અવાજ જ નીકળે નહીં, એની આખું ફાટી ગઈ. કાળુકાકાએ માને..." સુરિયો અટકી ગયો. થોડુંક વિચારીને સુરેશ બોલ્યો. "પછી મેં જ રાધાકાકી... એ ઘેલીકાકીઈઈઈ કરીને રાડું નાખી તયેં સાલ્લાઓ ભાગ્યા."

બિપીન આ ડાઘ ઢાંકવાનો પ્રયાસ કળી ગયો, પણ મોં પર જણાવા દીધું નહીં.

"મા બચી ગઈ." સુરેશ બોલ્યો.

"ઉપરવાળો સહુનો છે ને!" બિપીન બોલ્યો. વાત ફેરવવા એણે કહ્યું, "સુરિયા ફોટામાં તું સાવ છોકરી જેવો લાગતો હતો." બિપીને દેવઆનંદ જેવી એક્ટિંગ કરી, "એકદમ ચીકના માલ. સાલા છોકરાઓ તારા પ્રેમમાં પડી જાય તેવો હતો તું!" બિપીને વાતાવરણને હળવું બનાવવાનો પ્રયત્ન કર્યો.

"હી... હી... હી... હી!" કરીને સુરેશ પાછો તીણા અવાજે હસ્યો.

"સાલ્લા આ ગોકલદાસ છે ને. મનિયાનો બાપ, ઈયે એવો જ સાલ્લો હરામી હતો. સ્કૂલમાં હતો ત્યારથી જ સાલ્લો ભૂંડા બોલે... બીડીયું પીયે, ને તેં આ ચીકના માલની વાત કરીને! સાલ્લો મારી પાછળ પાછળ ફરતો, અને ચાનસ મળે ને તો મારી પછવાડેયે હાથ ફેરવી લેતો."

ત્રીજો પેગ પૂરો થયો, એટલે બિપીને ચોથો પેગ તૈયાર કર્યો.

"ભીપ્પીનડા એક સિગ્રેટ પીવરાવીશ!"

બિપીનને નવાઈ લાગી.

પણ આજે સુરિયો કંઈક કહેવા માગે છે એમ સમજીને તે ચૂપ રહ્યો, અને એક સિગારેટ આપી.

"નાનો હતો ને ભીપ્પીનડા ત્યારે મને રેવડી ખૂબ જ ભાવે. એદી ગોકલિયો સાલ્લો મને કિયે કે બબા રેવડી આપું? મને બે રેવડી આપી. પછી મને કે હજી રેવડી લેવી હોય તો લે મારા ખિસ્સામાંથી પૈસા કાઢી લે."

સુરેશની આંખો હવે એકદમ સ્થિર થઇ ગઇ.

બિપીનને આજે પહેલી વાર સુરેશની આંખોમાં ગુસ્સાનો આસાર દેખાયો.

"ભીપ્પીનડા, આપણે તો યાર સાવ સીધા-સાદા. મેં

તો તેના ખિચ્ચામાં હાથ નાખ્યો. એણે સાલ્લાએ ખિચ્ચામાં કાણો કરી રાખ્યો હતો. મેં તો પૈસા ગોતવા હાથ આમતેમ કર્યો, તો...હાથમાં સાલ્લો... (ચૂપ).... મેં તો હાથ પાછો ખેંચી લીધો, ને હું તો યાંથી ભાગ્યો. ગોકલિયો હરામી પાછળથી હસે કાંઇ હસે... ને પાછો રાડું નાખીને કિયે કે ''લે બબા પૈસો નહીં પણ રૂપિયો લે, પકડ બબા મારો રૂપિયો પકડ... આવ!''

આ વખતે સુરેશ હસ્યો નહીં. તેની આંખોમાં પાણી આવી ગયાં. હશે કે કેમ તે તો બિપીન સમજી શક્યો નહીં, પણ સુરેશની આંખો ચળકવા લાગી.

મારી ફઇનો દીકરો નાથિયો, એણે મને સ્કૂલની બારે પકડ્યો. રાખ્ખસ છે સાલ્લો. સાલ્લામાં કેટલી તાકાત! પાછા ગોકલને એવા બીજા દસ ઠોલાઓ એની સાથે ઊભા હોય, તી ઓર દેખાડો કરે. મારે હાથ પકડીને પરાણે એના ખિચ્ચામાં નાખવા જાય.

''ભીપ્પીનડા,

આખી સ્કૂલમાં બધ્ધાને ખબર પડી ગઇ ને સાલ્લા બધ્ધા જ છોકરાંવ મને ખિચ્ચા દેખાડીને કિયે કે ઇ બબા અમારો રૂપિયો લેને! લે બબા અમારો રૂપિયો પકડને! સાલ્લા બધ્ધા હરામી.''

મારી ફઇનો દીકરો નાથિયો, એણે મને સ્કૂલની બારે પકડ્યો. રાખ્ખસ છે સાલ્લો રાખ્ખસ. સાલ્લામાં કેટલી તાકાત! પાછા ગોકલને એવા બીજા દસ ઠોલાઓ એની સાથે ઊભા હોય, તી ઓર દેખાડો કરે. મારો હાથ પકડીને પરાણે એના ખિચ્ચામાં નાખવા જાય.

મેં હાથ ખેંચ્યો તો કે કે'રાંડના, ગોકલિયાને રૂપિયો ધોરો ને આમારો કાંઇ કારો છે? સાલ્લાએ એવા જોરથી હાથ પકડ્યો હતો કે હું છોડાવું કેમ? મેં તો છેને, ભીપ્પીનડા, સાલ્લાના મોઢા ઉપર મારો થૂંક ફેંક્યો. થૂંક એની આંખમાં પડ્યોને કે એના હાથમાંથી મારો હાથ છૂટી ગયો, ને હું ભાગ્યો. ઓલો પાછળથી ત્રણ ત્રણ કટકે ગારું કાઢે. મને કે કે રાંડ બબલીના કાલે આવ તારી વલે કરું છું. ઘરે પોંચીને હું તો આમ ધ્રૂજું હો. એવો ભરાણો કે રાતના તાવ ચઢી આવ્યો.

મા સમજી ગઇ કે કાંઇક થ્યું છે.

મને વારે વારે પૂછે કે બબા શું થ્યું છે? પણ ભીપ્પીનડા હું શું કહું ? કાંઇ થાય તો નહીં!!

સાલ્લા કાકાની દયા ઉપર જીવતા હતા, પેટ એને જ રોટલે ભરાતું ને? અરે માડીને જે થ્યું એના પછીયે અમે કાંઇ કરી શક્યા નહીં, તો આમાં શું થાય? કહું તો માડીનો જીવ બળે, મેં એટલું જ કીધું કે કાલે સ્કૂલે નહીં જાઉં.

સવારે મા મને સ્કૂલે મૂકવા આવી. ને પછી વલ્લભદાસ સરને ક્યાંકથી ખબર પડી કે નાથિયો મને હેરાન કરે છે. હું ભણવામાં પહેલો નંબર હતો ને? એટલે વલ્લભદાસ સરે ઓલાને સોટીએ સોટીએ ફટકાર્યો. ને એના પછી રંજાડ ઓછો થયો.''

બિપીનના મનમાં અરેરાટી થઇ ગઇ. સુરેશે કહ્યું હતું કે હવે ગોકલિયા પાસે પૈસા નથી - ભૂખ્ખડ થઇ ગયો છે. અને સુરિયા પાસે જ્યારે જ્યારે મદદ માંગે ત્યારે સુરિયો મોકલાવી આપે છે. આવાની મદદ કરાય?

સુરિયાની જગ્યાએ પોતે હોતને તો પોતે જ ખિસ્સામાં કાણું કરી અને કહેત, સાલા બાસ્ટર્ડ, મારા ખિચ્ચામાંથી રૂપિયો કાઢ હવે. ખન્ન ખન્ન કરે છે આ રૂપિયો!

''ભીપ્પીનડા, હવે તો હું બબા શેઠ બની ગયો છું! આ ગોકલિયો રોજ કિયે છ કે બબાભાઇ, મારા બબા શેઠ, આ મનિયાને ક્યાંક કામે લગાડોને.

ભીપ્પીનડા, ઇ સાલ્લો એવો કરગરે કે જાણે મારા પગનો તળિયો ચાટી જાશે.''

''સાલા સુરિયા, ચટાડને સાલાને તારું તળિયું, સાલાની સાન થોડીક તો ઠેકાણે આવે!''

બિપીને પાંચમો પેગ બનાવ્યો, ને ડિશમાં થોડાક ભુજિયા નાખ્યા.

કેવું વેર વાળ્યું એમ કહેતો હોય એવી અદાથી હવે સુરેશ બોલ્યો,'' ભીપ્પીનડા, આ ધુમાળાબંધ જમણવાર કર્યો, ઓલા ભૂખે મરતા કરુણાને એક નાનો ઓઇડો લઇ દીધો.

ટોપણને પેન્ટનો કપડો આપ્યો, અને જયેં ગોકલિયાની બેનને સોનાનો કઇડો દીધોને તયેં તો ઇ હરામ જાદાઉંની આંખું ફાટી ગઇ. ઇ વખતે ભીપ્પીનડા મેં કીધું હોત ને, તો સાલ્લા બધા જ એક લાઇનમાં ઊભા રઇ જાત ને પોતે જ મારા ખિચ્ચામાં કાણો કરીને હાથ નાખત. સમજ્યો ભીપ્પીનડા સમજ્યો સાલ્લા... લલુ? સમજ્યો... સાલ્લા?

આ બે લાખ રૂપિયા ખર્ચ્યા ઇ વસૂલ થિયા કે નહીં?'' **મ**

---

**વાર્તા ગમી? ન ગમી? અમને કહો**



મારો રેડીમેડનો વ્યવસાય છે. નાટ્ય પ્રવૃત્તિ સાથે છેલ્લાં દસેક વર્ષથી સંકળાયેલો છું. છેલ્લાં ચાર વર્ષમાં મેં અગિયાર નાટકો લખ્યાં છે, અગિયારમાંથી સાતેક નાટકો મેં દિગ્દર્શિત કર્યાં છે અને તેમાં અભિનય પણ કર્યો છે.

**ચેકમેટ, અંબિકા દાળવડાની બાજુમાં, એચ.એલ.કોમર્સ કોલેજની બાજુમાં, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા અમદાવાદ-૩૮૦ ૦૦૯**

**૯૩૭૭૭ ૬૪૮૮૮**

**vipulthakkar9@gmail.com**

**'મમતા' વાર્તાસ્પર્ધામાં ત્રીજા સ્થાને આવેલી ચાર વાર્તાઓમાંની એક**

# નટી

## વિપુલ ઠક્કર

''રાત થોડી ને વેશ ઝાઝા'' નાટકની ચર્ચા, રજૂઆત પહેલાં જ જોરશોરથી ચાલી રહી હતી. તેનું કારણ હતું - પરેશ લીલાધર તલકશીનું આ ૨૫મું નાટક હતું. મુંબઈની રંગભૂમિનું બીજા નંબરનું વેચાતું નામ એટલે નિર્માતા પરેશ લીલાધર તલકશી. ૧૫ વર્ષની કરિયરમાં ૨૪ સફળ-અતિસફળ નાટકો આપીને રંગભૂમિ પર પોતાનું નામ ગજાવતું રાખનાર પરેશ લીલાધર તલકશી એટલે 'પ.લી.ત.' પણ જાણવા જેવી જણસ છે. એનો જ્યારે જન્મ થયો હશે ત્યારે એની માને પણ આઘાત લાગ્યો હશે કે આ એણે શું જણી દીધું. અત્યાર સુધી એવી કહેવતો સાંભળેલી કે પેટે પથરો પાક્યો, પણ નર્સ બહેનોએ એમની કરિયરમાં પહેલી વાર એ કહેવત સાચી પડતી જોઈ હશે. આજની તારીખમાં પણ ટિકિટ રાખીને પલીતને પ્રાણી સંગ્રહાલયના કોઈ પાંજરામાં ઊભો રાખ્યો હોય, તો આખા પ્રાણી સંગ્રહાલયનો ખર્ચો એ એકલો કાઢી આપે એવો એનો દેખાવ. શાહુડીને કોમ્પ્લેક્ષ થાય એવા એના વાળ. ઉંદરડાઓએ આડેધડ કાતરી હોય એવી એની ભ્રમર. સોડા બોટલના તળિયાને પાતળા કહેવડાવે તેવા જાડા કાચનાં ચશ્માં. ભૂંડનું તો સારું લાગે તેવું એનું નાક. ભેંસોને શરમ આવે એવા એના હોઠ. હોઠ ઉપર ઝીણી ઝીણી કીડીઓ ચોંટી હોય એવી એની મૂછ. સૂપડા જેવા કાન. શર્ટ વગર નીકળે તો કોઈ માબાપ એનાં બાળકોને, ચોપડીઓના બદલે આને બતાવીને કહી શકે કે જો બેટા રીંછ આને કહેવાય. આને અધૂરો ઘડ્યા પછી ભગવાન ક્યાંક એકીપાણી કરવા ગયા હશે એ તકનો લાભ લઈને એમની નજર ચૂકવીને આ પલીત પૂંછડી વગર એ લોકમાંથી આ લોકમાં અવતરી ગયો હશે. આ જન્મમાં તો આ પલીતે કોઈ પુણ્ય કર્યાં હોય એવું કોઈને લાગતું નથી, પણ ગયા ભવના પુણ્યના પ્રતાપે આજે એ મુંબઈ જેવા શહેરની, નાટક ઈન્ડસ્ટ્રીનો બીજા નંબરનો નિર્માતા છે.

'રાત થોડી ને વેશ ઝાઝા' એ પલીતનું પચીસમું નાટક, જેની તડામાર તૈયારી થઈ રહી હતી. ૨૫મું નાટક હીટ જાય એટલા માટે પરેશ કોઈ કસર છોડવા માંગતો નથી. પલીત એક નંબરનો ભૂત હતો. પાક્કો ધંધાદારી. નાટક વેચવા એ બધ્ધા હથકંડા અપનાવતો. કોઈ પણ ભોગે ધંધો થવો જોઈએ એ પલીતનો ગુરુમંત્ર. અને નાટક ચલાવવું હોય તો સારી વાર્તા, સારા સેટ અને સાથે સારા કલાકારો પણ હોવા જ જોઈએ. અને સુંદર છોકરીઓ પણ. ફાસ્ટ ફૂડના જમાનામાં પ્રેક્ષકોને ચટપટી ભેળ જોઈએ, એ વાત પલીત સારી પેઠે સમજતો હતો. એટલે નવા નાટકમાં ચોથી હીરોઇનને લઈને એ ચિંતિત હતો, ચોથી હીરોઇન હજી મળી નહોતી.

ત્યાં પલીતના ફોનમાં શકીરાનો હિપસ ડોન્ટ લાઇનો રીંગટોન વાગ્યો. ડિસ્પ્લે થયેલા નંબરને જોઈને કૈંક કંટાળા સાથે પરેશે ફોન ઉપાડ્યો. એક સ્ટ્રગલર એક્ટરનો ફોન હતો. 'અરે બોલ બોલ વહાલા, બહુ દિવસે ફોન કર્યોને કંઈ, હાં બેટા પ્લાનિંગ તો ચાલી રહ્યું છે, કાસ્ટિંગ પતી ગયું છે. અરે વ્હાલા મને યાદ જ છે, સાચું કહું તો આ વખતે મેં તને યાદ કરેલો પણ ખરો, પણ તારે લાયક કોઈ રોલ જ ના નીકળ્યો. અચ્છા એવું છે, શું વાત કરે છે, 'ભૂત કોઈ ઘટાદાર પીપળો જુએ અને એને જે ખુશી થાય એમ પલીતના ચહેરા પર ચમક આવી ગઈ, જાડા કાચના ચશ્માંની પાછળ ચણી બોર જેવી કીકીઓ અચાનક લખોટીઓ જેટલી મોટી થઈને સમાન વર્તુળાકારે આંખોની અંદર ગોળ ગોળ રમવા લાગી.



'અરે વ્હાલા ક્યાં છે તું, એવું છે, અ... આમ તો થોડો બીઝી હતો, પણ એક કામ કર, આવી જા, જ્યારે જ્યારે મારું ગાડું અટકે છે ને ત્યારે ત્યારે મારો વ્હાલો મારી પડખે આવીને ઊભો રહે છે.' એમ કહી સામે ટીંગાડેલા ચોવીસ બાય સોળની ફ્રેમમાં ફીટ કરેલા શ્રીનાથજીને હાથ જોડ્યા. અચાનક બારણું ખૂલ્યું અને દરવાજામાંથી એક સુંદર છોકરી અંદર આવી. પાછળ પાછળ મનિષ માંકડ દાખલ થયો. એ છોકરીને જોઈને પલીતના પાછળના શબ્દો ગળામાં અટકી ગયા. ટેબલ ટેનિસનો બોલ જો તાકીને મારો, તો સીધો જ ગળાની નીચે ઊતરી જાય એટલા ખુલ્લા મોંએ આગંતુક છોકરીને ઉપરથી નીચે સુધી નિહાળી. શિલ્પા શેટ્ટીનું નાનું વર્ઝન લાગતી છોકરી ભલભલાનાં દિલ ડોલાવી નાખે તેવી હતી. બ્લેક કલરનું શોર્ટ સ્કર્ટ, એની ઉપર પર્પલ કલરના સ્લીવ્લેસ ટોપમાં વ્હાઇટ સૂર્યમુખીની પ્રિન્ટ, નીચે બ્લેક હોલ શુઝ. બ્લેક શુઝ અને સ્કર્ટની વચ્ચે દેખાતા તેના ગોરા પગ કાળા શુઝ અને સ્કર્ટને લીધે વધારે સેક્સી લગતા હતા. બે નાની પોની, જેમાં પર્પલ કલરની બો. કાનમાં મોટા રાઉન્ડ પર્પલ અને બ્લેક કલરનાં બે-બે લટકણીયાં. ડાર્ક આઈ લાઈનર. પરફેક્ટ ૩૬-૨૪-૩૬ની ફિગર. ઉપરથી નીચે સુધી નિહાળતાં અચાનક જ પલીતના મોંમાંથી ટીપીકલ સીટી નીકળી ગઈ. 'હાય, હાઉ આર યુ ફ્રેન્ડ્સ, એમ કામિની, કામિની કામાંતુર.' 'સર આપણે વાત થઈ હતીને હમણાં એ આ જ છોકરી કામિની.' મનિષ માંકડે કામિનીને બદલે જવાબ આપ્યો. કામિનીને જોવામાં પરેશનું મનિષ તરફ ધ્યાન જ નહોતું. કામિનીને જોઈને ક્ષણિક તો એની બત્તી જ બુઝાઈ ગયેલી. ૨૦૦૦ વોટની એલોઝનને ચાલુ કરો પછી એ ધીરે ધીરે પ્રકાશ આપે, એમ એને ધીરે ધીરે યાદ આવ્યું કે સામે બેઠો છે, એ બોમ્બને લઈ આવવા માટે મનિષ માંકડે ફોન કરેલો. 'અરે હાં વ્હાલાં, સારું કર્યું. તું એને અહીંયા લઈ આવ્યો, નવા નાટક માટે એક છોકરીની જરૂર હતી જ, અમે ક્યારના એ જ વિચારતા હતા કે કઈ છોકરીને લઈશું.'

કામિની કામાંતુર સાથે મિટિંગ કર્યા પછી દિગ્દર્શક બિમલે એને એક બાકી રહેલા રોલ માટે ફાઇનલ કરી ત્યારે કામિની કરતાં વધારે ખુશી પલીતને થયેલી. આજે કામિનીને જોઈને રંગીલા પલીતને ઉપરથી નીચે સુધી ઘંટડીઓ વાગવા લાગેલી. મારો બેટો જોરદાર ફટાકડો છે - વિચારતાં વિચારતાં વાતાનુકૂલિત ઓફિસમાં એની ઝૂલણ ખુરશીમાં ઝૂલતાં ઝૂલતાં ગીત ગણગણવા લાગ્યો... 'રૂપ તેરા મસ્તાના... પ્યાર મેરા દીવાના...'

આમ તો કાસ્ટિંગ કાઉચ એ આ લાઇનની જૂની બદી છે. બધાને એ ખબર છે તેમ છતાં છોકરીઓ આ લાઇનમાં આવતી રહેતી હોય છે. ક્યારેક ક્યારેક કોઈ શક્તિ કપૂર કે અમન વર્મા સ્ટીંગ ઓપરેશનમાં ઝડપાતા હોય છે, બાકી બંધ બારણે બધું ચાલતું રહે છે. જો કે દરેક છોકરીઓ આમાં ભેરવાય જ છે એવું પણ નથી. કેટલીક વાર કામ નહીં મળવાની હતાશા છોકરીઓને કાસ્ટિંગ કાઉચ કરતા કાગડાઓ તરફ ધકેલતી હોય છે. અને પલીત પણ એવો જ કાગડો હતો. અને કાગડા બધે જ કાળાના ન્યાયે પણ કામિનીએ તેને હલાવી નાખેલો. બાવીસ-ત્રેવીસ વર્ષની કામિનીએ એવાં કામણ કર્યાં હતાં કે પલીત આજે ભાન ભૂલીને ભુરાયો ભૂત થવાની તૈયારીમાં હતો. કામિનીના વળાંકો યાદ આવતાં, તેનું મર્કટ મન, કામિનીને કેવી રીતે કામ આતુર કરવી તેનું તરકટ વિચારવા લાગ્યું. હવે તો કંઈ પણ થાય પણ આ માછલી તો ફસાવવી જ પડશે. એને તો લપેટવી જ પડશે.

'જો, બધા તને લપેટવાની કોશિશ કરશે, પણ તારે એ બધાથી બચીને દૂર રહેવાનું છે સમજી'. એક સસ્તી પ્રકારની રેસ્ટોરાંમાં બેસીને વડાપાવ અને ઉસળ ખાઇ રહેલા મનિષ માંકડે સામે બેસીને કોલ્ડ ડ્રિંક્સની બોટલમાંથી નાનકડા ઘૂંટડા ભરી રહેલી કામિનીને સોનેરી સલાહ આપી, 'અને જો તને કામ તો મળી ગયું, હવે તારું રહેવાનું ક્યાં છે એમ કહે એટલે તને મૂકી દઉં.' એણે આશ્ચર્યથી કામિની સામે જોયું. 'શું કહ્યું તેં?'

'મમ્મી જોડે ઝઘડો થયો, એટલે હીરોઇન બનવા ભાગી નીકળી જૂનાગઢથી. તારો ફોન નંબર હતો એટલે આવીને સીધી તને મળી.' 'તારામાં બુદ્ધિ નામની કોઇ ચીજ છે, કે પછી અક્કલ વહેંચાતી હતી ત્યારે તું મેકઅપ કરવા ગયેલી. આ તું જે ફૂલફટાકડી થઇને નીકળી પડી છે, તો તને ખબર છે, આ મુંબઇ શહેર શું છે? તું આજે જ તારા ઘરે જવા રવાના થઇ જા. અત્યારે ઓફ સીઝન છે, એટલે બેમાંથી એકમાં તો ટિકિટ મળી જ જશે.'

'હું ઘરે નહીં જઉં, રહીશ તો અહીંયા જ.'

'તારા બાપાએ મુંબઇમાં સી ફેસ બંગલો લઇ રાખ્યો છે તો એમાં રહીશ. અરે તું સમજતી કેમ નથી, તું રહીશ ક્યાં?'

'મનિષ પ્લીઝ, એકાદ મહિનો મારા રહેવાનું કંઇક કરી દે પછી હું મારી મેતે ફોડી લઇશ.'

'એકાદ મહિનો!? અરે અહીંયા એકાદ દિવસ રહેવાનાં ઠેકાણાં નથી હોતાં.'

'પ્લીઝ કંઇક રસ્તો કરને, માત્ર એકાદ મહિનો.'

'માત્ર એકાદ મહિનો તો એવી રીતે કહે છે જાણે આવતા મહિને તને સુપર લોટોનો જેક પોટ લાગવાનો હોય. અને પોતે શાહરૂખ ખાનના બંગલાની બાજુમાં મોટો બંગલો લેવાની હોય. મારે પરેશભાઇને ફોન કરવો પડશે અને એમને બધું જણાવવું પડશે અને તને હીરોઇન બનવાનું શું તૂત ઉપડ્યું છે, તે મોટા ઉપાડે નીકળી પડી છે ગામથી. એક્ટિંગ બેક્ટિંગનો કોઇ અનુભવ છે તને? મને તો નવાઇ લાગે છે કે પરેશભાઇએ તને સિલેક્ટ કેવી રીતે કરી?'

'એ તને નહીં સમજાય, જ્યારે કોઇ વસ્તુમાં કોઇ સ્પેશિયલ આવડતની જરૂર હોય, અને એ આવડત જો તમારામાં ના હોયને, તો તમારે અક્કલ લગાવીને તમારા રૂપને દાવમાં મૂકવું પડે છે.' કોઇ ફિલમનો ડાયલોગ બોલતી હોય એમ કામિની બોલી.

'એટલે તેં કાંઇ આડુંઅવળું તો કમીટ નથી કર્યું ને?' માંકડને ચાંચડોએ ચાંચ મારી હોય એવા અવાજે કરાંજ્યો. 'શાંતિ રાખ. એવું કંઇ જ નથી. મારે આ લાઇનમાં કામ કરવું છે, પરંતુ કોઇ પણ ભોગે નહીં સમજ્યો. જ્યાં શર્ટનું એકાદ બટન ખોલવાથી વાત પતી જતી હોય, ત્યાં જાતને દાવમાં ઉતારું એટલી મૂરખ નથી હું.'

માંકડ છોકરીની વાતથી ડઘાઇ જ ગયો. છોકરી સાચું કહેતી હતી. ગ્લેમર ભલભલી એબને દબાવી દેતી હોય છે. અને સામે બેઠેલી કામણગારી કામિની જે રૂપને લઇને આવી હતી તે રૂપ તો શોધ્યું જડે તેમ ન હતું. 'મારી માને આ લાઇનથી સખ્ત નફરત છે. અને મેં પણ નક્કી કરી લીધું છે કે હું કામ કરીશ તો આ લાઇનમાં જ. એટલે મારે કહ્યા વગર નીકળ્યા સિવાય કોઇ છુટકો જ નહોતો. મારો ગોલ એક જ છે. ધીરે ધીરે મારે ફિલ્મો સુધી પહોંચવું છે. એક વાર મને ફિલ્મોમાં એન્ટ્રી મળી ગઇને પછી દીપિકાઓ કે કરીનાઓને તો હું ઘરે બેસાડી દઇશ. બસ મને થોડાક સમય માટે તારી મદદ જોઇએ છે, અને એના બદલામાં તું જે માંગે તે આપવા તૈયાર છું.'

માંકડ છોકરીના આત્મવિશ્વાસથી હબક ખાઇ ગયો. 'જો તું મારા ગામની છે એટલે તને મદદ કરવાની મારી ફરજ છે, અને મને તારામાં બીજો કોઇ ઇન્ટરેસ્ટ નથી. એટલે મહેરબાની કરીને તારા બટન ખોલવાવાળા ગતકડાં મારી આગળ રહેવા દેજે' માંકડ બગડ્યો. 'અરે જે માંગે તે આપવા તૈયાર છું એટલે પૈસાની વાત કરું છું ચામાચીડિયા, બાકી હું રણબીર કપૂર પર ઘાસ નાખું તેવી નથી સમજ્યો? હવે મારા રહેવાનું કંઇક કર પ્લીઝ.' એકદમ ચાકુની ધાર જેવા અવાજમાંથી ફરી તેનો અવાજ રૂપાની ઘંટડી જેવો થઇ ગયો. આ સ્ત્રીઓને સમજવી મુશ્કેલ નહીં અશક્ય છે. ક્યારે તે રંભા અને ક્યારે રણચંડી બની જાય ને તે કહેવું અઘરું છે. વિચારતાં વિચારતાં માંકડે પરેશને ફોન ડાયલ કર્યો. બીજી જ રીંગે પલીતે ફોન ઉપાડ્યો. માંકડે તેના રહેવાના પ્રોબ્લેમ વિષે વિસ્તારથી વાત જણાવી અને કહ્યું કે સર એના રહેવાનું થાય તો ઠીક નહીં તો તમારે બીજી કોઇ હીરોઇન શોધવી પડશે.

''રાત થોડી ને વેશ ઝાઝા''ના મુહૂર્ત પછી પલીત ખુશ હતો. કામિનીના કામણથી ઘાયલ બધા કલાકારો ટાઇમસર રિહર્સલમાં આવી જતાં હતાં. કામિની કામાંતુર બધાના આકર્ષણનું કેન્દ્ર હતી. છોકરાઓ કામિનીનું રૂપ પીવાથી ધરાતા નહોતા અને છોકરીઓ ઈર્ષાની આગમાં બળીને ખાખ થઇ જતી હતી. બધા છોકરાઓ કામિની કામાંતુરની સરનેમને તેનો સ્વભાવ સમજી તેની આજુબાજુ મંડરાતા રહેતા હતા. સાંજે રિહર્સલ પત્યા પછી કામિનીને લીફ્ટ આપવા બધા ઉત્સુક રહેતા હતા. નવીસવી કામિની પણ બધાને રૂપના બાણથી વીંધતી રહેતી હતી. ચતુર કામિની બધાને સરખો ભાવ આપતી હતી. જ્યારે જ્યારે કામિની રિહર્સલ કરતી હોય ત્યારે બધાની નજર તેની પર એક્સરેની જેમ ફરતી રહેતી હતી. આવતા-જતા ક્યારેક ક્યારેક તે પલીત પાસેથી લીફ્ટ લેતી હતી. અત્યાર સુધી પલીતે ક્યારેય તેને અડપલું કર્યું નહોતું. પલીત આ વખતે શાંતિથી રમવા માંગતો હતો. વહેલનો શિકાર કરવો હોય તો થોડીક તો ધીરજ ધરવી પડે એવું એ બરાબર સમજતો હતો.

મુહૂર્તના બરાબર પચીસમા દિવસે નાટકનો પહેલો શો સફળતાપૂર્વક ભજવાઇ ગયો. નાટક હીટ થશે એવું બધાને લાગી રહ્યું હતું. શો પછી નાનકડી કોકટેલ પાર્ટી અને ડીનર રાખ્યું હતું, એ પત્યા પછી કામિનીને મૂકવા પલીતે લીફ્ટ આપી. આજે હવે એણે દાણો દાબી દેવાનું નક્કી કર્યું હતું. ગાડીમાં એ અને કામિની બંને એકલાં હતાં. રાતના બાર વાગ્યા હતા. પલીત કપડાં માંહેથી મઘમઘતો હતો અને મોંએથી ગંધાતો હતો. ત્રણ પેગ અને બાજુમાં બેઠેલા બોમ્બનો નશો બરાબર ચડેલો હતો.

'આજે તું એકદમ બ્યુટિફૂલ લાગતી હતી વ્હાલી, અને તેં બહુ સારું પરફોર્મ કર્યું હોં વ્હાલી.' લથડાતી જીભે પલીતે જાળ બિછાવવાની શરૂ કરી. 'થેન્ક યુ સર.' કામિનીએ બને તેટલી મીઠાશ ઘોળીને કહ્યું. પલીતે છાંટેલા તેજ પરફ્યૂમ અને તેના મોમાંથી આવતી દારૂની મિશ્રિત વાસથી તેનું માથું ફાટતું હતું. પલીત અત્યારે તેને એક ગંધાતો ડુક્કર લાગતો હતો. ક્યારે જલ્દી ઘર આવે અને એ છૂટે એના ઉચાટમાં એ બેચેન હતી. 'તને ખબર છે, આપણું નાટક ૩૦૦ શોનું નાટક છે.' પલીતે ડીંગ મારી. 'રિયલી?' કામિનીએ નકલી ખુશી દેખાડી. 'અરે તું જોજે તો ખરી, બધાની તો... બેન્ડ વગાડી દઇશું.' બાજુમાં બેઠેલી સુંદર છોકરી આગળ ગાળ ન બોલવી જોઇએ એટલે એણે પાછળનું વાક્ય

સુધારી નાખ્યું. 'જો હવે તું સ્ટાર થઈ જઈશ, તને ખબર છે આવતા મહિનાથી આપણે આપણું પ્રોડક્શન હાઉસ શરૂ કરીએ છીએ. એક ડેઈલી સોપ બનાવીએ છીએ. અને તને ખબર છે આપણી એ સિરિયલની હીરોઇનમાં... ફ્લેટ આવી જવાથી કામિનીએ રાહત અનુભવી. 'ઓ. કે.સ... આઇ મીન ડિ... ડિયર ગુડ નાઇટ' ગાડીનો દરવાજો ખોલી એણે નિરાંતનો શ્વાસ લીધો. 'એક મિનિટ ડિયર, મને એક કપ કોફી નહીં પીવડાવે, પીવડાવીશ ને ડિયર?' પલીતે ઉપર જવાનો પેંતરો રચ્યો. 'અત્યારે, અં...ઓ. કે.નો પ્રોબ્લેમ, કમ ડિયર.' કમને કામિનીએ આમંત્રણ આપ્યું. હવે આનાથી કેવી રીતે છૂટવું. કોફી પીને જતો રહે તો સારું, નહીતર એને ફૂટાડવા માટે કોઇ રસ્તો વિચારવો પડશે. લીફ્ટમાં ઉપર જતાં જતાં કામિની વિચારવા લાગી.

કોફી પીધા પછી કામિની રાહ જોતી હતી ક્યારે આ ગેંડો ઘેર જાય, પણ પલીત આજે પૂરું કરવાના મૂડમાં હતો. બધી તૈયારી કરીને આવ્યો હતો. પરેશે તેના કોટના ખિસ્સામાંથી એક પેકેટ બહાર કાઢ્યું. 'ડાર્લિંગ, આ તારા માટે એક નાનકડી ગીફ્ટ લાવ્યો છું' પલીતે ડિયર ઉપરથી ડાર્લિંગ ઉપર ગુટલી મારી. હાથમાં રહેલું બોક્ષ ખોલીને અમેરિકન ડાયમંડવાળી રીંગ તેની સામે ધરી. 'તને ખબર છે ડાર્લિંગ, આ સાચા હીરાની વીંટી તારા માટે લાવ્યો છું. અહીંયાં આવ, હું મારા હાથે તને વીંટી પહેરાવું.' પલીતે પોતાની તરફ આવવાનો ઇશારો કર્યો. અનિચ્છાએ કામિની ઊભી થઇને એની સામે પડેલી ટીપોઇ પર જઇને બેઠી. તેના હાથમાં વીંટી પહેરાવતાં પલીતને સ્વર્ગ હવે હાથવેંત દૂર લાગ્યું. અત્યાર સુધી જાળવી રાખેલો સંયમ હવે તૂટવાની અણી પર આવી ગયો. કામિનીના શરીરમાંથી આવતી માદક સુંગધે તેને પૂરેપૂરો ઉશ્કેર્યો. રીંગ પહેરાવીને તેના હાથને પકડીને પલીતે તેના ગંધાતા મોઢે કામિનીના હાથ પર કિસ કરી. અને... કાનમાં તમરાં બોલી જાય એવા અવાજે એક જોરદાર ઝાપટ તેના કાનની નીચે પડી. સટ્ટાક... જોરદાર થપ્પડે તેનો બધો નશો ઉતારી નાખ્યો.

રોજ બે વાગે ઑફિસ આવનારો પલીત બીજે દિવસે અગિયાર વાગ્યામાં હાજર થઇ ગયો. કામિની હવે પછી શું કરશે તેની ચિંતામાં તેને આખી રાત ઊંઘ નહોતી આવી. ત્યાં મોબાઇલમાં વાગેલી રીંગે તેને ચમકાવ્યો. અજાણ્યો નંબર જોઇ પાછા ઓરિજિનલ મૂડમાં ફોન ઉઠાવી તેણે હલ્લો કર્યું. સામેથી સુમધુર અવાજમાં કોઇ સ્ત્રીનું હલ્લો સંભળાયું. 'યસ પ્લીઝ હું તમારી શું સેવા કરી શકું?' મધ જેવા મીઠા અવાજે પલીતે ફોનમાં રસ ઘોળ્યો. 'હજી લેડીઝનો અવાજ સાંભળીને તારી લાળ પાડવાની આદત ગઈ નહીં કેમ?' સામેથી સાંભળીને ખુશીથી ફૂલેલું મોં હવા નીકળી ગયેલા ફુગ્ગા જેવું ઢીલું થઇ ગયું. 'ક...કોણ બોલો તમે?' પલીતે અચાનક અવાજમાંથી મીઠાશ ઓગાળી નાખી. 'પરિયા, તું હજી સુધર્યો નહીં, પચીસ વર્ષ પહેલાં તને ઝાપટ મારેલી એ ભૂલી ગયો લાગે છે.' 'કલાવતી?!' પલીતને પચીસ વર્ષ પહેલાં કલાવતીએ મારેલી ઝાપટનાં તમરાં આજે પણ સ્પષ્ટ સંભળાવા લાગ્યાં. કરિયરની શરૂઆતમાં તે પ્રોડક્શનનું કામ કરતો હતો, ત્યારે ત્યારની નંબર વન હીરોઇન કલાવતીને એક તરફી પ્રેમ કરવા લાગેલા પરેશે, હાથ પકડવાની ગુસ્તાખી કરેલી. ગુસ્સામાં લાલચોળ કલાવતીએ કચકચાવીને પરેશને એક ઝાપટ મારી દીધેલી. એ પછી થોડાક દિવસ પછી કલાવતી નાટકની દુનિયાને બાયબાય કરીને લગન કરીને ચાલી ગયેલી. એ ક્યાં ગઈ છે તે આજ દિન સુધી કોઈને ખબર પડી નહોતી. એ પછી આજે અચાનક એનો ફોન આવ્યો ત્યારે ફરી એક વાર એના અવાજથી પલીતને કાનમાં ધાક પડી ગઈ. 'હાં હું કલાવતી, તારી યાદશક્તિ તારી આદતોની જેમ હજુ એવી ને એવી જ છે કેમ?' કલાવતીએ ધારદાર અવાજે પલીતને તતડાવ્યો. 'હું કંઈ સમજ્યો નહીં?' 'મેં તને કોઈ ક્લાસ લેવા કે તને સમજાવવા ફોન નથી કર્યો પરિયા, એક વાત કાન ખોલીને સાંભળી લે, કામિની મારી દીકરી છે.' પલીતના હાથમાંથી ફોન પડતો પડતો રહી ગયો. 'મને કહ્યા વગર હિરોઇન બનવા મુંબઈ ભાગી નીકળી છે. એનામાં અક્કલ નથી, પચીસ વર્ષ પહેલાં મેં જે ભૂલ કરેલી એ જ ભૂલ એ કરી રહી છે, આ લાઇનમાં જવાની. આ લાઇનમાં તારા જેવા વરૂઓ સિવાય કંઈ છે જ નહીં. ગઈ કાલે એનો ફોન આવ્યો ત્યારે એણે મને કહ્યું કે તેં એની જોડે અડપલું કરવાની કોશિશ કરેલી. પરિયા, આ બીજી અને છેલ્લી વાર તને જવા દઉં છું. હવે જો મારી દીકરી તરફ આંખ ઉઠાવીને જોવાની પણ કોશિશ કરી છે ને તો મુંબઈ તારા ઘરમાં આવીને તારી ધોલાઈ કરીશ સમજી લેજે. તારા આડાઅવળા ધંધા બંધ કરી દે કાગડા. અને હવે મારી દીકરી તરફ કંઈ આડુંઅવળું વિચાર્યું કે મીડિયામાં થૂંક ઉડાડવાની કોશિશ કરીશ તો તારી તો હું... શું કરી શકું છું એ તને ખબર છે. કલાવતી મારું નામ છે એ યાદ રાખજે છછુન્દર પરિયા.'

ફોન કપાઈ ગયા પછી પણ પલીત ખુલ્લા મોંએ કાન પર ફોન લગાડીને બેઠો હતો. ૨૫ વર્ષ પહેલાં અને ૨૫ વર્ષ પછી મા-દીકરી બંનેના હાથની ઝાપટ ખાઈને પલીત હતપ્રભ થઈ ગયેલો. મગજ સુધી પહોંચતો લોહીનો પુરવઠો બંધ થઈ ગયેલો. અસ્પષ્ટ અવાજે તેના મોઢામાંથી કૂકરની સીટીમાંથી નીકળે તેવા સીસકારા નીકળતા હતા. સમયાંતરે બબ્બે નટીના હાથનો માર ખાઈને એની ડાગળી ચસકવાની તૈયારીમાં હતી. ત્યાં અચાનક બારણું ખુલ્યું અને માંકડે દેખા દીધી. 'સર, આજે સવારે કામિનીનો ફોન હતો, તેણે નાટક પણ છોડી દીધું છે અને પેલો ફ્લેટ પણ ખાલી કરીને જતી રહી છે. કહેતી હતી, આજથી એનો ફોન નંબર પણ બદલાઇ જશે. સર, આપણે કોઇ બીજી હીરોઇન શોધવી પડશે. સર, બીજી એક છોકરી છે મારા ધ્યાનમાં, તમે કહેતા હો તો આજે લઇ આવું એને...' એનું વાક્ય પૂરું થાય એ પહેલાં પલીતે એના હાથમાં રહેલા મોબાઇલનો ઘા કર્યો... અને ધડામ દઈને માંકડની પાછળ રહેલો દરવાજાનો કાચ પલીતના અધૂરાં સપનાંની જેમ તૂટ્યો.**મ**

**વાર્તા ગમી? ન ગમી? અમને કહો**




વડોદરાની મેડિકલ કોલેજમાંથી એમ. ડી. કરીને હું સીધો ન્યૂયોર્ક આવ્યો. અહીં રૂમેટોલોજી કર્યું અને પ્રાઇવેટ પ્રેક્ટિસ કરી. તે દરમિયાન 'ગુર્જરી' માટે વાર્તાઓ લખી. મેં અમેરિકાના વિષય લઈ નાટકો લખ્યાં, ભજવ્યાં અને ડીરેક્ટ કર્યાં. પિસ્તાલીસ વર્ષથી હું ન્યૂયોર્કમાં જ છું. હવે હું રિટાયર્ડ છું માટે બે ચાર પુસ્તકો છપાવીશ એવી યોજના છે. મારો પ્રથમ એકાંકી સંગ્રહ 'બુકાની બાંધેલો સ્નોમેન' આ વર્ષે બહાર પડશે.

***488 Old Courthouse Road, Manhasset Hills New York 11040. U.S.A.***
***Tel. ( 516 ) 365 - 4073***
***rpshah37@hotmail.com***


## રજની પી. શાહ

# ટાઇમ શેર

મારું નામ ડૉ. લવ. મારે એક જોડિયો ભાઈ છે કુશ. હું અને કુશ જોડિયા તો માત્ર કહેવા પૂરતા જ. બાકી અમારામાં કશું સરખાપણું નથી. હું સ્કૂલમાં સતત પહેલો નંબર લાવીને વૅલેડીક્ટોરિયન થયો. તે પ્રસંગે મેં એક ગજબની સ્પીચ આપેલી જેમાં મારો જયજયકાર થયેલો. ત્યારે આમ તો કુશ પણ મારી સાથે જ ગ્રેજ્યુએટ થયો હતો એટલે ત્યાં હાજર રહેવો જોઇતો હતો. છતાં એ પદવીદાન સમારંભના ટાણે જ ક્યાંક રફૂચક્કર થઈ ગયેલો! ક્યાં ગયેલો એ કહું? એ વખતે એ બુધ્ધુ, ન્યૂયોર્કના પહેલા જગવિખ્યાત વર્લ્ડ ટ્રેડ સેન્ટરની બે તોતિંગ ઈમારતો ઉપર વંદાની જેમ પૈંદલ ચઢવા ગયેલો! એણે એનાં શિખરોની પાળી પર ચઢીને દોરડાનું હૈડકું લગાવેલું. પછી એ દોરડા ઉપર હવામાં અદ્ધર-પદ્ધર નટની જેમ ચાલવા લાગ્યો. નીચે હજારો લોકો લંચની સેન્ડવીચ ખાતાં ખાતાં એને 'હ્યુમન બીટલ' કહીને હર્ષનાદોથી ચિયર્સ કરવા માંડેલા. એને પકડવા પોલિસો પોતાના કમરપટ્ટા પર કારતૂસોની લૂમો ભરીને બાજુની બારીઓમાંથી ડોકાડોકી કરતા'તા. એ પ્રસંગનું જીવંત પ્રસારણ ટેલિવિઝન પર આખી દુનિયા જોતી હતી. મને હમણાં કોઈકે કહ્યું પણ ખરું કે એ વીડિયો કોઈ વાયડાએ ઈન્ટરનેટ પર મૂક્યો છે અને એક કરોડ લોકોએ એ જોઈ પણ નાંખ્યો. મેં જોયો નથી કારણ એવાં તરગાળાંનાં ખેલ જોવાનો મને ટાઈમ નથી. સોરી.

એક દિવસ બપોરે બે વાગે અપૉઈન્ટમેન્ટ લીધા વગર કુશ મારી ઑફિસમાં આવીને બેસી ગયેલો.

'ચલો. મુદ્દાની વાત કરો. કેમ આવ્યા છો અહીં?' મેં પૂછ્યું. મારી સત્તા બતાવવા મેં મારી પાંપણો બીડી.

'માલ્લીને ફરી કસુવાવડ થઈ. અહીં નીચે ત્રીજા માળે આજે એડમિટ કરી છે.'

'સોરી ટુ હીયર' કહેતા મેં આંખ ઉઘાડી. પછી કશું બોલ્યો નહીં, માત્ર બારીની બહારનું આકાશ જોતો બેસી રહ્યો.

આ માલ્લી ઊર્ફે માલવિકા આમ તો મારી ભાભી થાય, કુશની વાઈફ. એની એક અલગ સ્ટોરી છે જે હું તમને પછી કહીશ. અત્યારે માત્ર એટલું જ કહેવાનું કે આ માલ્લી મારી 'ભાભી' બનવાને આ પૃથ્વી પર અવતરી નહતી. એ મારી પત્ની જ હોવી જોઈતી હતી. બીજું તો શું કહું? એ એક હ્યુમન ટ્રેજિડી. દર વખતનાં આવાં 'માલ્લી-માલ્લી' બોલવાનાં મારાં નિઃસાસા પણ મને હવે એક્યૂપંક્ચર જેવાં ગુણકારી થતાં હશે. એટલે જ તો અત્યારે હું સ્વસ્થ છું.

'આ અબોર્શન વિશે એનો ડૉક્ટર શું કહે છે?' મેં કુશને પૂછ્યું.

'એનું એવું કહેવું છે કે મારું સિમેન (વીર્ય) એમાં મારો સ્પર્મ કાઉન્ટ ઓછો છે. એટલે કૃત્રિમ રીતે જો ગર્ભાધારણ થાય તો માલ્લીના પ્રેગનન્ટ થવાના ચાન્સીસ વધી જાય.'

'કરેક્ટ. તો પછી આપ રાહ શેની જુઓ છો?'

'માલ્લી પેલી ગોળી તો લેવાની જ નથી કે જેનાથી એકી સાથે છ સાત બાળકો સામટા

જન્મે, એવું થાય તો પછી ઉપાધિ. એને એનો જૉબ છોડવો પડે!'

'આઇ ડોન્ટ બ્લેમ હર. કહીને મેં ટાઇમ જોયો. એટલે એ સમજી ગયો. પછી બારણાં આગળ જઈને એ બોલ્યો.

'ઓ.કે. લાસ વેગાસમાં એક કન્વેન્શનમાં મેં મારું બૂથ રાખ્યું છે. એ પતે કે ડૉક્ટરને મળીશું.' કહીને એ છૂટો પડ્યો.

કન્વેન્શન? એ બધી માત્ર ડંફાસો! એ કરે છે શું તે તમને કહું. એ છે ટાઇમ શેરનો સેલ્સમેન. લાસ વેગાસ જેવાં શહેરમાં મારાં તમારાં જેવાં હરખપદૂડાં ઘરાકોને પકડવાનાં. વેકેશનમાં દર વર્ષે તમારે બે વીક માટે કોઈ રમણીય રિસોર્ટમાં મફત રહેવાનું. બાકીના પચાસ વીક તમારી એ પ્રોપર્ટી એ લોકો કોઈને ભાડે આપે. કુશને એમાં કમિશન મળે. પછી કાળક્રમે એ કંપની દેવાળું કાઢીને ફડચામાં જાય અને કુશ જેવા સેલ્સમેનો છૂમંતર થઈ જાય.

●●●

'હાય!...' કહીને એક સવારે કુશ મારી ઑફિસમાં આવ્યો. એના હાથમાં એક ભૂરી પેપરબેગ હતી.

'બેગમાં શું લાવ્યા છો?' એમ પૂછીને મેં પાછી મારી પાંપણો બીડી દીધી.

'મારું સીમેન (વીર્ય). માલ્લીને નીચે કારમાં બેસાડી છે. પાર્કિંગ નથી. ડૉક્ટરની અપૉઇન્ટમેન્ટ..'

ત્યાં જ એનો સેલ ફોન રણક્યો. એણે નંબર જોયો. એ જોતાં જ એ એકદમ રઘવાયો થઈ ગયો.


'નીચે પોલીસ માલ્લીને ટ્રાફિક આપવાની તૈયારીમાં છે. પછી કૉલ કરું.' કહીને એ ભાગ્યો એવી હશહશમાં કે પેલી ભૂરી પેપરબેગ મારા ડેસ્ક પરથી લેવાનું ભૂલી ગયો.

'ઑ ગૉડ! એ આ અહીં ભૂલી ગયો અને માલ્લીની આ સૌથી અગત્યની ડૉક્ટરની વિઝિટ છે. હવે મારે કરવાનું શું? એના ડૉક્ટરનું તો નામ સુધ્ધાં મને ખબર નથી.' હું મૂંઝાયો.

સિનેમા પ્રોજેક્ટરમાં ફિલ્મ જેમ ફસાઇને પિલ્લો થતી જાય તેવી દશા મારી થઈ. હું ફ્રીઝ થઈ ગયો. કરવાનું શું? આ મારી સામે પેલી ભૂરી બેગ હતી, જેમાંથી એક હાલતું ચાલતું મૂવિંગ બાળક સર્જાવાનું હતું જેની કુમળી કુમળી પિન્ક અંગૂલીઓ, જર્કીલી લાતો, કાળી આંખો... આપણી આંગળી એના મ્હોઢામાં ખેંચી લે તેવું એનું નિર્વાતી ચૂસણ.

પછી મેં એક પાપ કર્યું. રૌરવ નર્કમાં પડું તેવું પાપ.

એ બ્લૂ કોથળીમાંથી પીળા ઢાંકણાવાળી નાની શીશી મારા હાથમાં લીધી. એમાંનું સફેદ ઘટ્ટ પ્રવાહી મેં મારી બાથરૂમની સિન્કમાં ઢોળી દીધું. પછી પાણીથી એ ફ્લશ કરી દીધું. એક સરજનની જેમ તેમ મેં મારા બંને હાથ ધોયા. પેલી પીળા ઢાંકણવાળી શીશીને અંદરથી સ્ટરાઇલ ગ્લવ્ઝથી સાફ કરી, કોરી કરી. પછી ઑફિસના એકાંતમાં મેં શું કર્યું, કેવી રીતે કર્યુ અને ચિત્તમાં ક્યો વ્યભિચાર ખેલ્યો તે બયાન મારી આ વાર્તામાં જરૂરી નથી.




પણ એ જ શીશીમાં મેં મારું વીર્ય એકઠું કર્યું જેમાં હવે મારા શુક્રાણુ તરતા હતા. મેં યથાવત્ એને જ્યાંથી લીધેલી હતી ત્યાં જ મૂકી દીધી. મારા આ ગોઝારા કૃત્યનો અંજામ શું આવશે એ વિચારવાની સૂધ મારામાં ન હતી. મારી આંખ જરા મીંચાઈ ગઈ. પછી કોણ મારી ઑફિસમાં આવીને ક્યારે એ સૅંપલ લઈ ગયું મને કશી ખબર નથી. પણ એ ભૂરી પેપરબેગ ત્યાં ન હતી એટલું ચોક્કસ.

●●●

કોઈએ એવા સમાચાર કુશને ઇયર ફોનમાં આપ્યા કે માલ્લી ગર્ભવતી થઈ હતી ત્યારે એ હડસન નદી ઉપરના જ્યોર્જ વૉશિંગ્ટન બ્રીજના દોરડા પર પૈંદલ ચઢેલો. એણે ઇયર ફોન દાબીને એ ન્યૂઝ જાણે ગૅબમાંથી આવતા હોય તેમ સાંભળ્યા. એ ખુશખુશાલ થઈ તાનમાં આવી ગયો. પછી તો

એ પોતાના બે હાથ ફેલાવી ‘સિંગિંગ ઈન ધિ રેઈન’ ગીત ગાવાની મુદ્રામાં ચઢઉતર કરતો નખરાં કરવા લાગ્યો.

હવે ‘મારી માલ્લી’ની વાત કરી દઉં. એને મેં પહેલાં જોઈ એક મિત્રની હાઉસ વૉર્મિંગ પાર્ટીમાં. એણે લાલ ડ્રેસ પહેરેલો. મારી જેમ એ ઇન્ડિયન વંશની હતી એટલે એની ત્વચા આછા બદામી રંગની હતી. એના ફેસ પર સરસ સપ્રમાણ ભ્રમર અને એમાંય એના કાળા અબૂનસી વાળની ઊભી ભૂંગળીયા લટોથી એ જાણે ક્લીઓપેટ્રા લાગતી હતી. એણે મને એક સ્મિત આપ્યું. પછી અમે સંવાદે ચઢ્યાં. મેં મારા મૅડલો, ઑનર્સ ઉપરાંત મારી બધી એકેડેમિક તરક્કીઓની શેખી મારવામાં સહેજે કમી ના રાખી. મને એવા વહેમ પેસા ગયો કે એ છોકરી મારા પર મોહી પડેલી. અહોહો! પછી તો મને પણ એની વિદ્વત્તામાં, એના અવાજમાં, એના ‘માલવિકા’ શબ્દની બારાખડીમાં એ આબેહૂબ પરી લાગી. મારા એની સાથેનાં લગ્ન કેવાં થશે, તેમાં કંકોત્રી કેવી છપાશે, બેંક્વેટ કેવું થશે એ બધું મને થ્રી-ડીમાં દેખાયું.

અમારી છેલ્લી ડેટ તો કાયમ યાદ રહેશે. રેઈનબો રૂમના એ ડિનરમાં એક સામાન્ય વાતનું વતેસર થઈ ગયું. એમાં મારું પહેલું સંતાન શું થશે તેવી ખોટી ચર્ચામાં ઉતરી ગયા.

‘એ તો છોકરો જ અવતરશે.’ મેં મારી મર્દાનગી બતાવવા માલ્લીને કહ્યું.

‘એ તું કેવી રીતે કહે છે?’ માલ્લીએ મને ચેલેન્જ કર્યો…

‘બીકોઝ.’ કહીને હું કંઈક અગડમ બગડમ કારણ શોધવા માંડ્યો.

પછી હું તતપપ થઈ ગયો. એટલે મેં મારાં દરિયાવી લૂંટારા જેવાં ઘાટ્ટાં ઝૂલફાંમાં એનાં આંગળાં પરોવી ચાળા કર્યા. ઉપરથી એને મેં એક સ્માઈલ આપ્યું, એ રીતનું કે જાણે મેડિકલ સાયન્સના ભેદભરમો એને નહીં સમજાય. એવી આતશબાજીમાં મેં પાછું બીજું ઍરોપ્લેન છોડ્યું, ‘માલ્લી! એ મારો છોકરો તો બનશે. ધી પ્રેસિડેન્ટ ઓફ અમેરિકા!’

પણ પછીના શનિવારે જ એ કુશની સાથે શોપિંગ મોલમાં ગઈ. ત્યાં ધીંગામસ્તીમાં એણે કુશને કોઈ આઈસ્ક્રીમ ખાવાની સ્પર્ધામાં ઉતાર્યો. આઠ મિનિટમાં એ રાભો દોઢ લીટર આઈસ્ક્રીમ ખાઈ ગયો! એ ત્યાં ઇનામ જીતીને પાછો હીરો થઈ ગયો.

> ‘ભાભી બિયરના નશામાં
> હીજડા ઉજાણી કરી મોલમાં
> કુશને એક જોકરને ઉશ્કેર્યો.
> તમે પરણી ગયા. તારા પેટમાં
> મારું બાળક છે. ભૂરી બેગની
> શીશીના દ્રવ્યની મેં તફડંચી
> કરેલી. ઝેરની કંકાવટીઓની
> અદલા બદલી કરતા
> નાટકના વિલનની જેમ.

દૈનિક ન્યૂઝમાં એનો ફોટો છપાયો જેમાં પાછળ માલ્લી પણ બિયરની બૉટલ સાથે દેખાતી હતી. મને લાગે છે પછી એ લોકોએ સીવીલ મેરેજ કરી નાંખ્યા. મારો અંગત અભિપ્રાય એવો છે કે માલ્લી કુશને એટલા માટે પરણી કે એનો ચહેરો મારા જેવો હતો અને એ બાલિકબધુ મારી અતાગ બુધ્ધિનો ક્યાસ ન કાઢી શકી.

હમણાં જ મને ન્યૂઝ મળ્યા કે માલ્લીને આ પ્રેગનન્સીમાં પુષ્કળ ઊલટીઓ થાય છે અને ખોરાક ટકતો નથી. એટલે મેં ટેલિફોનમાં કુશને ટળકાવ્યો.

‘પણ તારે એને ડોક્ટરને તો બતાવવી જોઈએ ને?’

મને જવાબ આપવાને બદલે એ કોલ વેઈટીંગવાળા સાથે વાતો કરવા મંડી પડ્યો. હું સમસમી ઊઠ્યો. જોકે મારા ગુસ્સાનું કારણ બીજું હતું કે આ ‘ભાભી’ના પેટથી મારો કુંવર હેમખેમ જન્મે.

હું કુશને ઘરે ગયો. ત્યાં લોન ઉપર સફેદ ચેરમાં મેં માલ્લીને જોઈ. એનો ચહેરો ગોળ થઈ ગયેલો લાગ્યો. મેટર્નિટી ઝભલામાં એની છાતી પણ થોડી ઊભરેલી.

‘હાય!’ મેં હળવેથી એને બોલાવી જેથી એ અચાનક ચમકી ના જાય.

‘હાય.’ કહી એણે મને બોલાવ્યો. એની સામેની ચેર પર મને બેસવા ઈશારો કર્યો.

‘કુશ નથી?’

‘ના. જોબ ઉપર ગયો છે. એક કસ્ટમરને ટૂર આપવા.’

‘હવે તારી આ મોર્નિંગ સિકનેસ કેમ છે?’

‘આઈ એમ ગુડ.’ કહી એ મારા સામું હસી.

પાંચ ફૂટ દૂર બેઠેલી મારી માશૂકાને હું અડકી શકતો નહતો. મારે એને બાથમાં લેવી હતી. મારા હાથની બે હથેળીઓ એ ચન્દ્રમુખીના ગાલ પર ચિપકાવી દઉં એમ મારું મન ચળી ગયું. પણ મેં સંયમ રાખ્યો.

‘આ કુશની આ સ્ટ્યૂપિડિટી છે કે તને આ હાલતમાં એકલી મૂકીને ભાગી ગયો.’ મેં કહ્યું.

મારી એ ટીકા એને ના ગમી. એટલે મેં પલ્ટી મારીને વિષય બદલ્યો, ‘માલવિકા! તારે હવે સારાં સંસ્કારી પુસ્તકો વાંચવા જોઈએ, પૌષ્ટિક વિટામિન્સ લેવાં જોઈએ. જેથી આપણું બેબી

મેધાવી થાય.'

કોણ જાણે મારાથી એ 'આપણું' શબ્દ કેમ વપરાઈ ગયો. તત્ક્ષણ મારા દિમાગમાં ફ્લેશ થયું, સંયમ. ચૂપ. એટલે એ ભૂલ સુધારવા મેં ફોકસ બદલી કાઢ્યું.

'મેધાવી મીન્સ... સુપરમેન.' મેં કહ્યું.

'વાઉ! સુપરમેન! કુશ તો કહે છે એ બેબીને તો એ પૃથ્વી અને ચન્દ્ર વચ્ચેના ઝૂલતા પુલ પર ચલાવશે. હાલક ડોલક!'

'એટલે? કહીને જાણે મારો જ હક્ક હોય તેમ મેં વીટો વાપર્યો, 'આ બેબીને તમે શું કાર્ટૂન બનાવવાના છો?'

'પણ કુશ કહે છે ત્યાં સુધીમાં તો એવો સાયબર પુલ થઈ જશે.'

'એનુ સાંભળવાનું નહીં. શું કહ્યું? મેં પાછાં મારાં પોપચાં બીડ્યાં અને કહ્યું, 'આપણે જીતવાનું છે વ્હાઇટ હાઉસ!'

મને થયું હું ત્યાં ને ત્યાં જ મારો ભેદ ફોડી દઉં. ચર્ચમાં પાદરીને ઘૂંટણીયે પડીને કન્ફેશન કરતો હોઉં તેમ હું મનોમન મારા દશ્યો ચીપવા માંડ્યો. આ રહી મારી અંગત સોલોલોકી,

'ભાભી! બિયરના નશામાં તેં હીજડા-ઉજાણી કરી ને મૉલમાં કુશને અર્થાત્ એક જોકરને ઉશ્કેર્યો. અને તમે પરણી ગયા. પણ હવે તારા પેટમાં મારું બાળક છે. એ ભૂરી બેગની શીશીના દ્રવ્યની મેં તફડંચી કરેલી, છળકપટથી ઝેરની કંકાવટીઓની અદલાબદલી કરતા નાટકના વિલનની જેમ. ખરેખર તો મેં તને રેપ કરી છે એવું પણ કદાચ સાબિત થાય.'

ત્યાં કુશ આવી ગયો. એણે મને કે માલ્લીને કશું હલો-બલો પણ ના કર્યું. આવીને તરત ફોનમાં કોઈ નંબર ઘુમાવ્યો. એના ગ્રાહકને ટાઇમ શેરના ફાયદા સમજાવતો હતો,

'સર! તમારી પ્રોપર્ટી ફક્ત બે વીક. ટાઇમ લીઝ. પછીની બધી જવાબદારી મારી. લાઇફ ટાઇમ.'

●●●

જુલાઇ ૪ની સવારે કુશનો ફોન આવ્યો.

'ભ્રદર...! માલ્લીને. બેબી બૉય આવ્યો...!'

'બેબી બૉય?' એ સાંભળતાં જ મારી જાંઘોમાં લોહી ભરાવા માંડ્યું. રખેને મારાથી હવે કશું બકી ના મરાય!

'સાત પાઉંડનો. એનું નામ પાડ્યું છે... ટશોન... બેબી ટશોન.'

'ટશોન? આવું તો હમ્બગ નામ હોય? આપણે બીજી પેઢીના ઇન્ડિયન. આપણા મોભા પ્રમાણે એનું નામ પાડવાનું.'

'નો. અમે બંનેએ આ નામ ગૂગલમાંથી પસંદ કરીને રાખેલું.'

'મેં પણ એનું એક નામ પસંદ કરીને રાખેલું.' હું ગુસ્સાથી બોલ્યો, 'પરફેક્ટ નેમ. આકા..ર.'

'આકાર? નો. નો. ભ્રદર! આ છોકરો આ કંટ્રીમાં મોટો થવાનો, અહીંની સ્કૂલમાં ભણવાનો. એવાં ફોરેન નામથી લોકોને ડર લાગે. આઇ ડોન્ટ વોન્ટ માય સન... અ લાફિંગ સ્ટોક!'

પણ મારો મર્કટ જીવ અંદરથી કૂદાકૂદ કરતો'તો. એટલે મેં પૂછ્યું,

'પણ એ દેખાય છે કોના જેવો?'

'માલ્લી કહે છે એ મારા જેવો દેખાય છે.'

'અચ્છા?' મેં એને કોઈ રેડિયો નાટકની સ્ક્રિપ્ટ વાંચતો હોઉં તેમ ક્યૂ આપી.

'પણ સાચું પૂછો તો મને એ તારા જેવો દેખાય છે! અદ્દલ તું.'

'શું કહ્યું? મારા જેવો? એ તો એવું લાગે. કારણ આપણે ટ્વિન્સ છીએ.' એને ફુલાવવા હું અમસ્તું જ બોલ્યો.

'પણ માલ્લી શું કહે છે?' એવો સવાલ કરીને મેં હંમેશની ટેવ મુજબ મારાં પેલાં શઠ પોપચાં બીડ્યાં.

'બસ એ જ કે ટશોન મારા જેવો છે. પણ હું કહું છું એ તારા જેવો છે.'

'તો કુશિયા! મારું એક ડ્રીમ છે. એને પ્રેસિડન્ટ બનાવ અમેરિકાનો...! ના ના પાડતો. આપણા વંશનો આ છોકરો જો અમેરિકાનો પ્રેસિડન્ટ થાય, તો એક ઇતિહાસ રચાશે. અમેરિકાનો અને ઇન્ડિયાનો.'

'પણ હજુ તો બેબીને માંડ બે કલાક થયા છે!' એ હસી પડ્યો.

'પણ તને ચેતવું છું, મારે એને પેલો વાંસ હાથમાં લઈને દોરડાં પર ચાલતા નટ તરીકે નથી જોવો.'

એવું બોલી, મેં મારી આંખો મીંચી. પછી હું ઠાવકાઈથી બોલ્યો,

'ચલો આ કૃત્રિમ વીર્યદાનની ટેકનીક તમને બેને તો વરદાન રૂપે ફળી. થેંક ગોડ.'

'વોટ? અમારું આ બેબી એ રીતે નથી થયું... ઓ ભ્રદર! તને હજુ પેલી ભૂરી પેપર બેગનું સેંપલ યાદ રહી ગયું લાગે છે. હવે શું છુપાવું? અમે બેઉ એવાં નફ્ફટ કે એ રાતે જ સેક્સ કરી નાંખી! પછી સવારે ડૉક્ટરે જ અમને ના પાડી. કહે કે સેક્સ પછીના સેંપલમાં તો મારો કાઉન્ટ ઑર ઘટી જશે. એટલે એ બ્લૂ બેગનું બધું અમારા દેખતાં નાશ કરી દીધું.'

ત્યાં બેકગ્રાઉન્ડમાં એના બીજા ફોનની ઘંટડી વાગી. મને હોલ્ડ પર રાખી એણે એ સ્પીકર ફોન લીધો. એમાં એ એના નવજાત દીકરા જોડે વાતો કરવા માંડ્યો. સામેથી પેલા બેબીના કૂણાં કૂણાં ઉંકારા મને પણ મારા ફોનમાં સંભળાવા માંડ્યા. મેં ઊંડા ઊંડા શ્વાસ લીધા, હાશ! **મ**



જન્મે વણકર છું. ચિત્ર શિક્ષકની તાલીમ વઢવાણમાં લઈને ૧૯૬૭માં ડી.ટી.સી. થયો અને હાઇસ્કૂલમાં જોડાઇ ગયો. ત્યારથી ૨૦૦૦માં નિવૃત્ત થયો ત્યાં સુધી ચિત્રશિક્ષક બની રહ્યો. વાર્તાઓ લખતો હતો. ઘણી વાર્તાઓ લખી ને ફાઇલમાં ફસાવી દીધી. વાર્તાઓ, વાર્તાના વ્યાકરણ પ્રમાણે લખાઈ હશે? એ આશંકાએ એક પણ વાર્તા ક્યાંય પણ પ્રસિદ્ધ કરવા મોકલી નહીં.

**હનુમાન મંદિર પાસે, નહેરુ નગર, શેરી નં.૧૩/એ સિદ્ધાર્થ કોલોની - શંકર ટેકરી, જામનગર**
**મો. ૯૪૨૭૯ ૭૭૫૭૯**

ચંદુલાલ ભોજક

# ઓરતામાં લાગી આગ

હું, મધુડી ને ભાવલી આંબલી ઉપર્ય હતીને કાતરા નીસે પાડતી'તી. નીચે ઊભેલ બકુ એની ઘાઘરીનો આગળ્યનો સેડો દુંટીયે ખોંસ્તી-ખોળોવાળી એમાં નીસે ખરેલા કાતરા ભેળા કરતી'તી. હું તો ઠેઠ ટગલી ટોસ્યે પોગી'તી. નીચે મેદાનમાં બીજા સોકરા હાર્યે ભૂરીયો પણ હતો. આ બધાય છોકરા-છોકરીયુંમાં હું ને ભૂરીયો મોટા. મુને ને ભૂરીયાને જવાની આંબુ આંબુ થઈ રઈ'તી. પણ અમને દનિયાદારીનું ભાન નો'તુ તી દનિયાની કોય સંત્યા-ફકર નૈ, અભણ, દેકારામાં તંયે કોક મોટાની રાયડ સ્હંભળાણી -

''એય સોકરીયું... એલાવ રાણકી સે'કે..?''

હાય માડી રે, આ તો ભગુકાકાનો સ્હાદ સે. મને દનિયાદારી પોગી ગઈ... ફફડતી નીસે ઉતરવા માંડી.

''હકઅય... ભગાભાઈ, એ રઇ ટગલી, ટોસ્યે સડી સે... જુઓ તો ખરા...'' ભૂરીયો સાડીયો થાતો મને દેખાડતો બોલી ગ્યો... આ ભૂરીયોય નભાયનો... ધૂળેટીના દનનો વાંહે પડી ગ્યોસ... બબડતી-ફફડતી હું તો આંબલીએથી ઉતરી ગઈ.

''નુ મર્ય તું... હવે નાનકી નથ્... આવડા નેના સોકરાવ ભેળી કુદ્ય તે... આમ હાલ્ય હવે...'' ભગુકાકો વછતો રીયો, હું તો ભાગી.

''એ ઊભી રે...'' ભગુકાકાએ રાડ પાડી. ''આમ ભિખારણ્ય જેવી ઘરે જાતી નય. પેલા તારી કાકી પાંહે જઈ, આ ઝટીયાં ઓળાવીને કાંઈક ઠીકઠાક થઈને પસી ઘરે... આવજ્યે...''

મારે ઘરે ઉલળતી જાતી'તી. ડેલીયામાં પગ મૂક્યો તો બે-ત્રણ ખાટલા ઢાળેલા ને મારા મામા ને બીજા કો'ક મે'માન બેઠા'તા, હોકા ગળગળાવતા ને વાતોમાં હહી લેતા'તા. એને જોઈને શરમાતી, નીચું ઘાલીને ઘરમાં ભાગવા માંડી. ટાણે જ મારા મામાએ મને બોલાવી,

''બટા, રાણી, આંય આવ્ય જોઈ!''

હું નીસી નજરે શરમાતી એ ગયઢેરાઓ પાહે ગઈ. ઊભી રઇ. એક ડોહા તો બોલી પડ્યા,


''ભૈ રૂડા ભા, સોડી તો ભાર્યે સ્હવળોટી સે હેં... તમે તો કોઇ દી' વાતેય કરી નૈ... હેં...'' હાહા. ખોંખોંખો. ડોહા હહવા ગ્યા પણ ખોંખોં કરતા ઉધરેહ કરી બેઠા.

મે'માન આયવાતા મને જોવા, તી મારા તો લગનેય નકી કરીને ગ્યા... હું તો હરખમાં ફૂલ-ફાળકો થઈ ગઈ. બેનપણીયું મને કોઈ ધબ્બા મારીને કોઈ કેડ્યે સીટીયો ખણીને, કોઈ ગળીપસી કરીને બાથંબાથ કરતી ને રાણીના લગન થાય સે

આપણે તો એયને ગીત ગાશ્યું ને ખજૂર-ખારેક ને ટોપરા ખાસ્યું. મજા મજા. મારા ડેલા સ્હાભે રે'તા ને આંગણે ખાટલો ઢાળીને મોટા પોટલા જેવા પડ્યા રે'તા ગંગામા તો કીયે, ''લે લે... હવે કુયદકા મારજે. વધીને વડ જેવડી થઈ પણ સોડીને ભાન જ નથ.'' મારા મોટા-લાભુ ભાભીએ મારું માથું ઓળવતા એક નીહાહો નાખીને કેવા માંડ્યા, ''તમારા લગન થાય સે બોન! ઈ તો સ્હાવ સ્હુકલકડીયા સે ભા એ શું જોઈને તમ જેવી સવળોટી દીકરીને દઈ દીધી.'' મને એમની વાત નો ગમીતી, ઊઠીને ભાગી, ઘરમાં જતી રઈ. મારી માએ સ્હમજાવી, ''કોઈની વાત કાને લેતી નૈ હૈ... શરીરે પાતળા સે તે સ્હું થીયું. નોકરી કરે સે, શ્યેરમાં રેય સે ત્યાં તારે થોડા કાંય સાણા-બળતણ લેવા જાવુ પડશે? ત્યાં તમે બેય રેશ્યો. શ્યેરમાં ફરશ્યો, ફીલમુ જોયશ્યો ને એયને મોજ કરશ્યો. ઇ કાંય આંસુ સે?''

મારા લગનના કંકોતરા દેવા ભગાકાકા સ્હગાઓમાં ગ્યા. તયેં મેં જ ભગાકાકાને કીધું, ''કાકા મણકી બોનને કેજ્યો ને સંગાથ લેતા આવજ્યો.'' મણી મારા મોટા અમરાભાની દીકરી. એના લગન બે વરહ પેલા થઈ ગ્યા'તા. મણી મારી સાહેલીથીએ અદકી. અમે બૌ ભેળી રમીયુ, કુદીયુ સઇ. મને ગણેહ બેહાડી. ગણેહ સ્થાપના કરી એના પાહેળ મારી પથારી ઉપર બેઠી તયેં મારા હરખ ને ઉમંગ મનમાં સ્હમાય નઇ. હા! એ ટાણે જ મણકી આવી પૂગી. હહતી આવી ને મને વળગી પડી. રાણી તો હાલી હોકો ભરવાને - હવે મજા મજા કરશ્યે મારી બોન... એય ને હવે તો આમ બાથંબાથ ને રમત્યું. ને રહના ઘૂંટડા-લેશ્યે-ન જાણે કેટલુંય બોલતી રઇ.


ભૂરીયો અમારા ઘરમાં ફરતો ને બધુંય કામ કરતો ને હરી-ફરી મને જોઈ રે'તો-એની આખ્યું નીંદરમાં ઘેરાણી હોય એમ ઉદાસ ઉદાસ ને નીમાણો થઈ ગ્યો'તો. મેં તો કીધું, ''એલા કાં નીમાણો પડી ગ્યો... તને કાંય પેટમાં દુઃખતુ લાગેસ્ નૈ!'' કઇને હહતી રાજી થઈ જતી. ''ધૂળેટીના દન તો કેવો ગાંડો થઈ ને મારા વાહેણ થ્યો તો...''



**મારા લગનના કંકોતરા દેવા ભગાકાકા સ્હગાઓમાં ગ્યા. તયેં મેં જ ભગાકાકાને કીધું, "કાકા મણકી બોનને કેજ્યો ને સંગાથ લેતા આવજ્યો." મણી મારા મોટા અમરાભાની દીકરી. એના લગન બે વરહ પેલા થઈ ગ્યા'તા. મણી મારી સાહેલીથીએ અદકી.**

મેં મણકીને કીધું ઈ તો કે... સ્હું થાહે. મણકી પણ... મુંઈ સે તે... કાંય સાનુ રાયખા વગર કેતી રઈ. એના વર સંગાથના અનુભવની વાતુ સ્હાભળી મને તો અસંભો ને નો કે'વાય એવી ગલીપસી થવા માંડી. ને જાન માંડવામાં આવી ગઈ. વરરાજાને જોઈને સોકરીયું દોડતી આવી. "રાણીબોન, વરરાજા તો સ્હાવ કડક વરલાડો સે, પાતળો તાડ જેવો ને ઉંદેડીની પૂસડી જેવી તો મૂસ્યું સે." બીજીયું દોડતી આવીને કેવા માંડી, "વરરાજો તો આમ, ધોળા કોડા જેવી આખ્યું કરીને અમારા સ્હામુ જોતો તો લે."

કન્યા પધરાવો સાવધાન... બાર્યે માંડવા નીસેથી બામણે સ્હાદ પાડ્યો. મને પાનેતર ઓઢાડી, સજાવી મારી નાની ભાભી મને માયરામાં લઈ ગઈ. બાયણે નીકળતા પાનેતરના આસા ઘૂંઘટામાં ઈમને જોયા. આ પેલી વાર નજરે ભાળ્યા. સોકરીયું કેતીતી એવા જ લાકડાના સોગઠા ઉપર વરરાજાનાં લૂગડાં પેરાયવા હોય એવા નારીયેલ રોખા મોયે સે, પણ ઈમની આખ્યુંમાં કાં કાંય પૈણવાના ઉમંગ દેખાય નૈ! મને ઈમની પડખેની ખુરશીમાં બેહાડી. ને મારાજે "સાવધાન"ની રાયડ પાડી, લગનના પાઠ મંતર ભણવા માંડ્યા. અમારો હથેવાળો કરવા ઈમના હાથમાં ગોરમારાજે મારો હાથ મેક્યો. તાણે મારા શરીરમાં કાંઈક લખલખા જેવી ધ્રુજ આવી ગઈ, પણ ઈમનો હાથ તો સ્હાવ ટાઢો બોળ ને રીંગણાના સ્હૂકા પાન જેવો બરહટ લાયગો. મણકી સો કેતીતી. હથેવાળો થાય તયેં ઈ તારા હાથને દબાવશ્યે પણ તું કાંઈ સાળો કરતી નઈ. પણ ઈમને તો એમાનું કાંઈ નો કયરું! લગન વિધિ પૂરી થઈ ને મને પાસી ઘરમાં ગણેહ પથારીએ બેહાડી તયેં હવે હું અબુધ કન્યા મટી ગઈ'તી. પાંચીકા રમવાનું બંધ-લંગડી દાવ રમતા ભૂરીયાને બર ઝીંકીને ધબા મારી લેવાશ્યે નૈ. આંબલી-પીપળી ને ઓળ કોળામણો રમાશે નૈ. હું હેબતાઈ ગઈ.



હવે હું આ ઘરની નો રઈ. હું રોઉં રોઉં થાતી'તી ને મારી ભાભીયુ, મારી મા મણકી સ્હૌ સોકરીયું ભાભેડા દેવા માંડી તંયે હુયે પોક મૂકીને રોઈ પડી.

બાર્યે ઢોલીડો ધ્રીબાંગ ધ્રીબાંગ ઢોલ ગજાવવા માંડ્યો. વરરાજા માંડવે ઊભા રઈ ગીયા ને જાનડીયું, "ઢોલીડા ઢબુક્યા લાડી હાલો આપણે દેશ રે." ગાવા માંડી. ને મારી સખી સાહેલીઓએ 'આદશ-આદશ પીપળો આદશ દાદાના ખેતર' ગીત ઉપાડ્યું. હવે મારા હૈયે ભારે તોફાન થાતું હોય એવું થાવા માંડ્યું. હવે તો આ ઘર-મા-બાપા-દાદા-સૌ કટંબને મેલી દેવા પડશ્યે. માંડવા નીસે મને લાવવામાં આવી તાણે તો મારા પગ ભારે વજનદાર થાંભલા જેવા થઈ ગયા. માંડ ઉપડે-મારી બેનડીયું સૌ ગાતી જાય ને આંખમાં આંહુ લુસતી જાય. મારા ભગુકાકા મને બથ ભરી પોક મૂકી ઘરના સ્હૌ રોતા'તા. બસ... દીકરી એટલે... આ ટાણા સુધી જ? કાયરજાના કટકા જેવી દીકરીને પરાઈ કરતા કેટલું બધું માવતરોને દઃખ થાય સે ઈ આ ટાણે જોવાય રીયે સે.

અમ વરઘોડીયાને વળાવવામાં આયવા. મજલે મજલે હાલવા મયડા. પાદર ઊભેલી બસમાં અમને બેહાયડા, ઘૂંઘટામાંથી હું બાર્યે જોઈ રઈતી. આમ સેટે સેટે ભૂરીયો ઘણાય દનનો ભૂખ્યો થ્યો હોય એવો થઈ ઊભો મૂને જોઈ રીયો'તો. ને પૈ સિંસાતા બસ હાલી નીકળી. મારાથી એમાં... એ મણકી... રાયડ પડાઈ જાત પણ ગળે ડસૂરો ભરાઈ ગયો'તો. હવે? બસમાં અજાયણા પુરુષ હાર્યે એકલી હાલી નીકળી. આ મારી વા'લુડી આંબલી જાય, આ પાદર, આ ઝાડવા, માણહો-સૌ વહેણ વયા જાય સે. પાસયળ ને પાસયળ ભાગવા માંડ્યા. હું એ બધાને લાસાર થઈ જોઈ રહી. એવામાં બ-બફાંગ કરતી બસ રસ્તાના એક બાજુના ખાડામાં નમી ગઈ ને હું બાજુમાં બેઠેલા ઈમના ઉપર્ય નમી પડી. ને ઈમણે પાતળી ખીલા જેવી ખોણી બરાબર્ય મારી ભરાવદાર સાતી ઉપર મારતા કે બોલ્યા "સ્હખણી બેહને!" બોલતા તાડૂકી ઊઠ્યા. ધોળા કોડા જેવા મોટા ડોળા કાઢી મને ડરાવવા માંડ્યા. અરર... માડી... હજી તો પાદર મૂયકુય નથી ને આ ખોણીઓ મારી ડરાવવા મયડા સે... ઈને ઘરે

જાયહ તારે... મણકીએ હાંયકે જ રાયખુ ને? તું જોજેને બસમાં પડખે બેઠા સ્હખણા નૈ રીયે તને વાતુએ ધરવી દેહે. તારું કપાળ મણકી... આંય સાતીમાં દુઃખાવો ઉપડી આયવો.

રાત્ય આવી ગઈ. કીયેસ કમાણહના જીવનમાં પૈણાની પેલી રાત અણમોલ ઘડીની રાત હોય સે. મારી પૈણાની પેલી રાત આવી. ઓરડામાં એક મોટો જૂનવાણી ઢોલીયો સજાવેલો હતો. એના પાંહે બે-તયણ બાયુ મને મૂકી ગઈ. ઓયડામાં સ્યારેય બાજુ ડામસીયો, પટારો, જૂના માટીના કોઠી ને કોઠલા બધા જૂના ડોહાઓ જેવા મને જોય રીયા હોય એવા લાગતા હતા. એ હવે તો આવવા જોયએ. મારી સાતીનો દુઃખાવો કયેંક અણકો મારી લેતો હતો. મણકી કેતી'તી પેલા તો આવીને તને બથ ભરી લેહે, પણ તુંય એમની સ્હામે હહજ્યે! ને વાતું કરજ્યે. પસી તને... એ દાંત કાઢતી બોલી ગઈ પણ મુને નો સ્હમજાણુ.

કીઈ... ડીડીડી. ડી... કમાડ બોલી પડ્યું હોય ઈમ ખૂલ્યું. ઈમને આવી ગયા. હું તો સ્હંકોડાઈ ગઈ. ઈમને સ્હેમે કાંયક બીકથી કાંયક કૌવતુકથી જોઈ રહી. હૈયું ધડકવા મયડુ. ને ઈમણે તો કાંય બોયલા નૈ ને બથ ભરી લીધી. જાણે લાકડાના બેલાખીયામાં ભરાઈ પડી હોઉં એમ કાં લાગે? ઈમણે તો ઘા કરીને મને ઢોલીયા ઉપર્ય પસાડી. ને નાયડો એના શિકાર ઉપર સોંટી પડે ઈમ મયડા મને તોડ્ય વસોડ્ય કરવા. હું કે'વા મયડી ''પણ ધીરા તો રો, તમે ક્યો ઈમ કરું'' પણ મારું સ્હાંભળે કોણ! ને એકાએક ઢીલા ઢફ્. હાંફતા હાંફતા ઢોલીયાની ઈમની બાજુની ઇહને વળગી ગયા. મણકી કેતી'તી એવી તે રમતુ ને રહના ઘૂંટડા જેવું તો કાંય નો થ્યુ. આ તો થોડીક વાર બખોડા ભયરા ને ઢગલો થઈ પયડા. આમ કરશ્યે તેમ કરશ્યે એવું કાંય નો થ્યુ-હું તો મૂઢ જેવી જઈને બેઠી રઇ.

બીજે દી' હું સેતી ગઇતી. તો એમ ધ્યાન રાખીને જ ઊભી રઇ, પણ ઈમને તો આવીને ઢોલીયે બેહી ગયા. હવે કાંયક શાંતિથી બોલાવશ્યે. બે-એક વાતુ કરશ્યુ. એમ મનમાં વસ્યારતી ઈમને જોતી ઊભી'તી.

''આંય... બેસ...'' ઈમના મોંએથી અવાજ નીકળ્યો.

> અમે વરઘોડિયાને વળાવવામાં આયવા. મજલે હાલવા મયડા. પાદર ઊભેલી બસમાં બેહાયડા, ઘૂંઘટામાંથી હું બાર્યે જોઈ રઇતી. આમ સેટે સેટે ભૂરિયો ઘણાય દનનો ભૂખ્યો થ્યો હોય એવો થઈ ઊભો મૂને જોઈ રીયો'તો. ને પૈ સિંસાતા બસ હાલી નીકળી.

હું ઈમની પડખે થોડીક સેટી જઇ બેઠી.

''કઉં તને?'' એ ખીજભર્યા ભાવે બોલ્યા-

''હા ક્યોને તી. તમે કાંયક ક્યો, બે-એક વાતુ કરો, તો સ્હારુને.'' એને મનાવવા જેવા ભાવે મેં કીધું.

પણ ઈમને તો નકારમાં માથું ધુણાવી દીધું. કાંયક કેવું સે, બોલવું સે પણ એનું બોલી સ્હકતા નથી.

''શું મારામાં કાંય... વાંક કે અભણ સઉ એટલે...''

''એલી એવું કાંય નથી. આ મારા ડોહાએ ને તારા લાલચી બાપે તારી જિંદગી...

એ બોલતા અટકી ગયા. હું ઈમને જોઇ રઈ-કીમ આમ બોલે સે.

''મારે લગન કરવા નો'તા. મારા ડોહાને મેં કહી દીધું તું તોય તારા લાલચી બાપે ઢગલો એક પૈસા લઈને તને મારા સાથે પરણાવી, પણ... બધું જ...'' વળી પાછુ ઈમનું માથુ નકારમાં ધૂણવા માયડું.

ઈમના અણીયાળા ખભે હાથ મૂકીને ઈમની નજીક જઈને સ્હમજાવવા માંડી, ''હોય ઈ તો, કાલ્ય તો મનેય બૌ થાકોડો હતો તી તમેય થાયકા હશ્યો. આપણે નિરાંતે વાતુ કરીએ. પસી...''

''એ... પસી... વાળીની, પછી કંઇ નથી થાવાનું. હું માણસમાં જ નથી. આ બે ચોખી વાત કરી દીધી...''

બે, મારો હાથ ઈમના ખભેથી આંસકો લેતોક ઉંસો થઈ ગ્યો. મણકીની વાતુમાં ધણીના સુખના ઓરતા જાગી ઊઠ્યા હતા એ ઓરતામાં આયગ લાગી ગઈ. સ્ત્રી-પુરુષના જીવનનો સંસાર જ્યાંથી શરૂ થાય સે એ જ બાબત કધરતે ઓળવી લીધી. ઈમના પડખેથી આંસકો મારી ઊભી થવા ગઈ, પણ લથડીયું ખાઈને ઊંચા ઢોલીયેથી નીસે દેવરાણી તે પડી માથાભેર ભોંય હારે ભટકાઈ પડી. સ્હારેય ડીસા સકર સકર ફરવા માયડી. ઓયડો, ઢોલીયો, પટારા કોઠી-કોઠલા બધુંય સકરાતુ-અંધારામાં ગરક થાવા માંડ્યુ. બધુ કારું કારું મેશ જેવું અંધારું ઘોર, એમાં હું ગરક થઈ ગઈ. અંધારું ફેલાઈ ગયું. ■




*નિવૃત્ત આચાર્ય અને હાલ એડમિનિસ્ટ્રેટર - સેવાસી હાઇસ્કૂલ. વરસો પહેલાં કોલેજકાળમાં ઘણી વાર્તાઓ આરામ, ચાંદની, સરિતા વગેરે સામયિકોમાં પ્રકાશિત થયેલી. વચ્ચે લખવાનું છૂટી ગયેલું. છેલ્લા કેટલાક સમયથી શરૂ કર્યું છે, પણ વાર્તાઓ પુસ્તક સ્વરૂપ પામી શકી નથી.*

**૪૨, કૃષ્ણશાંતિ સોસાયટી**
**૨, મુજમહુડા અકોડા રોડ**
**વડોદરા - ૩૯૦ ૦૨૦**



## અર્જુનસિંહ કે. રાઉલજી


# બબલી

બબલી. નામ સાંભળીને જ મગજમાં જાણે કે ચીતરીનો ઢગલો થઇ ગયો. હા, એ નામ સાથે એક ચહેરો જોડાયેલો હતો - કાળો-કૂબડો, લાંબું કશાય ઢંગધડા વગરનું નાક. નાકમાંથી કાયમ લીંટ દદડ્યા જ કરે. પપ્પા તો કાયમ કહેતા, ''આ અમારી બબલીના નાકમાંથી વાઇસર કાયમ માટે ફાટી ગયું છે, કોઇ પ્લમ્બરની તાકાત નથી એને સરખું કરવાની. કાયમ તેનાં બન્ને નાકમાંથી ગંગા-જમના વહેતી જ હોય!'' માથામાં પણ કાયમ જૂઓએ જાણે કે પોતાનું ઘર જ કરી દીધું હોય તેમ તે કાયમ માથામાં ખંજવાળ્યા જ કરતી હોય! ક્યારેય તેનું માથું ઓળેલું રહેતું નહીં. એની મમ્મી એનું માથું ઓળી આપે કે તરત જ તે ખંજવાળવાનું શરૂ કરી દે, એટલે પછી તેનું માથું ક્યાંથી ઓળેલું રહે? તેની મમ્મી બૂમો પાડ્યા જ કરે, પણ જો તેના ઉપર એ બૂમોની અસર થાય તો તો તેને બબલી કેમ કહેવાય? આ બબલી નામ પણ અનાયાસે જ પડી ગયું હતું. બાકી તેનું સાચું નામ તો શ્રીવા કે એવું જ કાંઇક હતું. આમ તો એ શ્રીવા કહો કે બબલી?! હા, બબલી જ યોગ્ય રહેશે, કારણ કે શ્રીવા નામ તો યાદ રહેતું નથી અને ઝટ મોંઢે પણ ચઢતું નથી, એના કરતાં આ બબલી નામ સારું, યાદ રાખવાની કટાકૂટ નહીં. અભણને પણ આવડી જાય તેવું અને સરળતાથી યાદ રહી જાય તેવું!

તે વખતે પપ્પાના ટ્યૂશન ધમધોકાર ચાલતાં હતાં. આ બબલીની મમ્મી, પપ્પાની દૂરના સંબંધે બહેન થતી હતી અને દિવાળી પૂરી થયા પછી અમારે ત્યાં થોડાક દિવસ રહેવા માટે આવી હતી. સવાર-સવારના પહોરમાં બબલી ચોકમાં રમતી હતી. બરાબર બોલતા પણ શીખી નહોતી અને ટ્યૂશનની છોકરીઓ આવી હતી, તેમણે તેને રમાડવાના હેતુથી જ ખોળામાં લીધી અને તેનું નામ પૂછવા લાગી. ''તારું નામ શું છે?'' પણ બબલી કાંઇ બોલે નહીં અને માત્ર લવારો જ કર્યા કરે, કારણ કે તેને બોલતાં તો આવડતું જ નહોતું. એમાં જ એક છોકરી બોલી, ''બબલી નામ હશે તેનું'' બધીયે છોકરીઓ તેની આ કોમેન્ટથી ખિલખિલાટ હસી પડી. બસ, ત્યારથી તેનું નામ પડી ગયું - બબલી. છોકરીઓ રોજ આવીને તેને બબલી, બબલી કહીને જ રમાડે. અમને પણ પછી તો આ જ નામ જીભે ચડી ગયું. અને ધીરે ધીરે શ્રીવા નામ ભૂલાતું ગયું અને બબલી નામ ચલણમાં વહેવા લાગ્યું. અમને તો ઠીક, પણ તેનાં મમ્મી, પપ્પાને પણ આ જ નામ જીભે ચડી ગયું.

આ બબલી. ચીતરી ચઢે તેવા ચહેરાવાળી. જોવી પણ ના ગમે અને અંધારામાં જોઈ હોય તો બાળકો રાત્રે ઊંઘમાં પણ ડરી જાય એવા ચહેરાવાળી બબલી. અચાનક તેને મારી યાદ ક્યાંથી આવી હશે અને મારો ફોન નંબર ક્યાંથી લાવી હશે? વગેરે વિકટ પ્રશ્નો મારી સમક્ષ ઊભા થયા. હું ઑફિસેથી આવ્યો કે તરત જ રમાએ મને વધામણી આપી કે - કોઇ બબલીના ઘરેથી ફોન હતો કે બબલી બહુ

જ બીમાર છે અને તમને ખૂબ જ યાદ કરે છે - પહેલાં તો હું પણ વિચારમાં પડી ગયો કે આ બબલી વળી કઇ બલાનું નામ હશે? મારે અને એને શો સંબંધ હશે અને મને શા માટે યાદ કરતી હશે? કારણ કે મારા જીવનમાંથી બબલી સંપૂર્ણ ભૂલાઇ ગઇ હતી. પછી. લાંબો વિચાર કર્યો ત્યારે જ બબલી જાણે કે કોમ્પ્યૂટરના રિસાયકલ બીનમાંથી બહાર આવી નક્કી એ જ બબલી! કેટલાં બધાં વરસો વીતી ગયાં? બબલીને જોઇ જ નહોતી. વચ્ચે તેના પપ્પાનું અવસાન થયું ત્યારે અમે લોકો મારા પપ્પા-મમ્મી સાથે તેને ત્યાં ગયાં હતાં, પણ તે વખતે તો બબલી સાથે વાત કરવાનો મોકો પણ નહોતો મળ્યો, માત્ર એને દૂરથી જ રોતી - કકળતી અને આક્રંદ કરતી જોઇ હતી. જો કે તેના દેખાવમાં તો કોઇ સુધારો થયો હોય એવું લાગતું નહોતું. પહેલાંની જેવી જ કૂબડ દેખાતી હતી. ત્યાર પછી તો પાછો ખાસ્સો ગાળો પડી ગયો હતો. વરસોનાં વરસો વીતી ગયાં હતાં. તેની મમ્મી તેમનું કેવી રીતે પૂરું કરતી હશે? જેવા પ્રશ્નો પણ ઊભા થયા હતા, પણ અમે એ વિશે વિચારવાનું છોડી દીધું હતું. વચ્ચે વચ્ચે ક્યારેક તેના સંદેશા આવતા કે, ‘‘મોટાભાઇને કહેજો કે બબલીએ બસ્સો રૂપિયા મંગાવ્યા છે.’’ અને હું પણ કશીયે ખણખોદ કર્યા  વગર તેણે મંગાવેલા પૈસા મોકલી આપતો - મદદના આશયથી જ મેં ક્યારેય એ પૈસા પાછા મંગાવવાની કે તે શું કરે છે તે પૂછાવવાની ચેષ્ટા કરી નથી અને તેણે પણ એ પૈસા પાછા મોકલવાનો પ્રયત્ન કર્યો નથી. હું તો એ પૈસા ભૂલી પણ જતો હતો. એવા તો નહીં નહીં ને દસ-બાર વખત મેં પૈસા મોકલ્યા હશે! પણ પછી તો મારો સંસાર પણ વિસ્તરવા માંડ્યો. એકમાંથી બે, બેમાંથી ત્રણ, ત્રણમાંથી ચાર જણનો સંસાર થયો. મોંઘવારી તો કૂદકે ને ભૂસકે વધતી હતી અને આવક વધતી નહોતી એટલે મને પણ ઘર-ખર્ચામાં તકલીફ પડવા માંડી. ખર્ચને પહોંચી વળવા મારે ઓવરટાઇમ અને વધારાનાં ટ્યૂશન પણ કરવાં પડતાં એટલે હવે તો બબલીને મદદ કરવાનો કોઇ પ્રશ્ન રહેતો જ નહોતો. હવે તો હું પોતે જ એવી



દશામાં હતો કે કોઈ મને પણ મદદ કરે તો સારું. પણ આ જમાનામાં કોણ કોને મદદ કરે? પોતાનું જ્યાં પૂરું થતું ના હોય ત્યાં! એટલે એક-બે વખત બબલીએ પૈસા માટે સંદેશા મોકલ્યા, પણ હું તેના જવાબમાં મદદ મોકલી શક્યો નહીં, પરિણામે તેના મેસેજ આવતા બંધ થઇ ગયા?! હું પણ ધીરે ધીરે તેને ભૂલવા લાગ્યો હતો. વચ્ચે એક વખત ઊડતા સમાચાર આવ્યા હતા કે બબલીને તેની માએ કોઇ સાઇઠ વરસના બુઢ્ઢા સાથે પરણાવી દીધી છે. અમે મનોમન મન વાળ્યું કે ચાલો બાપ વગરની છોકરી ઠેકાણે તો પડી ગઇને? એ સુખી થાય એવું ઇચ્છીએ, બીજું તો શું કરી શકાય? એ વાતને પણ વરસો વીતી ગયાં હતાં અને પરિણામે બબલી મારા મગજના મેમરીકાર્ડમાંથી સંપૂર્ણ નીકળી ગઇ હતી. પત્નીએ જે સમાચાર આપ્યા તેનાથી બબલી યાદ તો આવી ગઇ, પણ તેની ખબર લેવા જવાનો તો મારી પાસે સમય જ ક્યાં હતો?

એક બાજુ મારી દીકરી રૂપા મોટી થઇ ગઇ હતી. તે પણ ખાસ એટલી બધી દેખાવડી નહોતી. પાછી ભણવામાં પણ "ઢ" હતી, એટલે વધારે ભણી પણ નહોતી. પરિણામે તેના માટે મૂરતિયો શોધવાની દોડાદોડ ચાલુ હતી. ઉપરથી તેનાં લગ્ન માટે પૈસા ક્યાંથી કાઢવા એ પણ એક મોટી સમસ્યા હતી. તેમાં બબલીનો ફોન આવ્યો કે તે બીમાર છે અને મને યાદ કરે છે! પણ તેની ખબર કાઢવા જવું કેવી રીતે? અને ખાસ તો ડર હતો કે પાછી બબલીને કાંઇક મદદ કરવી પડશે તો? હવે તો મારી પરિસ્થિતિ તેને મદદ કરી શકું એવી નહોતી જ. દુકાળમાં અધિક માસ જેવી સ્થિતિ હતી અને તે જો મુશ્કેલીમાં હોય અને દવાના પૈસાની જરૂર હોય તો ના પણ પાડી શકાય નહીં. આ બધાં કારણોના લીધે અમે બબલીની ખબર લેવા જવાનું ટાળ્યું હતું!

થોડાક દિવસો વધુ વીતી ગયા. અમારી રૂપાના સારા નસીબે વળી એક છોકરો તેને લાયક મળી પણ ગયો. હતો તો બીજવર, પણ ઉંમર વધારે નહોતી. અને પ્રથમ પત્ની લગ્નના બીજા વરસે જ સૂવાવડમાં મરી ગઇ હતી! તેને અમારી રૂપા પસંદ પડી ગઇ. પણ એક મુશ્કેલી હતી. એ લોકો દસ તોલા સોનું માગતાં હતાં, મારી પાસે તેની મમ્મીનું પાંચેક તોલા સોનું તો હતું, પણ બાકીના પાંચ તોલા ક્યાંથી લાવવું? એ વિકટ સમસ્યા હતી. મેં બધા પ્રયત્નો કરી જોયા. બેંકમાંથી લોન લેવાનો પ્રયાસ કર્યો પણ લોન પાસ ના થઇ, વ્યાજે પૈસા લાવવાનો પ્રયત્ન કર્યો પણ શરાફ ગીરો મૂકવા માટે જમીન કે દાગીના માગતો હતો તે ક્યાંથી લાવવા? ખરેખર, છોકરીના બાપ બનવા જેટલો મોટો ગુનો કોઇ નથી. હું વિમાસણમાં જ હતો. ત્યાં બબલી ક્યાંથી યાદ આવે? એક દિવસ રાત્રે સૂતાં પહેલાં રમાને બબલી યાદ આવી ગઇ.તે બોલી, "હું તમને કહેવાનું ભૂલી ગઇ, હમણાં બે-ત્રણ દિવસ ઉપર આ તમારી બબલીનો પેપરમાં ફોટો છપાયો હતો અને કાંઇક બેસણાના સમાચાર હતા. હવે તો બેસણું જતું રહ્યું હશે, પણ બબલી મરી ગઇ છે એ સમાચાર જાણ્યા પછી આપણે એકાદ દિવસ તેના ખરખરે જઇ આવવું જોઇએ!" મને પણ તેની વાત તો સાચી લાગતી હતી, પણ તેના કુટુંબમાં કોણ કોણ છે અને આપણને ઓળખશે કે નહીં તે વિમાસણ હતી. પાછો સમયનો પણ અભાવ હતો. જઇશું, જઇશું કરીને દિવસો કપાતા જતા હતા પણ જવાનો કોઇ મેળ પડ્યો નહોતો.

તેમાં પાછો વચ્ચે રૂપાના સસરાનો ફોન આવ્યો કે અમારી જાનની વ્યવસ્થા બરાબર થવી જોઇએ, તેમાં કોઇ કચાશ ના રહી જાય.. શક્ય હોય તો કોઇક વાડી અથવા પાર્ટી-પ્લોટ બૂક કરાવજો. એટલે હું તેની ગડમથલમાં પડી ગયો. આજકાલ શહેરમાં પાર્ટી-પ્લોટ કે વાડી એમ કાંઇ રસ્તામાં થોડાં પડ્યાં છે કે સસ્તામાં મળી જાય? આમાં ને આમાં લગભગ પંદરેક દિવસ બીજા નીકળી ગયા અને બબલીના ખરખરે જવાનું રહી જ ગયું.

લગ્નની તૈયારીમાં અમે ગળાડૂબ હતા. જેમતેમ કરીને વ્યાજે પૈસા લાવીને અમે રૂપાને પરણાવવાની પૂરેપૂરી તૈયારી કરી લીધી હતી. તે દિવસે રાત્રે રસોઇયાને સીધું-સામાનની યાદી બનાવવા બોલાવ્યો હતો. અમે બેઠાં-બેઠાં યાદી જ બનાવતાં હતાં ત્યાં જ ફોનની ઘંટડી વાગી. ફોન મેં જ ઊઠાવ્યો,

"હલ્લો---"

"હલ્લો, કોણ મહેન્દ્રભાઇ બોલો છો?"

"હા. હું મહેન્દ્રભાઇ જ બોલું છું, તમે કોણ?"

"હું શ્રીવાબહેનનો વકીલ બોલું છું. શ્રીવાબહેન તેમની તમામ મિલકત અને બન્ને બંગલા તથા ફેક્ટરી તમારા નામે કરી ગયાં છે, તો કાલે આવીને તમો કબજો લઈ લો તો હું જવાબદારીમાંથી છૂટું."

હું ક્ષણવાર તો શૂન્યમનસ્ક થઇ ગયો... ફોનના રિસીવર સામે જ તાકી રહ્યો. નાકમાંથી લીંટ દદડતાં હોય એવી બબલી. મારે તને શું કહેવું? મને જાણે કે મારા કાન ઉપર પણ વિશ્વાસ પડતો નહોતો અને સમગ્ર ધરણી ચક્કર ફરતી લાગતી હતી! **મ**




*વ્યવસાયે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગુંદરણ, જિ. અમરેલીમાં લેબોરેટરી ટેક્નિશિયન. દસેક વર્ષ પહેલા 'દિશાતરંગ' નામનું સાપ્તાહિક શરૂ કરેલું. શરૂઆતમાં અખબારોમાં લલિત લેખો છપાયેલા. તે પછી અસ્વીકારના ભયે કાંઈ કશે મોકલ્યું નથી.*

***જીન પ્લોટિંગ, પરમાણંદ સોસાયટી સામે***
***દામનગર ૩૬૫ ૨૨૦***
***મો. ૯૯૦૪૫ ૭૧૧૪૮***
***njjoshi73@gmail.com***


# નલિન જોશી

# પુરુષ

વરસાદના બે મહિના-અષાઢ અને શ્રાવણ-સાવ કોરા ગયા પછી અધિક શ્રાવણ એટલે કે-પુરુષોત્તમ માસના પહેલા જ દિવસે ભારે વરસાદ પડી ગયો હતો. ઉંબર સુધી આવીને પાછા વળી ગયેલા અંજળને ઝંખતી કોઈ પ્રૌઢ કુંવારીની જેમ તપી-તપીને બળી ગયેલી ધરની ફાટફાટ વરસાદને જીરવી શકતી ન હતી. ચેકડેમના ભ્રષ્ટાચારને તોડી તોડીને આગળ વધી ગયેલું પાણી તળાવને પણ ઓવરફ્લો કરી ધસમસતું હતું. ટીવીમાં વોટર સ્પોર્ટ્સની રમતો જોઈ-જોઈને કંટાળેલા બાબાઓને જરા 'નેચરલ સીન' બતાવવા મમ્મી-પપ્પાઓ સાંજે વરસાદ અટક્યા પછી તળાવને કાંઠે ભેગાં થયાં હતાં. મિત્રો સાથે આવેલો નીરવ પંડ્યા પણ આજે સાત માસ પછી ફરી આ સ્થાને આવ્યો હતો.

•••

"પાર્થ, બેટા! જો ધ્યાન રાખજે... પડતો નહીં."

"પણ મમ્મી, ચોકલેટ આપવાની હોં?"

"હોં"

"જાઉં છું."

"ધીમે દોડ, બેટા!"

અને મમ્મીનો અવાજ સાંભળ્યા વગર પાર્થ રમવા દોડી જતો. તા. ૫-૨-૨૦૦૦ના રોજ એ જન્મ્યો ત્યારે માધવી-એની મમ્મીને સિઝેરિયન કરવું પડેલું. જન્મ સમયે જ વજન ૪ કિલો ઉપર હતું. નીરવના લગ્ન પછીનું એ બીજું વર્ષ હતું. મમ્મી-પપ્પાને દાદા-દાદી બન્યાનો અનેરો હર્ષ હતો. એમની વૃદ્ધ થતી જતી ચામડીમાં આ 'લાલા'નો સ્પર્શ અજીબ ચેતન જગાવી ગયો હતો. નીરવ-માધવીની તો આખી દુનિયા જ બદલાઈ ગઈ હતી. મમ્મી-પપ્પા અને બે જણ પોતેથી બનેલું અગાઉનું સૂનમૂન ઘર આ પાંચમા સભ્યના આગમને જીવતું બની ગયું હતું. ટગર-ટગર જોવું, ઝીણું-ઝીણું રડવું, બંધ મુઠ્ઠીઓ કપાળે રાખી સૂઈ જવું, ખોળામાં પીપી કરી હસવું, કોમળ પગ ઉછાળ્યા કરવા... નીરવ એની કોમળ ત્વચાને અડ્યા જ કરતો. ઑફિસનાં ટેન્શનો અને વ્યર્થ પળોજણોથી ત્રસ્ત જિંદગી જાણે સહ્ય બની ગઈ હતી. માધવીની છાતી પર સામ્રાજ્ય જમાવીને સૂતેલા પાર્થની બાજુમાં સૂઈને નીરવ માધવી સાથે પાર્થની વાતો કર્યા કરતો :

"ક્યારનો રો-રો કરે છે." નીરવ, જરા તબલું વગાડતો. એક વાર રાત્રે તબલાંનો તાલ સંભળાવ્યો અને પછી તો જાણે ક્રમ થઈ ગયો. રોજ એ જ સમયે પાર્થ રડે ને નીરવના તબલાંના તાલ સાંભળી, શાંત થઈ સૂઈ જાય. નોકરી મળ્યા પછી સુષુપ્ત થઈ ગયેલો નીરવનો તબલાંનો શોખ જાણે પાર્થને વળગી પડ્યો હશે! તેની કોમળ હથેળીઓ ક્યારેક તબલાં પર મૂકાવે તો ઘૂઘવાટા કરી ઊઠતો. "નક્કી મોટો તબલચી થશે." મહેમાનો મજાકીયા સ્વરે કહેતા.

ઊંધા પડતાં શીખ્યો, બેસતાં શીખ્યો, ડગમગ ઊભા રહેતાં અને પડતા-પડતા ચાલતાં શીખ્યો. વહેલી સવારમાં ''દા-દા-દા-દા''નો લવો વાળવાથી લઈને કાલું-કાલું બોલતાં શીખ્યો. ભર ઉનાળે ખીલેલા ગુલમહોર જેટલી જિંદગી ભભકદાર થઈ ગઈ. ''મ્યાઉં'' અને ''હાઉક'', ''ટાટા'' અને ''બાય-બાય'', ''ભૂ'' અને ''ચાંદામામા'', ''ધીન-ધીન'' અને ''તીતી.'' રાત્રે ક્યારેક સૂવે નહીં તો બહાર ફળિયામાં હીંચકા ઉપર બેસી, ખોળામાં સૂવડાવી થપથપાવવાનું અને વાર્તા કહેવાની કે ગીત ગાવાનું. માંડ આંખો મીંચે પછી વાળમાં હાથ સહેલાવતાં નીરવ વિચારે ચડી જતો. 'કાલે મોટો થઈ જશે, ભણવું પડશે, જગતના રિવાજોમાં જોતરાવું પડશે, ત્રણ કલાકની પરીક્ષામાં આખા વર્ષનું ભણતર સાબિત કરી આપવું પડશે. ક્યારેક નાપાસ થવાનું સહન કરવું પડશે, ક્યારેક મારી જેમ ખોટા કોપી-કેસનું દર્દ વેઠવું પડશે, ક્યારેક હું પણ એને સમજી શકીશ નહીં - ક્યારેક એ પણ મને નકારશે, ક્યારેક પીઠ પાછળ ઘા પડશે, ક્યારેક સંબંધોનું રાજકારણ રમશે. અપમાનો અને મંત્રણાઓને હળવાશમાં ભૂલાવી દઈ મજબૂત બનવું પડશે, ક્યારેક કડવા સત્યને સરાજાહેર બોલી પસ્તાવું પડશે. એ પુરુષ છે અને પુરુષની રીતે એને રહેવું પડશે. જખ્મોને સમજવા અને વેઠવા પડશે. રાત્રે સગાની લાશ સાથે સ્મશાનમાં જવુ પડશે અને સવારે પત્નીનો 'પ્રેગનન્સી ટેસ્ટ' પોઝિટિવ જોઈ હરખાવું પડશે. સ્ત્રીનાં મન અને શરીરની ભાષાને એણે પારખવી અને પામવી પડશે.'

''લાવો હવે એને, ઘોડિયામાં સુવડાવી દઉં.''

માધવીના સાદે નીરવનું વિચારચક્ર તૂટતું. પાર્થ બે વરસનો થયા પછી નીરવે એને પદ્ધતિસરની તબલા વગાડવાની તાલીમ આપવા માંડી. પાર્થના હાથમાં કુદરતી લય હતો. એકાદ વર્ષે થોડી શાસ્ત્રીય સમજ કેળવાઈ પછી 'તાલ'નો અનોખો તાર બંધાઈ ગયો. સાંભળનારા સહુ કૌતુક અનુભવતા, પણ પોણા પાંચ વર્ષે તો પાર્થે એક શેરી કાર્યક્રમમાં તબલા વગાડીને સૌને દંગ કરી દીધા.


• • •

માધવીએ રિસીવર ક્રેડલ પર મૂક્યું અને બારી-બારણાં બંધ કર્યાં.

''બસ બેટા પાર્થ, હવે સૂઈ જા.''

''ના મમ્મી, છેલ્લી ઓવર છે. જોવા દે પછી સૂઈ જશું, બસ!''

રાતના સાડા નવ થયા હતા. માધવીએ નાઈટી પહેરતાં-પહેરતાં, ફરી ઘડિયાળ સામે જોયું.



''બસ બેટા, સૂઈ જા. સવારે મોડું થશે.''

''ઓ.કે. મમ્મા, હવે સૂઈ જ જાઉં. મેચમાં કંઈ દમ નથી. હારી ગયા.''

''પાણી પી, બાથરૂમ જઈ સૂઈ જા.''

માધવીએ ટ્યૂબલાઇટ બંધ કરી નાઇટ લેમ્પ શરૂ કર્યો. એને ખબર હતી કે સૂતા પછી પાર્થ તરત જ ઘસઘસાટ ઊંઘી જવાનો હતો.

ફરી ઘડિયાળમાં જોયું. 'જયશ્રી કૃષ્ણ' કહી પાર્થ સૂતો. માધવીએ થોડી વાર એના વાળમાં આંગળી ફેરવી. ''નીરવે ખરી ટેવ પાડી છે.''

બરાબર પોણા અગિયારે પાછલો દરવાજો સહેજ ખખડ્યો. માધવી તરત પાર્થથી અળગી થઈને થડકતે હૈયે ઊભી થઈ. બારણાંની સ્ટોપર સહેજ ખોલી. માધવી ''કોણ'' બોલે એ પહેલાં એક ઊંચો, ગ્રે ટી-શર્ટ, કાળું જિન્સ પહેરેલો યુવાન બારણાંને ધક્કો મારીને અંદર આવી ગયો. માધવીને મોઢે હાથ દઈને સ્ટોપર અંદરથી બંધ કરી દીધી.

''રિલેક્સ માધવી, હું-મિહિર'' કહી માધવીને વળગી પડ્યો.

''પણ'' માધવીએ મિહિરનું આલિંગન હટાવ્યા વિના કહ્યું.

''ઓહ સ્વીટી - માધુ! તું મને મૂરખ માને છે કે તારો ઈશારો ન સમજી શકું? કૉલેજમાં તારી સાથે પૂરાં ત્રણ વર્ષ કાઢ્યાં છે. તને પૂરેપૂરી ઓળખું છું. માધુડી, ફોનમાં તે જ સામેથી કહ્યું હતું ને કે તારો વર છ-સાત દિવસ બોમ્બે ગયો છે અને તારાં સાસુ-સસરા આજે નથી. પછી હું ઝાલ્યો હાથ રહું?''

''ખોટ્ટા! મેં તને નો'તુ કહ્યું? - કે ઘેર ન આવતો. મને બીક લાગે અને આમેય પાર્થ જાગી જાય તો? એ કરતાં કાલે પેલી સી-રોક હૉટેલમાં.''

''ગાંડી, કાલ સુધી રાહ કેમ જોવી? ફોન કર્યા પછી એક કલાક માંડ ગઈ.''

''પણ પાર્થ?''

''ઓહ્ નો, માધુ ! તું ખોટી બીવે છે. એ તારો ઊંઘણશી ક્યારનોય ઊંઘમાં તબલાં વગાડતો હશે. એ કદાચ ઊઠશે તોયે તબલાં વગાડશું - સૂઈ જશે!!''

મિહિરે નાઇટ લેમ્પની સ્વીચ પણ બંધ કરીને માધવીને જકડી લીધી, પણ પારદર્શક નાઇટીમાં માધવીને જોવાની લાલચ રોકી ન શક્યો અને ફરી નાઇટ લેમ્પ કર્યો. માધવી પણ હવે ગાંડીતૂર થઈ ગઈ હતી. મિહિરની છાતી ખોલીને ચુંબનોની બોછાર બોલાવી દીધી.

''ઓહ મિહિર.''

મિહિરે પાછળથી પકડી હેરપીન ફેંકી દીધી અને કાન પાછળ ચુંબનો કરીને માધવીના ઉન્નત ઉરોભારમાં જાતને સમાવી લીધી.

સંયમિત સંસાર કે બેજવાબદાર આનંદ-એ બે વચ્ચે થાપ ખાઈ ગયેલાં બે વાસનાલોલુપ મનુષ્ય-પ્રાણીઓ હદ વટાવી ચૂક્યાં. માધવીના આનંદ-ચિત્કારના નશામાં ચૂર થયેલા મિહિરનો પગ ટીપોઈ પર રાખેલી ફૂલદાની પર ભટકાયો અને એ અવાજથી પાર્થ અચાનક જાગી બી ગયો.

''મમ્મી!''

પાર્થ મિહિર-માધવીની યુગ્મ મુદ્રા જોઈને વધારે ડરી ગયો અને ચીસ પાડી ઊઠ્યો. માધવી પણ અવાચક બનીને ધ્રૂજવા લાગી. કંઈ પણ વિચાર્યા વગર-વિદ્યુત ઝડપે-મિહિર પાર્થ પર કૂદી પડ્યો, માધવી કંઈ બોલે એ પહેલાં પાર્થને ગળે બાઝી પડ્યો.

''શું કરે છે મિહિર? પ્લીઝ મૂકી દે, મરી જશે.''

માધવીએ શરીરે શાલ વીંટીને પાર્થને મિહિરના હાથમાંથી છોડાવી લીધો. ડરી ગયેલો પાર્થ જોરથી રડવા લાગ્યો. માધવીને હવે પોતે શું કરી બેઠી એનું ભાન આવ્યું.

''પપ્પાને જ કહી દઉં.'' પાર્થ રડતાં-રડતાં માધવીને મુક્કા મારવા લાગ્યો. બાજુમાં નિર્વસ્ત્ર ઊભેલા મિહિરે ભયભીત અને ક્રોધિત થઈને માધવી પાસેથી પાર્થને ખૂંચવી લીધો. બાજુમાં પડેલી પ્લાસ્ટિકની દોરી પાર્થના ગળા ફરતે વીંટાળીને જોરથી ખેંચી દીધી.

''રાક્ષસ'' માધવી ચિત્કારી ઊઠી.

''નહીં માધવી, આ જોખમી છે. આ આપણને મારી નાખશે. એ કરતાં...''

માધવીએ મિહિરને ધક્કો મારીને પાડી દીધો, પણ મિહિરે પાર્થના ગળા ફરતેની દોરી જોરથી પકડીને માધવીને ફગાવી દીધી. પાર્થનો અવાજ ટૂંકાઈ ગયો. માધવી ફરી ઊભી થઈને મિહિર પાસેથી પાર્થને છોડાવે એ પહેલાં જ મિહિરે ફાંસો છોડી દીધો. પાર્થનું નિષ્પ્રાણ શરીર માધવીના ખોળામાં પડ્યું. માધવીના ખુલ્લા સાથળ પર પાર્થના નાકમાંથી નીકળેલું ગરમ લોહી પડ્યું. માધવી આક્રંદ કરે એ પહેલાં મિહિરે એના મોંએ ડૂચો ભરાવી દીધો.

• • •

ઑફિસ કામે મુંબઈ આવેલો નીરવ સવારે હોટેલના રૂમમાં ઊઠીને બેસે ત્યાં જ મોબાઇલની રીંગ વાગી. ડિસ્પ્લેમાં નંબર જોઈ વિચારે કે 'પાર્થનો ફોન હશે.' ત્યાં જ કાકાનો ગંભીર અવાજ સંભળાયો -

''હલ્લો નીરવ! માધવીની તબિયત ખરાબ થઈ ગઈ છે. તું તાત્કાલિક આવી જા.''

"પણ કાકા, શું થયું છે?"

"બધી વાત રૂબરૂ. તું અત્યારે જલદી ઘરે આવી જા."

"કાકા, વાત તો કરો?"

ફોન કટ. નીરવ ચિંતાતુર થઈ ગયો. માધવીને શું થયું હશે? કદાચ કંઈક ગાયનેક પ્રોબ્લેમ હશે. મેં એને કેટલી વાર કહ્યું છે કે - દવા નિયમિત લે, પણ માને તો ને." કદાચ પપ્પાને કંઈ થયું હશે? વધારે વિચારવાનો સમય ન હતો. તરત તૈયાર થઈ ગયો. પાર્થ માટે લીધેલા નવા તબલાંનો સેટ મોટા થેલામાં ભર્યો. કંપનીમાં બોસને ફોન કરીને વાત કરી. ઈમરજન્સી એર ટિકિટ મંગાવી રવાના થયો. "સમથિંગ ઈઝ રોંગ" - ચિંતામગ્ન ચહેરે વિચારતો રહ્યો...

માધવીએ મિહિરને ધક્કો મારીને પાડી દીધો. મિહિરે પાર્થના ગળા ફરતેની દોરી જોરથી પકડીને માધવીને ફગાવી દીધી. પાર્થનો અવાજ ટૂંકાઈ ગયો. માધવી ફરી ઊભી થઈને મિહિર પાસેથી પાર્થને છોડાવે એ પહેલાં જ મિહિરે ફાંસો છોડી દીધો.

સોસાયટીમાં આવતાવેંત દૂરથી ઘર જોયું તો ધ્રાસકો ખાઈ ગયો. ઘર ફરતે સફેદ વસ્ત્રધારી ડાઘુઓનું ટોળું હતું. "શું થયું હશે?" હૃદય જોરથી ધબકી ગયું.

ગાડીનું બારણું ધડાકાભેર ખોલીને ઘરમાં ગયો ત્યાં માથાં પછાડતાં પિતા, માતા અને સગાં સ્નેહીઓને જોઈને ભાંગી પડ્યો.

"શું થયું મારી માધવીને?"

વિહ્વળ બની સૌને પૂછતો પપ્પા પાસે ગયો ત્યાં પિતા આક્રંદ કરી બોલ્યા - "માધવી નહીં બેટા, પાર્થ."

"હેં? પાર્થ? શું થયું પાર્થને?" નીરવનો અવાજ ફાટી ગયો.

"ભાઈ, આપણા પાર્થને મારી નાખ્યો." માતા આક્રંદ કરીને ભેટી પડી.

નીરવ હવે સંપૂર્ણપણે ફસડાઈ પડ્યો.

"કોણ? ક્યાં છે મારો પાર્થ?"

એકસામટા ઘોર વિલાપથી સમય કંપી ઊઠ્યો...

બાંહોમાં ઝુલાવી-ઝુલાવીને બચી કરેલા પુત્રના મૃત શરીરને પામવા પિતા હાથ પ્રસારી રહ્યો.

"હૉસ્પિટલમાં છે. પી.એમ. થાય છે. હમણાં આવશે..."

"અને માધવી?"

"એનો પત્તો નથી."

બીજો આઘાત. એ કશું સમજી શક્યો નહીં. માથાં પછાડી પછાડીને બેભાન બનેલા નીરવમાં પાર્થના તબલાં અને ડાઘુઓ ચક્રાવો મારતા રહ્યા. અડધાએક કલાકની ડૉક્ટરી સારવાર પછી ભાનમાં આવ્યો ત્યારે પાર્થનું મૃત શરીર હૉસ્પિટલથી આવી ગયું હતું. પાર્થના પોસ્ટમોર્ટમના ચીરા પાડી સાંધેલા નિષ્પ્રાણ શરીરને જોઈને ફરીને બેભાન બની ગયો. ભાનમાં આવ્યો ત્યારે સ્મશાનમાં હતો. પપ્પા એને રડતાં-રડતાં સમજાવતા હતા - "ભાઈ ઊઠ, ભાઈ ઊઠ..."

અને એણે ઊઠવું પડ્યું. પાર્થને પ્રેરિત કરેલ પુરુષત્વના પાઠ ભજવવા એણે ઊઠવું પડ્યું. ફાટેલી રહી ગયેલી પાર્થની અનિમેષ આંખોમાં જોઈને ગળામાં ભરાયેલા ડૂસકાને વહેતાં મૂકી ચિતા જલાવી. એની નજર સામે પાર્થનાં આઠ અને પોતાનાં પાંત્રીસ વરસ સળગી ગયાં. ભડભડ બળવા માંડ્યાં. હાડકાં વચ્ચે પૂરેલું સ્નેહબળ તડતડ કરીને રંગીન જ્યોતે બળવા માંડ્યું. એ થીજી ગયો.

• • •

પાર્થના અવસાન પછી મમ્મી-પપ્પા અર્ધપાગલ બની ગયાં. નીરવ ફ્રિઝ્ડ-અવાચક બની ગયો. પોલીસે તાગ મેળવી લીધો. પાર્થના ખૂન પછી મિહિરે માધવીને મનાવી. લાશને નિર્જન તળાવને કાંઠે ફેંકીને બંને નાસી છૂટ્યાં. પાછળથી માધવીએ પણ આપઘાત કરી લીધાના સમાચાર હતા.

અને આજ સાત માસ પછી એ જ તળાવમાં ઓવરફ્લો થતું પાણી જોઈને નીરવ પંડ્યા અવાચક હતો. ફરીથી આખું ઘટનાચક્ર એની નજર સામે પસાર થઈ ગયું. 'અહીં જ મારો પાર્થ મૃત બની પડ્યો હતો.' 'અહીં જ મારું માસૂમ-નિર્દોષ ફૂલ ધૂળમાં રગદોળાયું'તું." નીરવનો સાદ ફાટી ગયો. 'પાર્થ...પાર્થ...પાર્થ...' મિત્રો ડઘાઈ ગયા. નીરવ પાણીમાં પડવા જતો હતો. મહાપ્રયત્ને તેને રોકી રાખ્યો. એને હૈયાફાટ રડવા દીધો.

દર્દની કાલિમા એનાં અશ્રુઓમાં વહી ગઈ અને એને જાણે પાર્થને માટે પ્રેરેલું પુરુષત્વ યાદ આવ્યું. આઘાતો સહન કરી ગયેલાં મા-બાપને તેના સહારાની જરૂર હતી. એ ફરીથી પુરુષ બની ગયો. સંવેદનશીલ, સહનશીલ અને જવાબદાર પુરુષ. **મ**



કૃષ્ણપ્રસાદ મિશ્રાની આ વાર્તા સાહિત્ય અકાદમીના એ હાર્વેસ્ટ ઓફ ઇન્ડિયન શોર્ટ સ્ટોરીઝ નામે નવલિકા સંચય (૧૯૮૫)માંથી લીધી છે. લેખકે આઠ વાર્તાસંગ્રહો, ત્રણ નવલકથાઓ વગેરે ઉડિયા ભાષામાં અને બે તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો અંગ્રેજીમાં લખ્યાં છે. મિશ્રાજી 'માનસ' નામે માસિક ચલાવે છે. એમને પ્રજાતંત્ર પ્રચાર સમિતિ, કટ્ટક તરફથી ૧૯૭૨માં શ્રેષ્ઠ વાર્તાકાર પારિતોષિક મળેલું.

***ભાવાનુવાદ : સંજય છેલ***
***sanjaychhel@gmail.com***

| | ଅ a | ଆ ā | ଇ i | ଈ ī | ଉ u | ଊ ū | ଋ ṛ | ଏ e | ଐ ai | ଓ o | ଔ au |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| କ୍ k | କ | କା | କି | କୀ | କୁ | କୂ | କୃ | କେ | କୈ | କୋ | କୌ |
| ଖ୍ kh | ଖ | ଖା | ଖି | ଖୀ | ଖୁ | ଖୂ | ଖୃ | ଖେ | ଖୈ | ଖୋ | ଖୌ |
| ଗ୍ g | ଗ | ଗା | ଗି | ଗୀ | ଗୁ | ଗୂ | ଗୃ | ଗେ | ଗୈ | ଗୋ | ଗୌ |
| ଘ୍ gh | ଘ | ଘା | ଘି | ଘୀ | ଘୁ | ଘୂ | ଘୃ | ଘେ | ଘୈ | ଘୋ | ଘୌ |
| ଙ୍ ṅ | ଙ | ଙା | ଙି | ଙୀ | ଙୁ | ଙୂ | ଙୃ | ଙେ | ଙୈ | ଙୋ | ଙୌ |
| ଚ୍ c | ଚ | ଚା | ଚି | ଚୀ | ଚୁ | ଚୂ | ଚୃ | ଚେ | ଚୈ | ଚୋ | ଚୌ |
| ଛ୍ ch | ଛ | ଛା | ଛି | ଛୀ | ଛୁ | ଛୂ | ଛୃ | ଛେ | ଛୈ | ଛୋ | ଛୌ |
| ଜ୍ j | ଜ | ଜା | ଜି | ଜୀ | ଜୁ | ଜୂ | ଜୃ | ଜେ | ଜୈ | ଜୋ | ଜୌ |
| ଝ୍ jh | ଝ | ଝା | ଝି | ଝୀ | ଝୁ | ଝୂ | ଝୃ | ଝେ | ଝୈ | ଝୋ | ଝୌ |
| ଞ୍ ñ | ଞ | ଞା | ଞି | ଞୀ | ଞୁ | ଞୂ | ଞୃ | ଞେ | ଞୈ | ଞୋ | ଞୌ |
| ଟ୍ ṭ | ଟ | ଟା | ଟି | ଟୀ | ଟୁ | ଟୂ | ଟୃ | ଟେ | ଟୈ | ଟୋ | ଟୌ |
| ଠ୍ ṭh | ଠ | ଠା | ଠି | ଠୀ | ଠୁ | ଠୂ | ଠୃ | ଠେ | ଠୈ | ଠୋ | ଠୌ |
| ଡ୍ ḍ | ଡ | ଡା | ଡି | ଡୀ | ଡୁ | ଡୂ | ଡୃ | ଡେ | ଡୈ | ଡୋ | ଡୌ |
| ଢ୍ ḍh | ଢ | ଢା | ଢି | ଢୀ | ଢୁ | ଢୂ | ଢୃ | ଢେ | ଢୈ | ଢୋ | ଢୌ |
| ଣ୍ ṇ | ଣ | ଣା | ଣି | ଣୀ | ଣୁ | ଣୂ | ଣୃ | ଣେ | ଣୈ | ଣୋ | ଣୌ |
| ତ୍ t | ତ | ତା | ତି | ତୀ | ତୁ | ତୂ | ତୃ | ତେ | ତୈ | ତୋ | ତୌ |
| ଥ୍ th | ଥ | ଥା | ଥି | ଥୀ | ଥୁ | ଥୂ | ଥୃ | ଥେ | ଥୈ | ଥୋ | ଥୌ |
| ଦ୍ d | ଦ | ଦା | ଦି | ଦୀ | ଦୁ | ଦୂ | ଦୃ | ଦେ | ଦୈ | ଦୋ | ଦୌ |

## કૃષ્ણપ્રસાદ મિશ્રા/ઉડિયા વાર્તા

# એક્સટ્રીમલી અર્જન્ટ

ઇન્ડિયન એરલાઇનની એર હોસ્ટસે દૂર એક ઊંચા અને પહોળા પેસેન્જરને, એક ગાદીવાળી ખુરશી પર બેઠેલા એક જુવાન છોકરાને ચીંધીને કહ્યું, 'આ છોકરો દિલ્હી જવા માંગે છે. એને રિઝર્વેશન નથી, પણ વેઇટિંગ લિસ્ટમાં એનું નામ સૌથી ઉપર છે. એકદમ અર્જન્ટ કામ છે. ક્યારનો અહીંયા ઊભો હતો, પણ કોઈ ટિકિટ કેન્સલ નથી થઈ અને બિચારો નિરાશ થઈને ત્યાં બેઠો છે, પણ શું થઈ શકે?'

ઊંચા અને પહોળા સજ્જને 'ફેન્ટા'ની બોટલ પરથી કમને એનું મોઢું હટાવ્યું અને કહ્યું, 'હું સેક્રેટરીઓની એક કૉન્ફરન્સમાં ભાગ લેવા જઈ રહ્યો છું. સરકારી કૉન્ફેરન્સ, યુ સી! હું તો કેન્સલ નહીં કરી શકું કારણ કે મારે તો ગમે તે ભોગે ત્યાં પહોંચવું જ પડશે. આફ્ટર ઓલ પ્લાનિંગની મિટિંગ છે. તમે ગવર્મેન્ટ ઑફિસર ના હોય એવાં કોઈ પેસેન્જરને તમે પૂછી જુઓ, જેને ટાઇમની કોઈ મારામારી ન હોય, યુ નો.'


કાઉન્ટર પરની એર હોસ્ટેસને અફસોસ થયો કે આટલા મોટા ગવર્મેન્ટ ઑફિસરને એ ઓળખી ન શકી અને એને આવી વિચિત્ર વિનંતી એ કરી બેઠી. એણે તરત એમની માફી માંગી. પછી એ એક ઉમ્ર-દરાઝ ધોતિયાધારી પંજાબીનુમા સજ્જન તરફ ગઈ અને બોલી, 'શેઠજી, તમે તમારી ટિકિટ પાછી આપી શકો. ત્યાં પેલો છોકરો બેઠો છેને એ ખૂબ મુશ્કેલીમાં છે. એનાં એકદમ નજીકના સ્વજન પઠાણકોટમાં ગુજરી ગયા છે. લાશ ત્યાં હોટેલમાં પડી છે. એને ત્યાં જઈને અને અંતિમક્રિયાની તૈયારી કરવાની છે. એટલે કે સમજોને પ્લીઝ, બિચારો બહુ ટેન્શનમાં છે. તમને બીજી કોઈ પણ ફ્લાઇટમાં ટિકિટ જોઈતી હશે એ બૂક કરી આપવાનું હું પ્રોમિસ આપું છું.'

શેઠજીએ એની પત્ની સાથે વાત અટકાવીને પેલી સ્ત્રીનું બોલવું એકદમ ધ્યાનથી સાંભળ્યું. પણ જેવું પેલીનું બોલવાનું પત્યું કે 'આ જગતનું શું થવા બેઠું છે.' એવો ભાવ એના ચહેરા પર ચમક્યો... એ જોરથી હસ્યો અને એણે એના બેરંગ દાંત દેખાડ્યા (જે કદાચ વધારે હસવાને લીધે બેરંગ થઈ ગયા હશે) અને બોલ્યો, ''મેડમ, આજકાલ, ઇન્ડિયન એરલાઇન્સના પેસેન્જરો સાલા બધા બહુ હોંશિયાર થઈ ગયા છે! હું વીસ વર્ષથી મહિને કમ સે કમ ચાર-પાંચ વાર દિલ્હી, મુંબઈ, મદ્રાસમાં બિઝનેસ ટૂર કરું છું. અને આવી બધી ટ્રિકો જાણું છું! પણ હું આ ફ્લાઇટથી દિલ્હી નહીં પહોંચું તો મારા દસ લાખના ટેન્ડરનું શું થશે? સોરી, મારે તો આ ફ્લાઇટથી દિલ્હી જવું જ પડશે!'' કહીને શેઠજીએ ચહેરો ફેરવી લીધો અને એની પત્ની સાથે ફરી પહેલાંની જેમ કચકચ શરૂ કરી... કાઉન્ટર પરની હોસ્ટેસનો ઉત્સાહ હવે ઠંડો પડી રહ્યો હતો કારણ કે બબ્બે વાર એની વિનંતી લોકોએ ફગાવી દીધી, પણ પછી એને યાદ આવ્યું કે હજી બે મિનિટ પહેલાં જ પેલો જુવાન, કાઉન્ટર પર કેવો ધ્રુસકે ધ્રુસકે રડીને કહેતો હતો કે : પ્લીઝ, મેડમ, કાંઈ કરો! મારા ફાધર કાશ્મીર ફરવા ગયેલા. એ મારી મધરનેયે

લઈ જવા માંગતા હતા, પણ એ ઘરના કામને લીધે જઈ ન શકી. અમે બધાંએ માને ખૂબ સમજાવી એમની સાથે જવા માટે, પણ મા એકની બે ન થઈ. એટલે પછી મારા ફાધર ખીજાઈને એકલા જતા રહ્યા. અને ત્યાં જ હાર્ટએકેટમાં ગુજરી ગયા. અમને આ તાર આવ્યો પઠાણકોટથી એમના મોતનો ! હોટેલના સ્ટાફે એમના સામાનમાંથી ડાયરી શોધીને અમારાં સરનામે તાર કર્યો કે અમે ત્યાં આવીને એમની અંતિમક્રિયા કરીએ! અમે લોકોએ ફોનથી કહ્યું છે કે અમે તરત આવીએ છીએ, પણ હોટેલના લોકોયે ક્યાં સુધી રાહ જુએ? મારી મધર સાવ ગાંડા જેવી થઇ ગઇ છે. બહાર કારમાં બેઠી છે અને એ પણ પઠાણકોટ મારી સાથે આવવા માંગે છે, પણ તમે મારા માટે માંડ એક ટિકિટ પણ નથી આપી શક્તાં તો હવે એના માટે શું વિનંતી કરું તમને? પ્લીઝ, મેડમ, કોઇકને પૂછી જુઓને, જો પોતાની ટિકિટ આપી દે મને તો...!' બસ આ શબ્દોએ જ તો કાઉન્ટર પરની એ સ્ત્રી પોતાનું કામકાજ છોડીને એ જુવાન પર દયા ખાઇને લાઉજમાં આવી હતી.

એટલામાં માઇક પર અનાઉન્સમેન્ટ શરૂ થઇ. પેસેન્જરો બોર્ડિંગની લાઇનમાં જોડાવા માંડ્યા. મોડાં પડેલાં મુસાફરો, કાઉન્ટર પર પોતાના સામાનનું વજન કરાવવામાં વ્યસ્ત હતાં. એવામાં એક કારમાંથી ઊતરીને ભડકીલાં કપડાંવાળો ૪૦-૪૫ વર્ષનો એક પુરુષ, કાઉન્ટર તરફ પેલી સ્ત્રી પાસે આવ્યો અને ફલાઇટ અનાઉન્સ થઇ ગઇ કે નહિ એ વિશે પૂછપરછ કરવા માંડ્યો. પેલીએ એને જરૂરી માહિતી આપી અને પછી ખૂબ જ નમ્રતાથી પૂછ્યું, 'સર, તમને વાંધો ન હોય તો એક રિક્વેસ્ટ કરું?' અને પછી પહેલાંની જેમ આખી વાત આજીજીપૂર્વક કહી, જોકે એને બિલકુલ આશા નહોતી.

એકદમ નાટકીય અદાથી પેલા સજ્જને કહ્યું, 'ડાર્લિંગ, દુનિયાભરનાં અભિનેતાઓ અને અભિનેત્રીઓ દિલ્હી ફિલ્મ



ફેસ્ટીવલમાં ભેગાં થવાનાં છે. તું નથી ઇચ્છતી કે કોઇ કલાકાર આપણા દેશનું પ્રતિનિધિત્વ કરે? અને ખાસ કરીને ત્યારે કે જ્યારે આપણી ફિલ્મ 'ગોલ્ડ મેડલ' જીતી હોય!'

પેલી સ્ત્રીના મનમાં તરત ગોગલ્સની પાછળનો એ માણસનો ચહેરો ઝબક્યો. ઓહ માય ગોડ, કેટલી દીવાલોને શોભાવનાર, અગણિત ફિલ્મોનો 'હીરો'! આ મિનિટે એની સામે ઊભો છે? સ્ત્રીને યાદ આવ્યું કે કોલેજના દિવસોમાં એ કેવી આ 'હીરો'ના ફોટા એની રૂમમાં લગાવતી અને એના મિત્રોની કેટલી આકરી ટીકાઓનો મારો એણે સહન કરવો પડતો! એ વધારે કંઈ કહે એની પહેલાં, 'ઓકે, સીયુ અગેઇન' કહીને એ અને એની સાથે એના પરફ્યૂમની ભારી સુગંધ પણ જતી રહી.

અચાનક એ સ્ત્રીએ લાઉંજમાં ભગવા કપડામાં એક સન્યાસીને કેટલાંક લોકોની સાથે પ્રવેશતાં જોયો. પેલીને ફરી આશા બંધાઈ કારણ કે એ માણસનું નામ એણે પેસેન્જરોના લિસ્ટમાં જોયેલું. સ્વામી સદાશિવાનંદ! દેશના ખૂણેખૂણામાં એના શિષ્યો હતાં. સ્વામીજી જેવા લાઉંજમાં પ્રવેશ્યા કે પેલા જુવાને ઊંચું જોયું અને એ તરત વીજળીવેગે દોડ્યો, સ્વામીજીનાં ચરણોમાં પડીને બબડવા માંડ્યો, 'સ્વામીજી, સ્વામીજી, તમારા પ્રિય શિષ્ય અને મારા પિતા શ્રી ભાનુપ્રસાદ ઉપાધ્યાય હવે નથી રહ્યા. એ જતા રહ્યા! આપણને સૌને છોડીને જતા રહ્યા!''

સ્વામીજી અને એની આસપાસ વીંટળાયેલા લોકો અવાક્ થઇ ગયા. અણધાર્યા આંચકાની એ ક્ષણો ઓસરતાં જ સ્વામીજીએ એ છોકરાને ઓળખી લીધો ને તેની વાત સાંભળતાં સાંભળતાં જ એક સાથીને કશોક ઇશારો કર્યો. એમના સામાનનું વજન થઇ ગયું અને સામાન વિમાનની લગેજ ટ્રોલીમાં મુકાઇ ગયો. એ દરમ્યાન, સ્વામીજીની તેજ આંખોએ પરિસ્થિતિને પામી લીધી. સ્વામીજીએ પેલા જુવાનને પોતાની પાસે ખેંચ્યો, જરાક ભેટ્યા અને ખભે હાથ મૂકીને બેઉ ગેઇટ તરફ ચાલવા માંડ્યા, ત્યાં સુધી પહોંચવા સુધી એને શાંત પાડતા રહ્યા : ''દીકરા, આ જગત માયા છે, જે આ ક્ષણે જીવીત છે એ બીજી જ ક્ષણે મૃત્યુ પામી શકે છે. આપણે મનુષ્યો કેવળ નામ અને દેખાવને લીધે ભિન્ન ભિન્ન ભાસીએ છીએ, પણ આખરે તો આપણે એક જ દિવ્યબ્રહ્મમાંથી નીકળ્યાં છીએ અને એ છે 'સત્‌ચિદાનંદ'... આપણે આ પાર્થિવ શરીરની માયા ન રાખવી જોઇએ પછી ભલે એ શરીર પોતાની સગી માતાનું હોય કે પિતાનું! જ્યારે કોઇ મૃત્યુ પામે છે તો આપણે એને બાળીએ કે દફનાવીએ, મામૂલી લાકડાંમાં બળે કે ચંદનકાષ્ઠમાં, એની સ્મશાનયાત્રામાં કોણ કોણ અને કેટલા લોકો આવ્યા છે કે એ બધી વાતોનું કોઇ જ મૂલ્ય નથી. એક વાર આત્મા આ ખોળિયાને છોડીને ઉપર ઊડી જાય છે પછી તમે એને બાળો કે દાટો કે તિબેટમાં થાય છે એમ દેહના ટુકડા કરીને ફેંકી દો કે પછી પારસીઓની જેમ પશુ-પંખીને એ શરીરના ટુકડા ફોલી ખાવા માટે નાખી દો. કંઇ જ કરતાં કંઇ જ ફરક પડતો નથી! કારણકે જેને ફરક પડી શકે છે એ તો જતો રહ્યો છે. ભગવદ્‌ગીતામાં કેટલું સચોટ કહ્યું છે ને કે,

''જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજીને નવાં પહેરે છે એમ આત્મા જૂના શરીરને છોડીને નવામાં વાસ કરવા જતો રહે છે!''

સ્વામીજી અને એની આસપાસ વીંટળાયેલા લોકો અવાક્ થઇ ગયાં. અણધાર્યા આંચકાની એ ક્ષણો ઓસરતાં જ સ્વામીજીએ એ છોકરાને ઓળખી લીધો ને તેની વાત સાંભળતાં સાંભળતાં જ એક સાથીને કશોક ઇશારો કર્યો.

વિમાનનું ટેકઓફ અટક્યું હતું. આખો ગ્રાઉન્ડ સ્ટાફ ભક્તિભાવે સ્વામીજીને તાકી રહ્યો હતો. ખુદ કેપ્ટન સ્વામીજીનો ભક્ત હતો. સ્વામીજીએ પેલા જુવાનને સાંત્વન આપ્યા કર્યું, ''સૌ સારાં વાનાં થશે બેટા, પણ હું તને ખાતરી આપું છું કે હું જેવો દિલ્હી પહોંચીશ કે તરત જ પઠાણકોટ ફોન કરીને તપાસ કરીશ કે ત્યાં શું સ્થિતિ છે. મારા શિષ્યોને કહીશ કે ત્યાં ભાનુપ્રસાદની અંતિમક્રિયા બરોબર સંભાળી લે, ઓકે? તું જરાય ચિંતા ના કર અને હા, ભગવદ્‌ગીતાના આ શ્લોકનું તારા મનમાં સતત રટણ કરતો રહેજે!'' અને સ્વામીજી જતા રહ્યા. પેલી લેડી ઓફિસર અને આ છોકરો સ્વામીજીને જે કહેવા માંગતાં હતાં એ કહી જ ન શક્યાં. એમની નજર સામે વિમાન ઉપડ્યું, રન-વે તરફ પાછાં જવા માંડ્યાં. મેકેનિકો અને ફાયર એન્જિન પણ પાછાં આવી ગયાં.

જુવાન ધીમા પગલે ગાડી પાસે આવ્યો, સ્ટીયરીંગવ્હીલ પાસે બેઠો. એની માએ પૂછ્યું, 'એટલે અગ્નિસંસ્કાર વખતે આપણાંમાંથી કોઇ તારા ફાધર પાસે નહીં હોય ને?' **મ**



રોજર ડીન કૈઝર
અમેરિકાના ફ્લોરિડા સ્ટેટના એક અનાથાશ્રમમાં મોટા થયેલા અને ત્યાંના ક્રૂર વાતાવરણમાંથી ભાગી છૂટવાના અનેક પ્રયાસોના કારણે એમને ૧૨ વરસની વયે ફ્લોરિડાની પુનર્વસન શાળામાં ખસેડાયા હતા. હવે પુખ્ત થઈ ચૂકેલા રોજર કૈઝર માત્ર ૬ ચોપડી ભણેલા છે, પણ આજે ઇન્ટરનેટ પર ૧૦૦ જેટલી વેબસાઇટો ઉપર એમની વાર્તાઓ આવે છે. મહિને વાચકોના ૪૦૦-૫૦૦ ઇ-મેઇલ મેળવતા રોજર કૈઝર ૩૦૦થી વધુ વાર્તાઓ લખી ચૂક્યા છે. એમની પ્રથમ નવલકથા ‘ઓર્ફન’ની એક લાખ નકલ અત્યાર સુધીમાં વેચાઈ ગઈ છે. એમની આ વાર્તા પરથી પણ એક શોર્ટ ફિલ્મ બની છે. એ એમની રોયલ્ટીનો અમુક ભાગ અનાથાશ્રમને આપી દે છે. વધુ માહિતી માટે http://www.rogerdeankiser.com/AboutRoger.htm

**વાર્તાસંકલન અને ગુજરાતી અનુવાદઃ રાજુ પટેલ**
**raajupatel@gmail.com**

## રોજર ડીન કૈઝર/અમેરિકન વાર્તા

# એલ્વિસ પ્રિસ્લીનું બાળમૃત્યુ

હું દસ વર્ષનો હતો ત્યાં સુધી મને એ નહોતું સમજાતું કે એલ્વિસ પ્રિસ્લી નામનો ગાયક મારો બેટો આટલો વખણાય છે કેમ! એ જુવાનિયામાં એવું શું છે, જે અમારા જેવા પાસે નથી? અમને પણ ભગવાને બે પગ, બે હાથ અને એક માથું આપ્યાં છે ને કે નહીં? ખેર, એ જે કંઇ જાદુ એલ્વિસ પાસે છે એ સાચે જ કંઇક જબરું હોવું જોઇએ, એમ ને એમ કાંઇ અનાથાશ્રમની એકેએક છોકરિયું આમ એની ટચલી આંગળીએ નાચે? એક દિવસ મેં ઉપલા ધોરણમાં ભણતા દોસ્તાર યુજીન કોરેથર્સને પૂછ્યું કે ભાઇ આ એલ્વિસમાં એવા શું હીરામોતી ટાંક્યાં છે એ જરા કહીશ? એણે કહ્યું કે યાર, આ કમાલ છે, એલ્વિસના વાંકડિયા વાળની અને જે અદાથી એ લટકાં-ઝટકા કરે છે એની.

એટલામાં આશ્રમના મોટા સાહેબે અમને બધાને જમવાના હોલમાં ભેગા કરીને કહ્યું કે આજે બધાંએ જેક્સનવિલ ગામમાં જવાનું છે. ત્યાં અમને બસ્ટર કંપનીનાં નવાં જૂતાં આપવામાં આવશે, અને બધાના વાળ કપાવવાના થશે. અને સટાક! તરત જ મારા મગજમાં ચમકારો થયો. જો એલ્વિસના વાળ પાછળ દુનિયા ગાંડી થાય છે, તો આપણે બી એના જેવા જ વાળ કપાવવાના!

એટલે આખે રસ્તે મેં બધાને ઠોકી ઠોકીને આ જ વાત કર્યા કીધી કે અરે સાહેબ જોજો ને, હું તો એલ્વિસ જેવા વાળ કપાવીશ. સાથે આવેલી અમારા આશ્રમની ગૃહમાતાને સુધ્ધાં મેં કહી દીધું કે ગૃહમાતા, ગૃહમાતા, તમે જોજો, હવે હું એકદમ એલ્વિસ પ્રિસ્લી જેવો સ્માર્ટ લાગીશ, ને એની જેમ લટકાં-ઝટકાં કરતો ચાલીશ, એની જેમ જ એક દિવસ લખપતિયે થઇશ અને એની જેમ મારું પણ નામ દુનિયામાં ગાજશે.

નવાં જૂતાં મળ્યાં ને હું હરખથી રઘવાયો થઇ ગયો. દુકાનમાં બધાને મેં વટથી ચાલીને મારાં ચકચકાટ નવાં જૂતાં દેખાડ્યાં. દુકાનવાળાએ એક ખાસ એક્સ-રે મશીન બેસાડેલું. એમાં ઊભા રહો એટલે તમને તમારા પગનાં હાડકાં લીલા રંગનાં દેખાય એવી કરામત હતી. એ ચડીને મારા પગ જોવાની મને તો મઝા પડી ગઇ. બસ, હવે ક્યારે નવી સ્ટાઇલમાં વાળ કપાવું, ક્યારે આશ્રમ પહોંચુ અને ક્યારે નવાં જૂતાં પહેરીને એલ્વિસની જેમ ઝટકા ખાતો ચાલી જોઉં.

**૨**

અને આખરે અમે હેર કટિંગ સલૂનમાં પહોંચ્યા. અમે બધાં અનાથ હતાં એટલે એ લોકો અમારા વાળ મફત કપવાના હતા. હું દોડીને એક ખુરશીની ઠેસી પર બેસી ગયો. હજામે ચરચર ખુરશી ઊંચે સરકાવી અને આડીઅવળી મરડીને બરાબર ગોઠવી. મેં એને કહ્યું, મારે એલ્વિસ સ્ટાઇલના વાળ કપાવવા છે. તમને આવડે છે ને? એણે એક વેંત લાંબું સ્મિત કરતાં જવાબ આપ્યો, જોઇએ, કેવુંક ફાવે છે, ઓકે? છોટે ઉસ્તાદ!! અને એણે કાતર લઇ મારા વાળ ઝાલ્યા ત્યારે હું આકાશમાં સેલારા લેવા માંડ્યો. પણ એ શરૂ કરે ત્યાં અમારી ગૃહમાતાએ એને પાસે બોલાવ્યો. ગૃહમાતાએ



એના કાનમાં કંઈક ગુસપુસ કરી. હજામે ના પાડતો હોય એમ ડોકું ધુણાવ્યું એટલે ગૃહમાતાએ દુકાનની અંદરની ઑફિસમાં બેઠેલા બીજા એક ઠીંગણા માણસ સાથે કંઈક મસલત કરી અને એ ઠીંગણાએ ઊઠીને મારા હજામનાં કાનમાં કંઈક કહ્યું. હજામે મને કહ્યું કે એલ્વિસ સ્ટાઈલના વાળ કાપવાની એને પરમિશન નથી, અને મૂંગા મૂંગા એણે એની કાંસકીના છેડે કાતર ગોઠવી. વાળનો ચપટો ભર્યો ને હું સટસટ સટસટ મારા વાળ કપાતા જોતો રહ્યો.

હજામે વાળ કાપીને, પાવડર છાંટી મને ખુશ કરતો હોય તેમ મારા હાથમાં પાંચ રૂપિયાની નોટ મૂકી. જા, બહાર કેન્ડી મશીન છે, બિસ્કિટ પણ છે; કર જલસા. મેં એને પૈસા પાછા આપ્યા. મને ભૂખ નથી. એણે સહાનુભૂતિથી કહ્યું, સોરી છોટે ઉસ્તાદ! મારી આંખમાં આંસુ આવી ગયેલાં તે લૂછતાં ખુરશી પરથી ઊતરીને મેં કહ્યું : હું કોઈ છોટો બોટો નથી, સમજ્યા! ને જમીન પર બેસી મારાં નવાં જૂતાં પરથી વાળ સાફ કર્યા, જેથી મારા ચકચકતાં જૂતાં નવાં ને નવાં લાગે. પછી મેં ઊભા થઈને મારી ચડ્ડી ઝાટકી અને દરવાજા તરફ ગયો. ત્યાં બેઠી બેઠી ગૃહમાતા મને બગલાવતી હોય એમ ખોટેખોટું હસી રહી હતી. મારા વાળ કાપતો હતો એ માણસ એની પાસે જઈને બોલ્યો, સાલ્લી, કુલ્ટા છે, કુલ્ટા તું! જવાબમાં ગૃહમાતા બૂમાબૂમ કરતી અંદર ઠીંગણા પાસે ચાલી ગઈ. મારા હજામે દીવાલમાં જોરથી માથું પછાડ્યું અને પછી એ બહાર જઈ ભીંત પાસે ઊભો ઊભો સિગરેટ ફૂંકવા માંડ્યો.

**૩**

હું હળવે પગલે બહાર ગયો અને એની પાસે જઈને ઊભો રહ્યો. એણે માથું નીચે કરી મને જોયો, પછી નજીવું હસ્યો અને મારા માથે હાથ થપથપાવ્યો. મેં ભીની લાલ આંખેથી એની સામે જોતાં પૂછ્યું, હેં, તમને ખબર છે એલ્વિસ પ્રિસ્લીનાયે હાડકાં લીલા રંગનાં છે કે નહીં? **મ**

# આઇઝેક બોલશેવિસ સિંગર

# કેફિયત



*Singer was a prominent vegetarian for the last 35 years of his life. He felt that the ingestion of meat was a denial of all ideals and all religions: "How can we speak of right and justice if we take an innocent creature and shed its blood?" When asked if he had become a vegetarian for health reasons, he replied: I did it for the health of the chickens. Even if it comes from God--if there would come a voice from God saying, "I'm against vegetarianism!" I would say, "Well, I am for it!" This is how strongly I feel in this regard.*

***વિવિધ સ્ત્રોતમાંથી સંકલન અને ગુજરાતી રજૂઆત***
***બકુલ બક્ષી***
***મો ૯૮૨૫૫ ૦૩૮૭૮***
***bakulbakshi@ hotmail.com***

પોલેન્ડના યહુદીઓની ભાષા યિડિશ બહુ જ ઓછી જાણીતી છે પણ અને જીવંત રાખી સન્માન અપાવનારા લેખક એટલે આઇઝેક બોલશેવિસ સિંગર. માતૃભૂમિના વોરસો શહેરમાં રૂઢિચુસ્ત યહુદી પરંપરા પ્રમાણે ઉછેર થયો. પિતા અને દાદા બંને પાદરી એટલે ઘરમાં ધાર્મિક લખાણો સિવાયનું બીજું બધું જ વર્જિત. તેમ છતાં મોટા ભાઈ ઇઝારાયલે નવલકથાઓ લખી અને પિતાની નારાજગી હોવા છતાં આઇઝેકે લેખનને પોતાની મુખ્ય પ્રવૃત્તિ તરીકે અપનાવ્યું. આઇઝેકનાં લખાણોમાં પોલેન્ડની વિસરાઇ ગયેલી યહુદી સંસ્કૃતિનું પ્રતિબિંબ છે જેને એમની જ ભાષા યિડિશમાં રજૂ કર્યું છે. ૧૯૩૫માં એ પોલેન્ડ છોડી અમેરિકા સ્થાયી થયો અને ન્યૂયોર્કના એક યિડિશ સમાચાર પત્ર માટે પણ લખતો રહ્યો. અદ્‌ભુત પાત્રાલેખન એના લખાણની વિશેષતા રહી છે. પોલેન્ડના યહુદીઓના એ બંધિયાર સમાજના ચિત્રણમાં એણે રહસ્ય અને ફેન્ટસીનો ઉમેરો કરી પોતાનાં લખાણોથી એક નવી દુનિયા રચી છે. એની ખાસિયત એ છે કે આ યહુદી વાસ્તવિકતાને એણે એવી રીતે રજૂ કરી છે કે સામાન્ય વાચકને પણ રસ પડે. ૧૯૭૩માં યિડિશ ભાષાના કોઈ લેખકને, સર્વપ્રથમ અને કદાચ છેલ્લું, સાહિત્યનું નોબેલ પારિતોષિક અપાયું. ૧૯૯૧માં ૮૭ વર્ષની ઉંમરે આઇઝેક બોલશેવિસ સિંગરે એક મોટો વાચક વર્ગ ઊભો કરી દુનિયાની વિદાય લીધી.

અનેક મુલાકાતોમાં એણે પોતાની લેખન પદ્ધતિ અને સાહિત્યકારો વિશે વિચારો વ્યક્ત કર્યા છે જેમાંના અમુક આ પ્રમાણે છે –

'જેમ એક નાનું પક્ષી તણખલા ભેગા કરી માળો બાંધે છે તેવી જ રીતે હું મારા અનુભવના તણખલાં ભેગા કરી સર્જન કરું છું. મારી દૃષ્ટિએ લેખકનું પ્રથમ કર્તવ્ય છે વાચકને આનંદ આપવો. મનોરંજન પ્રાથમિક્તા જરૂર છે પણ એ અંત નથી. સાહિત્યનો ધ્યેય મનોરંજન દ્વારા કંઈક નવું શીખવવાનો છે.' અંગ્રેજીનું જ્ઞાન હોવા છતાં યિડિશમાં લખવું કેમ પસંદ કર્યું તેના જવાબમાં એ કહે છે –

'કારણ કે યિડિશ મારી માતૃભાષા છે. સફળતા કે નિષ્ફળતા માતૃભાષામાં જ મળે એવો મારો આગ્રહ હતો. જોકે મારા અંગ્રેજી અનુવાદોમાં મેં જરૂર સહયોગ આપ્યો છે. મારા લખાણમાં રહસ્ય અને પાત્રાલેખન પર એડગર એલન પો અને ટોલસ્ટોયનો પ્રભાવ સ્વીકારું છું. હું નથી માનતો કે કોઈ સંસ્થા લેખક બનવાનું શિક્ષણ આપી શકે. કારણ કે આ કોઈ એન્જિનિયરીંગની ડિગ્રી નથી. મને પોતાને સંતોષ ન થાય ત્યાં સુધી હું કંઈ છપાવતો નથી. મારાં કેટલાંય લખાણો મેં કચરાપેટીમાં નાંખી દીધાં છે. મારો પ્રથમ વાર્તા સંગ્રહ પ્રકાશકે સ્વીકાર્યા બાદ મને એની ગુણવત્તા વિશે શંકા જતાં મેં પ્રકાશન અટકાવી દીધું હતું. મારા પ્રકાશકની નારાજગી દૂર કરવા મેં નટ હેમસનના પુસ્તકનો યિડિશમાં અનુવાદ કરી આપ્યો હતો.


જે લેખનને સમજાવવું પડે એને હું સાહિત્ય નથી માનતો. આ માપદંડથી મારી દૃષ્ટિએ

જેમ્સ જોયસ નિષ્ફળ જાય છે. ટોલસ્ટોય, ચેખોવ કે મોંપાસાને સમજાવવા નથી પડતા અને માટે જ એમના સાહિત્યનું વિશ્લેષણ કરનારા વિદ્વાનો નથી. કોઈ પણ સારી વાર્તાનો ધ્યેય વાચકને જકડી રાખવાનો હોવો જોઈએ. નબળી વાર્તાનો લેખક હેતુને વધારે મહત્ત્વ આપતો હોય છે. તમે સામાન્ય વાચકને ધ્યાનમાં રાખીને લખશો તો બહોળા વાચકવર્ગ સુધી પહોંચશો. આના માટે ગુણવત્તાનું બલિદાન આપવું જરૂરી નથી પણ જે લખો તે સમજાય તેવું લખો. મારાં પાત્રો મને જીવનની ઘટનાઓમાંથી મળે છે. પાત્રો અનેક છે, લેખકે પસંદગીની નજર કેળવવી પડે છે. મોટા ભાગનું સાહિત્ય ભૂતકાળ અને યાદો પર આધારિત હોય છે. બીજા લેખકોનાં લખાણો કરતાં હું જીવનના અનુભવોમાંથી વધારે શીખ્યો છું. સામાન્ય વાતચીતમાં આપણે જેમ પોતાના અનુભવોની આપ-લે કરતા હોઈએ છીએ તેમ સાહિત્ય સર્જનને પણ હું લેખક અને વાચક વચ્ચેનો વાર્તાલાપ માનું છું. જે પ્રતિભાશાળી છે તે બીજાની નકલ નથી કરતા. ભવિષ્ય વિશે હું આશાવાદી છું – સારા અને ખરાબ બંને પ્રકારના લેખકોનું ભાવિ ઉજ્જળ છે. મને બહુ લાંબુ લખવું નથી ફાવતું માટે હું ટૂંકી વાર્તા પર વધારે ધ્યાન આપું છું. જે દુનિયા આજે નથી તેના વિશે મેં વધારે લખ્યું છે. મારા મુખ્ય પાત્રોમાં પ્રજાની વેદના અને સંઘર્ષનું ચિત્ર છે.'

નોબેલ પારિતોષિક સ્વીકારતી વખતે આપેલા વક્તવ્યમાં સિંગરે કહ્યું હતું – 'આજની પેઢી પર ધર્મની અસર ઘટતી જાય છે. સજા કે ઇનામમાં એમની શ્રધ્ધા ઓછી થઈ ગઈ છે. સામાજિક સંસ્થાઓના નેતૃત્વ કરતાં આ પેઢીને લેખકમાં વધારે વિશ્વાસ છે માટે લેખકની જવાબદારી ઘણી વધી ગઈ છે. આવી સ્થિતિમાં નીરસ લેખન અર્થહીન બની જાય છે. મને વિશ્વાસ છે કે આજની નિરાશામાંથી જ ભવિષ્યની આશાનો સંચાર થશે.'

સિંગરનું પ્રખ્યાત પુસ્તક 'જિમ્પેલ ધ ફૂલ' એક સીધા સાદા છેતરાતા માણસની વાત છે. તેનો અંગ્રેજી અનુવાદ જાણીતા અમેરિકન યહુદી લેખક સોલ બેલોએ કર્યો છે. એનાં બીજાં જાણીતાં પુસ્તકો છે 'ધ મેજિશિયન ઓફ લૂબ્લીન, શોશા, સેટન ઈન ગોરે,' વગેરે. યહુદી પ્રજાની સંઘર્ષગાથા એનાં લખાણોનો મુખ્ય વિષય છે. એક વિસરાતી જતી સંસ્કૃતિની માવજત એનો મુખ્ય ધ્યેય છે. સિંગર આ જીવનસંઘર્ષ વિશે એક યિડિશ કહેવત ટાંકે છે – ઈશ્વરે આપણને ખભો આપ્યો છે તો તેના પર ઊંચકવાનો ભાર પણ એ આપે છે. **મ**


મમતા વાર્તામાસિક



આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક

## મમતાનું વાર્ષિક લવાજમ ભારતમાં રૂ. ૨૦૦ (૧૨ અંક)

**લવાજમ સીધું બેન્કમાં ભરી શકાય છે.** "Mamata Monthly" a/c no. 20202011000306 Bank of India, Gandhinagar 382 016 IFSC BKID 0002020 **આ ફોર્મ ભરી મોકલવાનું સરનામુંઃ રીડર્સ પેરેડાઇઝ ૬ ઉત્સવ રો હાઉસ સાલ હોસ્પિટલ સામે થલતેજ, અમદાવાદ ૩૮૦ ૦૫૨**

'મમતા'નું વાર્ષિક (૧૨ અંક)નું લવાજમ રૂ. ૨૦૦/- ચેક/ડી.ડી નં. ____________ દ્વારા આ સાથે મોકલું છું / અથવા તા.__________ ના રોજ 'મમતા વાર્તામાસિક'ના ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે 'મમતા' મોકલશો.

ગ્રાહકનું નામ ____________

વ્યવસાય (સ્વૈચ્છિક) ____________


ફોન ____________ મોબાઇલ ____________

સરનામું ____________

____________


____________ પિન કોડ ____________

# ‘મમતા’ જાહેર ખબરના દર










# MAMATA

## Monthly Magazine of Gujarati Short Stories

# Advertising Tariff

| Size | Dimensions (in cms.) | 4-Colour (in Rs.) | B/W (in Rs.) |
|---|---|---|---|
| | Width x height | | |
| Full Page | 19.5 x 25.8 | 10,000 | 6,000 |
| Half Page (Horizontal) | 16.5 x 11 | 6,000 | 3,500 |
| Half Page (Vertical) | 8 x 21.8 | 6,000 | 3,500 |
| Column Ad. | 5.5 x 21.8 | - | 3,000 |
| Quarter Page | 8 x 10.5 | - | 2,000 |
| Strip Ad. | 16.5 x 5 | - | 2,000 |
| 2 Column x 5 Ad. | 11 x 5 | - | 1,500 |
| Single Column Ad. | 5.5 x 5 | - | 1,000 |
| Premium Positions | | | |
| Second Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Third Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Last Cover | 19.5 x 25.8 | 15,000 | - |

**Special Package Discount :** For 12 Issues - 30%
For 6 Issues - 25%
For 3 Issues - 20%

**For Advertising Enquiries**
**Contact: K. A. Vaidya, 084888 73909**

Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200/- (12 issues)
Vol. 1 No. 7, May 2012

GUJGUJ13769/06/1/2011-TC




## આ ચિત્ર ઉપરથી ૫૦૦ શબ્દોની છાયાછબીલી વાર્તા લખો ને એક વર્ષનું લવાજમ જીતો

Edited, Published & Printed by the Owner A. V. Thakar from 977/2 Sec 7-C, Gandhinagar 382007, India
Printing Press Allied Offset Printer (Gujarat) Pvt Ltd, 14/2 Kalidas Mill Compound, Gomtipur,
Ahmedabad 380021, India

Please Return Undelivered Mail to 'Mamata' Administrative Office
c/o Readers Paradise, 6 Utsav Row House, Opp SAL Hospital, Thaltej, Ahmedabad 380052, India
Phone 079 4007 4342